
# ખોજ

## જીવન એક અવિરત ખોજ

જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
વર્ષ ૨ અંક ૪-૫



Charles Darwin
The Origin of Species

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*

*– Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

જીવન એક અવિરત ખોજ

જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
વર્ષ ૨, અંક ૪-૫

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુક્લ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

મુખપૃષ્ઠ પરનો ફોટોગ્રાફ Darwin (A Norton Critical Edition) પુસ્તકના મુખપૃષ્ઠ પરથી સાભાર

| | | |
|---|---|---|
| સંપાદકીય | | |
| - આંતકવાદ સામેની લડાઈમાં કોઈ શોર્ટ-કટ નથી | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો | | ૭ |
| પ્રતિભાવ - ચર્ચા | રમણ પાઠક, મુકેશ એડનવાલા ડંકેશ ઓઝા | ૧૦ |
| બિનસાંપ્રદાયિકતા અને કોમવાદ | ભીખુ પારેખ | ૧૭ |
| આતંક સામે નરમાશ ન ચાલી શકે | મેઘનાદ દેસાઇ | ૧૮ |
| કાશ્મીર : કોઈની હાર આપણે ખૂંચવી | શેખર ગુપ્તા | ૨૦ |
| નાણાવટી કમિશન | મુકુલ સિન્હા | ૨૨ |
| बिहार 3 : कोसी बाढ़, प्राकृतिक से ज्यादा, मानव निर्मित आपदा है | चक्रवर्ती अशोक प्रियदर्शी | ૨૮ |
| खिचड़ी का स्वाद कड़वा हो जाता है | पूनम | ૩૨ |
| વિજ્ઞાન-અધ્યાત્મ-૭ (અ) | | |
| ચાર્લ્સ ડાર્વિન - જીવોની ઉત્ક્રાંતિ | અનિલ પટેલ | ૩૪ |
| તળિયેથી . . . . | | |
| - આતંકવાદ અને આમ મુસ્લિમ . . . | રાજેશ મિશ્રા | ૫૧ |

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

‘ખોજ’માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

# ઓછા કાયદા અને અસરકારક અમલ

## આતંકવાદ સામેની લડાઇમાં કોઇ શોર્ટ-કટ નથી

બેંગલોર, અમદાવાદ અને દિલ્હીના તાજેતરના સીરીયલ બોમ્બ ધડાકાઓના પરિણામે આતંકવાદ અને તેને નાથવામાં સરકારની નિષ્ફળતાઓનો સવાલ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. આતંકવાદીઓ એક પછી એક શહેરમાં ધડાકાઓ કરીને સરકાર સામે ખુલ્લો પડકાર ફેંકતા હોય અને અનેક નિર્દોષ લોકોના જાન લેતા હોય અને એવા સમયે દેશના ગૃહમંત્રી એની ચિંતા કરતા હોવાને બદલે પોતે ટી.વી. પર કેવા દેખાશે તેની ચિંતા કરતા દેખાય ત્યારે લોકોમાં એ સામે રોષ પેદા થાય એ સાવ સ્વાભાવિક છે. અને આ પ્રશ્નને ગંભીરતાથી લઇને એ સામે અસરકારક પગલાં ભરવાની માંગ ઊઠે એ પણ બરાબર જ છે. પરંતુ, એ માંગ જ્યારે 'પોટા' ને પાછો લાવો (કે 'ગુજકોક'ને બહાલી આપો)'ના એક જ મુદ્દા પર કેન્દ્રિત થઇ રહી છે ત્યારે એટલું કહેવું પડે કે બે ઘડી થંભી જઇને એનાં અણઇચ્છિત પરિણામ શું આવશે એ વિશે વિચાર કરી જોવા જેવો છે.

આપણે ત્યાં એક પ્રચલિત માન્યતા એ છે કે આતંકવાદ સામેની લડાઇ જીતવી હોય તો એમાં કાયદાના શાસનનું ચુસ્ત પાલન કરવાનો કે કોઇ પણ નિર્દોષ વ્યક્તિનો ભોગ નહીં લેવાનો આગ્રહ રાખવો એ કોઇ રીતે પાલવે એમ નથી. એમ કરીએ તો એમાં નિર્દોષ વ્યક્તિઓનો ભોગ લેવાવાની શક્યતા કદાચ ઘટી જાય, પરંતુ એની સાથે સાથે મોટા ભાગના આતંકવાદીઓ પણ પકડાય નહીં અને મુક્ત રહીને મન ફાવે ત્યારે આતંક ફેલાવતા રહે. જ્યારે આવો છોસ રાખ્યા વગર એની સામેની લડાઇ તેજ કરીએ તો એમાં થોડા ઘણા નિર્દોષ લોકોનો કદાચ ભોગ લેવાય, પરંતુ મોટાભાગના આતંકવાદીઓ પણ જેર થઇ જાય અથવા તો માર્યા જાય અને આમ કરશું તો જ આ દુષણ સામે જીત મેળવી શકાશે.

આ વાત આમ તો સહેલાઇથી ગળે ઊતરી જાય એવી છે. પરંતુ, શું એ સાચી છે ? હકીકત તો એ છે કે આતંકવાદ સામેની લડાઇમાં પોલીસ પરથી કાયદાના શાસનના પાલનનો કે નિર્દોષોનો ભોગ નહીં લેવાનો આગ્રહ હટાવી દેવામાં આવે તો એમાં ઘણા નિર્દોષ લોકોનો ભોગ તો લેવાય જ, પરંતુ સાથે સાથે મોટાભાગના ખરા આતંકવાદીઓ પણ છટકી જ જાય ! હા, આતંકવાદ સામે કંઇક થઇ રહ્યું છે એવો આભાસ જરૂર પેદા થાય અને એનો મિથ્યા આત્મસંતોષ લઇ શકાય.

આ વાત સમજવી થોડી અઘરી છે. પરંતુ, થોડીક ધીરજ રાખીએ તો સહેલાઇથી સમજી શકાય એમ છે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે આતંકવાદ સામેની આ લડાઇ કોઇ આદર્શ પોલીસ કે વહીવટીતંત્ર દ્વારા નહીં, પરંતુ જેમનો આપણે દરરોજ સામનો કરીએ છીએ એ વાસ્તવિક પોલીસ કે વહીવટીતંત્ર દ્વારા જ લડાવાની છે, જે મહદ્અંશે અપ્રામાણિક, ભ્રષ્ટ અને બિનકાર્યક્ષમ લોકોનું બનેલું છે. આ સ્થિતિમાં આ અધિકારીઓ ઉપર ક્યા incentives કે disincentives કામ કરે છે એ સવાલ ઘણો મહત્ત્વનો બની જાય છે. આતંકવાદ સામેની લડાઇના નામે એમને કાયદાના પાલનમાંથી મુક્તિ આપી દેવામાં આવે કે કહેવાતા આતંકવાદીઓ સામેનો કેસ પુરવાર કરવા માટેના માપદંડો હળવા કરી દેવામાં આવે ત્યારે એમના પર કામ કરતા incentives વિકૃત બની જશે. અને એને કારણે એમને ખરા આતંકવાદીઓને પકડવાની જહેમત ઉઠાવવાને બદલે સહેલાઇથી પકડાઇ જાય એવા

નિર્દોષ લોકોને પકડીને એમને આતંકવાદી ઠેરવી દેવાનું જ પ્રોત્સાહન મળશે. સોહરાબુદ્દીન એન્કાઉન્ટરની ઘટના આ વાત સ્પષ્ટ કરી આપે છે.

નવેમ્બર ૨૦૦૫માં જેને નકલી એન્કાઉન્ટરમાં ઉડાવી દેવામાં આવેલો, એ સોહરાબુદ્દીન શેખ ગુંડો હતો, ખૂની હતો, ખંડણી ઉઘરાવનાર હતો અને ઘણી રીતે ગામનો ઉતાર હતો એ વિશે તો જાણે કોઇ ખાસ શંકા નથી. પરંતુ, અત્યાર સુધીમાં હવે એ પણ સ્પષ્ટ થઇ ગયું છે કે એ કોઇ આતંકવાદી તો નહોતો જ. અને એટલે એને ઠાર કરવાની ઘટનાને કોઇ રીતે આતંકવાદ સામેની જીત તરીકે ખપાવી ન શકાય. ઘણા એમ કહે છે કે એ આતંકવાદી ભલે ન હોય, પણ ગામનો ઉતાર અને ખૂની તો હતો જ ને ? એને આ રીતે ઉડાવી દેવાયો તે સારું જ થયું ને ? પરંતુ, આમ કહેનારાઓએ આવી વાહવાહની ડીઆઇજી વણજારા કે એમના જેવા બીજા પોલીસ અધિકારીઓ ઉપર શું અસર થાય એ અંગે શાંતિથી વિચાર કરવા જેવો છે. તે એ વ્યક્તિઓ છે, જેમણે એક ગુંડાની અને બીજી બે તદ્દન નિર્દોષ વ્યક્તિઓની (કૌસર બી અને પ્રજાપતિ)ની સાવ ઠંડે કલેજે હત્યા કરેલી અને એ હત્યાને પછી આતંકવાદ સામેની જીત તરીકે ખપાવેલી. હવે જો આતંકવાદ સામેની આવી કાલ્પનિક જીતો માટે જ જો આવી વાહવાહ મળતી હોય તો, તેઓ ખરા આતંકવાદીઓને ખોળી કાઢવાની જહેમત શા માટે ઉઠાવે ? આવી જ પ્રવૃત્તિઓ ચાલુ રાખીને વાહવાહ નહીં મેળવ્યા કરે ? એ દિવસોમાં એક પછી એક જે અનેક એન્કાઉન્ટરો થયેલા તેમાં ખરેખર સાચા આતંકવાદીઓ કેટલા હતા તેનું સરવૈયું કાઢીએ તો તરત જ સ્પષ્ટ થઇ જશે કે આમ જ થાય.

એન્કાઉન્ટરની વાત નીકળી છે ત્યારે એક સ્પષ્ટતા જરૂરી છે કે જે વાંધો છે તે નકલી એન્કાઉન્ટરો સામે છે. હમણાં જામીયા નગરમાં બન્યું એમ કોઇ આતંકવાદીને પકડવા પોલીસ ગઇ હોય ત્યારે સામેથી ગોળીબાર થાય ત્યારે પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કરવો પડે અને એમાં કોઇ આતંકવાદી ઠાર થઇ જાય એવા સાચા એન્કાઉન્ટર સામે કોઇને વાંધો ન હોઇ શકે - ન હોવો જોઇએ. (જામીયા નગરના કિસ્સાને પણ નકલી એન્કાઉન્ટરમાં ખપાવવાના જે પ્રયત્નો થઇ રહ્યા છે તેને તો બાલિશ અને બિનજવાબદાર જ કહેવા પડે. ) પરંતુ એકવાર કોઇ આતંકવાદી કે અન્ય ગુનેગાર પોલીસના કબજામાં આવી જાય ત્યાર પછી એની સામે કોર્ટમાં ખટલો ચલાવવાને બદલે નકલી એન્કાઉન્ટરનો તખ્તો ગોઠવીને ઉડાવી દેવામાં આવે એ તો આતંકવાદીના કિસ્સામાં પણ કોઇ રીતે વાજબી ના ઠેરવી શકાય. અને એવા બનાવોની વાહવાહ કરવાથી સરવાળે સૌથી વધારે હાનિ તો આતંકવાદ સામેની ખરી લડાઇને જ પહોંચે છે.

કાયદામાં પુરાવાના જે નિયમો નક્કી કરવામાં આવ્યા છે, જજ અને પ્રોસીક્યુટર અલગ અલગ હોવા જોઇએ નો જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે અને દરેક આરોપીને ન્યાયિક ટ્રાયલ પછી જ સજા કરવાની જે વાત છે, તે તમામ નિર્દોષ વ્યક્તિઓને સજા થવાની શક્યતા ઘટાડી દે છે. આ ઘણું મહત્ત્વનું કાર્ય છે, જે પોતાનામાં જ અત્યંત મૂલ્યવાન છે. આની સાથે સાથે આ નિયમો પોલીસની કામગીરી ઉપર પણ જરૂરી અંકુશ રાખે છે અને એમને નિર્દોષ વ્યક્તિઓને ખોટી રીતે ફસાવી દેવાને બદલે ખરા ગુન્હેગારોને પકડીને તેમની સામેનો કેસ તૈયાર કરવાને મજબૂર કરે છે. આતંકવાદી સામેનો કેસ કોર્ટમાં સાબિત થવો જોઇએ એ આગ્રહ રાખવામાં આવે તો જ પોલીસ વિગતવાર તપાસ કરશે અને પકડાયેલ આરોપી ખરેખર આતંકવાદી છે એ પાકું કરશે. આ આગ્રહ હટાવી દેવામાં આવે અગર તો ઢીલો કરી દેવામાં આવે તો તપાસ એટલી કાચી થશે અને એમને કોઇપણ નિર્દોષ વ્યક્તિને પકડીને એને આતંકવાદી ઠેરવી દેવાનો સહેલો રસ્તો અપનાવવાને પ્રોત્સાહન મળશે. આ વાત આમ તો

દીવા જેટલી ચોખ્ખી છે. છતાં આતંકવાદને નાથવાની વાત આવે છે ત્યારે કોઇ અગમ્ય કારણસર આપણે એ સાવ સહેલાઇથી ભૂલી જઇએ છીએ.

'પોટા' કે 'ગુજકોક'ની સૌથી મોટી ખામી જ એ છે કે એમાં આતંકવાદી સામેનો કેસ કોર્ટમાં પુરવાર કરવાની જરૂરિયાત હળવી કરી નાખતી ઘણી જોગવાઇઓ છે. એમાં સૌથી નુકસાનકારક જોગવાઇ તો પોલીસ સામેની કબૂલાતને કોર્ટમાં પુરાવા તરીકે માન્ય રાખવા અંગેની છે. એનું પરિણામ એ જ આવે કે પોલીસ કોઇપણ નિર્દોષ વ્યક્તિને પકડીને એને 'થર્ડ ડીગ્રી' આપીને ગમે તે કબૂલાત કરાવી લેશે અને એને આતંકવાદી ઠેરવી દેશે અને એને આતંકવાદ સામેની જીત તરીકે ખપાવી દેશે. જ્યારે ખરા આતંકવાદીઓ તો બહાર મુક્ત રીતે ફરતા રહેશે.


આપણે ત્યાં પણ હકીકતમાં આ જ જોવા મળ્યું છે. જે પાંચ વરસ દરમિયાન દેશમાં 'પોટા' લાગુ હતો ત્યારે એનાથી આતંકવાદીઓ સામેની લડાઇમાં ખાસ કોઇ ફાયદો તો નથી જ થયો, પરંતુ એના દુરુપયોગના અનેક કિસ્સાઓ નોંધાયા છે. આથી વિપરીત, અત્યારે જ્યારે 'પોટા' કે આપણે ત્યાં 'ગુજકોક' લાગુ નથી ત્યારે પોલીસને વિગતે તપાસ કરીને ખરા આતંકવાદીઓને પકડવાની ફરજ પડી રહી છે અને એ દિશામાં ખાસ્સી પ્રગતિ થઇ રહી હોવાનું પણ દેખાઇ રહ્યું છે. આ તબક્કે જો હવે 'પોટા'ને ફરી લાગુ કરવામાં આવે તો એનાથી આ જે પ્રગતિ થઇ રહી છે તે જ રૂંધાઇ જશે ! અને ફરીથી આભાસી જીતનો દોર શરુ થશે.

તો શું એનો અર્થ એ થયો કે કશું જ કરવાની જરૂર નથી? હરગિજ નહીં. એ તો આપણે સૌ જાણીએ છીએ કે આપણે ત્યાં પોલીસ તંત્ર પાસે પૂરતાં સાધનો અને ક્ષમતા નથી. આજના આઇ.ટી.ના યુગમાં પણ દરેક પોલીસ સ્ટેશન કોમ્પ્યુટર નેટવર્કથી એકબીજા સાથે તેમજ ઇન્ટલિજન્સ એજન્સીઓ સાથે જોડાયેલાં નથી અને માહિતીનું આદન પ્રદાન જે ઝડપથી થવું જોઇએ તે થતું નથી. એથી યે વધારે ખરાબ બાબત તો એ છે કે તેઓ કાયદાનો અમલ કરવો કે રાજકારણીઓના હાથા તરીકે કામ કરવું કે પોતાનાં ખિસ્સાં ભરવાં - એ ત્રણ પરસ્પર વિરોધી દિશાઓમાં ખેંચાતા રહે છે. કોર્ટોની વાત કરીએ તો ચુકાદો આવતાં આવતાં તો વરસો અને દશકાઓ વિતી જાય છે. આ બધા પેચીદા સવાલો છે જેના ઉકેલ માટે ઘણું કરવાની જરૂર છે અને કરી શકાય એમ છે. એમાંનો એક અગત્યનો ઉકેલ મામૂલી ગુન્હાઓને લગતા અનેક બિનજરૂરી કાયદાઓ હટાવી દેવાનો છે, જેથી એનો અમલ કરાવવામાં પોલીસ અને કોર્ટોનો ખોટો સમય ન બગડે અને તેઓ પોતાનું ધ્યાન વધારે ગંભીર ગુન્હાઓ પર કેન્દ્રિત કરી શકે. અત્યારે તો આપણે ત્યાં જુદાજુદા કાયદાઓનો એટલો તો ભરાવો થઇ ગયો છે કે મોટાભાગના લોકો પળે પળે કોઇને કોઇ કાયદાનો ભંગ કરતા જ જોવા મળશે.

કાયદાનું પાલન કરતા નાગરિકો પોલીસના પક્ષે રહે એ આતંકવાદ સામેની લડાઇમાં ઘણું અગત્યનું હથિયાર છે. આમ ત્યારે જ શક્ય બને જ્યારે કાયદા ઓછા અને ન્યાયી હોય અને એનો અમલ કોઇ પણ જાતના ભેદભાવ વગર અસરકારક રીતે થતો હોય. એ ત્યારે જ શક્ય બનશે જ્યારે આપણે 'પોટા'ની આભાસી જીતની પાછળ દોડવાને બદલે સાચી જીતની માંગ કરતા થઇશું. ■

***- અંબરીષ***

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

શ્રી રાજેશ મિશ્રાએ તેમના લેખ 'એમાં શું થઇ ગયું?' ('ખોજ' અંક મે-જૂન ૨૦૦૮) માં પ્રથમ ફકરામાં સરદારના વ્યક્તિત્વનું ચિત્રણ સારું કર્યું છે.

તેમણે બૌદ્ધિકો ચૂપચાપ રહે તે બાબતે આશ્ચર્ય પ્રગટ કરેલ છે. કલેક્ટર ઝાલાવાડિયા બાદ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પરિમલ ત્રિવેદીએ પણ તે જ રીતનું અનુકરણ કર્યું છે. શરતચૂકથી ધ્યાન બહાર રહી ગયેલ હકીકત માત્ર તમારા ધ્યાન પર મૂકવા માગીએ છીએ. (આ બાબતે જુઓ મારો પત્ર 'નયા માર્ગ' તા.૧૬ જુલાઇ ૨૦૦૮ પાના નં. ૩૧)

હ્યુમેનિસ્ટ રેશનાલિસ્ટ એસોસીએશન ગોધરાના પ્રમુખ શ્રી મુકુંદભાઇ સિંધવે આ બનાવો સંબંધે જિલ્લા કલેક્ટર કચેરી, અમરેલી અને ગુજરાત યુનિવર્સિટી પાસેથી વિગત મેળવવા માહિતી અધિકાર ધારા હેઠળ અરજી પણ કરેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

*- અશ્વિન ન. કારીઆ, પાલનપુર*

મે-જૂન -૨૦૦૮ વર્ષ ૨ અંક ૩ 'ખોજ' મળતાં તૃપ્તિની અનુભૂતિ થઇ. ખોજમાંના લેખો, એની રજૂઆત અને શૈલી ખૂબ જ ગમે છે. વિચારોને પ્રેરણાનું બળ મળે છે.

તૃપ્તિ પારેખના લેખ 'આપણી મૂળભૂત સ્વતંત્રતાઓ સુરક્ષિત છે ખરી?' માં નાગરિકોની સ્વતંત્રતા પર કુઠારાઘાતનું આબેહૂબ ચિત્ર રજૂ કરેલ છે. 'હવે આપણે પૂતળું બનાવીએ' કુમાર કેતકરનો લેખ ગમ્યો. અમરનાથ યાત્રાનો ખોટો વળાંક - નો લેખ માહિતીસભર અને યાત્રિકો માટે માર્ગદર્શક બને છે.

*- રસિકલાલ એસ. વ્યાસ, ભાવનગર*

મે-જૂન-૦૮ નો 'ખોજ' અંક વાંચ્યો. માહિતીસભર સંપાદકીય. વિજયનગરના આદિવાસી આરોપીઓ માટેનું આશાનું પહેલું કિરણ વાંચ્યું. લાહિરી કમિટીએ નવા વન અધિકાર કાયદાના અમલમાં સકારાત્મક ભૂમિકા ભજવવાની જંગલખાતાને ભલામણ કરી છે, અને લોકલ ક્રાઈમ બ્રાંચને બદલે રાજ્યકક્ષાની ક્રાઈમ બ્રાંચ મારફત કરવામાં આવે એવો અનુરોધ કર્યો છે તે ખરેખર અભિનંદનને તેમજ આવકારને પાત્ર છે. આદિવાસીઓની આટલા સમયની હતાશા પછી આશાનું કિરણ દેખાયું, જોકે ન્યાય અંગેની એમની મંઝિલ હજી તો ઘણી દૂર છે. એટલે ગમ અને ખુશીનાં દર્શન થાય છે.

'રેશનાલિટીની આધુનિક વિભાવના' લેખ રસપૂર્વક વાંચ્યો. આરંભથી અંત સુધી વાંચીને વિશેષાનંદ થયો. એક સમયે ગુજરાતના રેશનાલિસ્ટોમાં બુદ્ધિનિષ્ઠ શબ્દ વ્યાપક બન્યો હતો. જયંતી પટેલને હાર્દિક ધન્યવાદ. મુખપૃષ્ઠ ગમ્યું. તમામ લેખો ખૂબ સારા જોવા મળ્યા.

*- હર્ષદભાઈ વ્યાસ, ભાવનગર*

ખોજના છેલ્લા અંક મે-જૂન, ૦૮માં આધ્યાત્મિકતા અંગે ચકાસણીની જે અપેક્ષા રાખવામાં આવે છે તે અંગે લખું છું. તે ઉપરાંત અન્ય મુદ્દાઓ પણ છે.

આધ્યાત્મિકતા એ સર્વાંશે તો આત્મલક્ષી વિષય છે. અને તેથી તે અનુભવનો વિષય છે. આથી તે વિશેષે વ્યક્તિલક્ષી બને છે. વ્યક્તિને જે અનુભવ થાય તે, તે પોતે અનુભવે છે. આ અનુભવને તે અન્ય વ્યક્તિને જેમ વસ્તુ બતાવાય તેમ બતાવી શકતો નથી. જ્યારે રેશનાલિટી વસ્તુલક્ષી હોવાને લીધે તે સર્વ કોઈને ઇન્દ્રિયોની મદદ દ્વારા બતાવી શકાય છે, સમજાવી શકાય છે. રેશનાલિટી અને આધ્યાત્મિકતા આમ પાયાની રીતે આત્મકેન્દ્રી-વસ્તુકેન્દ્રીના નાતે જુદા પડે છે. ગોળ ગળ્યો છે તે જ્યાં સુધી ચાખવામાં

ન આવે ત્યાં સુધી તેના ગળપણનો ખ્યાલ કેવી રીતે આવે ? એટલે અધ્યાત્મને માટે પણ તેનો અનુભવ જરૂરી છે, ત્યાં સુધી તે સર્વાંશે જાણી-અનુભવી ન શકાય.

અન્ય રીતે અધ્યાત્મને સમજવું હોય તો કહી શકાય કે અધ્યાત્મ એ વર્તમાનમાં જીવવાની બાબતે છે. અધ્યાત્મ એ સતત વર્તમાનને જીવવાની બાબત છે. આપણે ભવિષ્ય અને ભૂતકાળમાં જ જીવીએ છીએ. ભવિષ્યકાળ અને ભૂતકાળ આમ તો અસ્તિત્વમાં જ નથી. જો કાંઈ હોય તો તે આપણા માનસમાં છે. આપણી આશાઓ, અપેક્ષાઓ, તૃષ્ણાઓ - આ બધાને લઈને આપણે ભવિષ્યકાળ બનાવીએ છીએ અને વર્તમાનને આપણે ભૂલી જઈએ છીએ. આ ભવિષ્યકાળ જ્યારે પણ વાસ્તવિક બને છે ત્યારે તે વર્તમાનકાળમાં જ પ્રત્યક્ષ થાય છે અને પ્રત્યક્ષ બની તરત જ ભૂતકાળમાં સરી જાય છે. ભૂતકાળની સ્મૃતિઓ અને તેમાંથી નીપજતી વાસનાઓ, પૂર્વગ્રહો વગેરેને આપણે માનસમાં સંગ્રહીએ છીએ અને ભૂતકાળમાં રાચીએ છીએ. વાસ્તવિક રીતે ભૂતકાળ અને ભવિષ્યકાળ અસ્તિત્વ ધરાવતા નથી અને તેને લીધે આપણે વર્તમાનમાં જીવતા જ નથી. આધ્યાત્મિક વ્યક્તિને ભવિષ્યની આશાઓ-તૃષ્ણાઓ નથી અને ભૂતકાળનાં વળગણો પણ નથી. તેને તો વર્તમાન જ પ્રત્યક્ષ છે અને તેમાં જ તે જીવનના સાતત્યને અનુભવે છે.

આમ, મેં વર્તમાનકાળ અને અધ્યાત્મને જોડવાનો, તેની સાથે તાલમેલ બતાવવાનો પ્રયાસ કર્યો છે. આ સમજી શકાય એમ છે. તેથી કરીને ચકાસણી કરવાનો જેમને ઉત્સાહ હોય તે આમ બતાવ્યા પ્રમાણેનો પ્રયોગ-પ્રયાસ કરીને સમજવાનો, અનુભવવાનો અને ચકાસવાનો પ્રયાસ કરી શકે છે. જે કોઈ આ પ્રમાણે વર્તમાનમાં જ જીવવાનો, તેને જ અનુભવવાનો પ્રયાસ કરે તો જે અનુભવ થાય તે એકબીજાના અનુભવથી જુદો ન હોય. આમ અધ્યાત્મનો - વર્તમાનનો અનુભવ સર્વને માટે એકસરખો જ છે.

*-રસિક ર. શાહ, અમદાવાદ*

'ખોજ'ની ખોજયાત્રા સુપેરે ચાલી રહી છે. આનંદ થાય છે. અંતિમ પેજ પર રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિની પંક્તિઓ વાંચીને વિચારતા જ રહી જવાય છે. ટાગોરજી આવું સરસ લખી ગયા છે, પરંતુ વિશ્વ ક્યાં છે? એમ અનુભવાય કે વિશ્વને ધાર્યા મુજબ બદલવું સહેલું કે જાતને અનન્ય રીતે કેળવવી સહેલી? ટાગોરજીએ જણાવેલા સદ્‌ગુણો ઈચ્છા હોય તો જાતમાં કેળવી શકાય ખરા. પરંતુ વિશ્વને બદલી શકાય નહિ. કારણ કે વિશ્વ-આસપાસના વાતાવરણમાં પરિવર્તન આણવાના પ્રયત્નો દરમ્યાન કદાચ એવું બને કે ટાગોરજીએ જણાવેલા સદ્‌ગુણો આપણી જાતમાંથી આપોઆપ સ્વયંભૂ રજા લે, તેવું વર્તન આપણું થઈ શકે.

દેશમાં જ્યારે વસતી-વિસ્ફોટની સમસ્યા છે, શિક્ષણનું પ્રમાણ/સાક્ષરતા ૯૯ ટકા જેટલી નથી, ઘણા બધા લોકોને બે વાર પેટ ભરવાનાં ફાંફાં છે અને લોકોનું કોઇ ન્યૂનતમ સામાન્ય જીવનધોરણ નથી, ત્યારે લોકોમાં અનેક જાતની અસમાનતાઓને કારણે અનેક સમસ્યાઓ સર્જાવી એ સહજ ઘટના ગણી શકાય.

વળી, દેશ કે રાજ્યના બધા જ લોકોને એક ગાંઠે બાંધી રાખે અને સર્વ પ્રજા એક મન-વિચારને સમર્પિત હોય તેવી આવશ્યકતાની કદાચ ઊણપ વર્તાઇ રહી છે.

સાંપ્રતનો લેખ, અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય વિશેનો લેખ, અમરનાથ યાત્રા બાબતના વિચાર, રામસીંગ ગોલ્કી અને રાની અંગેનો લેખ, ન્યાયતંત્ર અને ન્યાયમૂર્તિ અંગેના વિચારો એ સર્વમાં જાગૃતિપ્રેરક બાબતો રજૂ થઇ છે. પરંતુ જ્યારે દેશમાં સાક્ષરતાના અભાવે ઘણા બધા લોકો કાયદો-વ્યવસ્થાના નિયમોથી અજાણ છે, ખૂબ ગરીબ છે તથા અનેક અસમાનતાઓ દેશની પ્રજામાં છે ત્યારે પ્રવર્તમાન સમસ્યાઓ કદાચ સહજ ઘટનાઓ ગણી શકાય. આદરણીય સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જે સૂચક સંદેશ દેશની પ્રજાને પાઠવ્યો છે, તે ઘણું બધું સમજાવે છે. કદાચ ચર્ચિલની આગાહીઓ સાચી પડી રહી છે!

*- કુંજન મહેતા, ભૂજ*

This issue of Khoj dazzled with articles of Kumar Ketkar, Rajesh Mishra, Rajiv Dhawan and Ashwin Karia. I feel humbled by the efforts of Archvahini and the values that guide them. Both are evident from the articles of Truptiben. The impression that I get is that your efforts weld diligence with concern within the overall framework of liberal values. I now see Khoj as an extension of that effort and am heartened by it. I don't know if other organisations in our country are doing similar work, but do hope that such efforts – the action as well as thoughts – would propagate widely.

***- Mukesh Adenwala, Ahmedabad***

આ અંક (માર્ચ-એપ્રિલ)ના સંપાદકીય લેખમાં દેશભરના આદિવાસીઓના અલગ-અલગ કિસ્સાની વાત કરીને વાચકોને વિચારોની ખોજમાં મૂકી દીધા. 'વિકાસના નામે વિનાશ' -અંબરીષભાઈના લેખ દ્વારા આપણી વચ્ચે રહેલ લોકોની ચિંતા કઇ રીતે કરવી તેના માટે વિચારતા કરી દીધેલ છે.

હમણાં દરિયાઇ કાયદામાં ફેરફાર કરવામાં આવેલ છે. CRZ બદલીને CMZ કરી દરિયા કિનારા પરથી માછીમારોની જગ્યાએ હોટલ, રિસોર્ટ, પાવર પ્રોજેક્ટ, એલ્યુમિનિયમ પ્રોજેક્ટ, ઓટોમેટિક પાવર પ્લાન્ટ જેવા મોટા રોકાણવાળા પ્લાન્ટ નાખવાની વાત થઈ રહી છે. ત્યાં સદીઓથી પોતાની આજીવિકા રળતા માછીમારો પાસેથી દરિયા કિનારો બીજાને સોંપી દેવાની ગંદી ચાલ ચાલી રહી છે.

ગુજરાતની ચૂંટણી પછીનાં પરિણામોની ઘણી સમીક્ષા કરવામાં આવી પણ તે સમીક્ષામાં બધાએ પોતપોતાના વૈચારિક મુદ્દાને ધ્યાનમાં રાખીને દલીલ આપી છે. અંબરીષભાઇનું પૃથક્કરણ સારું છે પણ કિરણ દેસાઇ દ્વારા માનવ અધિકારના મુદ્દાઓની જે વાત છે તે ઘણે અંશે સાચી છે. પણ અનિલ પટેલ દ્વારા તેના વિચારો સામે દલીલ કરવાની અને અંબરીષભાઇનું પૃથક્કરણ સાચું છે તે બતાવવાની કોશિશ છે. ત્યારે અનિલભાઇને યાદ અપાવું કે પૃથક્કરણ સાચું છે પણ માનવ અધિકાર અંગેની તેમની જે વાત છે તે પણ વિચાર માંગી લે તેવી છે. ચૂંટણીનાં પરિણામોની ચર્ચા થઇ, પણ ચૂંટણી પહેલાં અને ચૂંટણી દરમિયાન જે બન્યું તે જોવાની જરૂર છે. તે પછી સોહરાબુદ્દીનનો જનાજો લઇને કોંગ્રેસને ગાંધીનગરની ગાદીની વાત કરી. મોબાઇલમાં એસએમએસમાં પણ હિન્દુત્વ કો બચાના હૈ, મોદીકો જીતાના હૈ અને સોનિયા ગાંધીને અપશબ્દવાળા SMS. એક ધારાસભ્ય દ્વારા ચૂંટણીની છેલ્લી રાતે બધા જ બિલ્ડરોને કહ્યું કે હું હારીશ તો તમારી ગેરકાયેદસરની બધી બિલ્ડીંગ તોડી પડાવીશ. ઇન્ડસ્ટ્રીઝે ભાજપને ચૂંટણી લડવા કોંગ્રેસ કરતાં વધારે રૂપિયા આપ્યા છે.

મોદી સરકારે ઇન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહન આપેલ છે. તેમાં કોઇ ના પાડી શકે નહિ. પણ કાયદો બધા માટે સરખો છે તે ભુલાઇ ગયું છે. ફિલિપ્સ કાર્બન બ્લેક લિમિટેડ (PCBL) કંપની પર્યાવરણીય સંમતિ મેળવ્યા વિના બાંધકામ કરે છે. પર્યાવરણીય લોક સુનાવણી વખતે પ્રશ્ન ઉઠાવવામાં આવે છે ત્યારે કલેક્ટર દ્વારા જવાબ આપવામાં આવે છે કે વાયબ્રન્ટ ગુજરાતમાં છૂટ આપવામાં આવી છે. તો પછી આદિવાસીઓનાં મકાન શા માટે તોડવામાં આવી રહ્યાં છે? જો તેને સરકાર ગેરકાયદેસર ગણતી હોય તો પછી PCBL નું બાંધકામ પણ ગેરકાયદેસર છે, તેને તોડી પાડો, નહિતર આદિવાસીઓનાં મકાનને પણ વાયબ્રન્ટ ગુજરાતમાં છૂટ આપી દેવી જોઇએ. પણ સરકારને ખબર છે કે ચૂંટણી ગરીબ લોકોના મતથી જીતી શકાય છે પણ તેને આપવા માટેનાં નાણાં તો કંપની પાસેથી જ લેવાનાં હોય છે. તેથી કંપનીઓને સાચવવી જ પડે. ચૂંટણી પહેલાં એક પાવર પ્રોજેકટના શેરના ભાવ રૂા. ૩૫૦ થી શરૂ થઈ ૧૧૦૦ રૂા. સુધી પહોંચેલ. પણ ભાજપની અનિશ્ચિતતાને કારણે તે શેરના ભાવ ૪૧૭ રૂા. થઇ ગયેલ અને ચૂંટણી પરિણામ આવતાંની સાથે ફરીથી બીજે દિવસે ૧૧૦૦ રૂા. થઇ ગયેલ, જે બતાવે છે કે સરકાર ઇન્ડસ્ટ્રીઝને વધારે પડતું પ્રોત્સાહન આપી રહેલ છે. ત્યાં સુધી કે પાવર પ્રોજેક્ટની પર્યાવરણીય લોકસુનાવણી વખતે ૧૧૦૦ મેગાવોટની મંજૂરી લેવાની વાત કરવામાં આવે છે પણ અત્યારે આ પાવર પ્રોજેક્ટ હાલ ૪૬૨૦ મેગાવોટનું બાંધકામ કરી રહ્યું છે. અને દરેક સ્પેશ્યલ ઇકોનોમી ઝોન દ્વારા પર્યાવરણને જે નુકસાન થવાનું છે તે વિચારી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટે મુંદરા SEZ ને મનાઇ હુકમ આપેલ છે. પણ તેનાથી પર્યાવરણના નુકસાનની ભરપાઇ થઈ શકવાની નથી. પર્યાવરણની વાત કરતા હોઈએ ત્યારે એક વાક્ય યાદ કરવું બહુ જરૂરી છે કે પર્યાવરણ આપણને વારસામાં મળેલ નથી, આપણે આપણા બાળક પાસેથી ઉછીનું લીધેલ છે તો તેને સાચવીને પાછું આપવાનું છે. પણ આપણા દેશમાં સામ્યવાદ અને મૂડીવાદ બંને વચ્ચેની વિચારસરણી અપનાવી હતી પણ હવે આપણે તેને ભૂલીને મૂડીવાદ તરફ જઇ રહ્યા છીએ. વિકાસ જોઇએ છે, બાકી બધું ગુમાવવા માટે તૈયાર છીએ. આમ આપણે ટકાઉ વિકાસને છોડી દીધો છે અને વિનાશકારી વિકાસને પકડી લીધો છે. પર્યાવરણની અસરની વાત કરીએ તો આજે ગંગા નદી તેના ઉદ્‌ભવસ્થાનથી ૩૫૦ મીટર ઊંચે જતી રહી છે. જો આ પરિસ્થિતિમાં ફેરફાર નહિ થાય તો ૧૨ વર્ષ પછી ગંગા નદી એપ્રિલ-મે માસમાં વહેવાનું બંધ કરશે. નાસાએ રિપોર્ટમાં કહ્યું કે વિશ્વમાં સૌથી વધારે સેલીનીટીવાળો સમુદ્ર અરબી સમુદ્ર છે. જો આ પરિસ્થિતિ રહી તો જેમ પાણી બોટલમાં આવ્યું તેમ ઓક્સિજન પણ બોટલમાં આવશે. અત્યારે પણ ઓક્સિજન વેચાઇ રહ્યો છે પણ તેની રીત અલગ છે. રીસોર્ટ, ફરવાનાં સ્થળો પર જઇને માણસ તંદુરસ્ત બને છે. કારણ કે ત્યાં તેને શુદ્ધ હવા મળે છે. તેમાંથી તેમને વધુ માત્રામાં ઓક્સિજન મળે છે. આમ, આપણા ગુજરાતમાં મોદી ચૂંટણી જીતી ગયા પણ લોકોએ આ પર્યાવરણને જે નુકસાન થયેલ છે તે વિચારેલ નથી. આમ, મોદી સરકારની વિકાસની વાત સામે પર્યાવરણનું નુકસાન ઘણું વધારે છે. સામાન્ય લોકોને તો પીવાનું પાણી અને બીજી સુવિધા જરૂર મળી છે, પણ પર્યાવરણનું શું?

*- યુ.એચ.શેરસીયા, ભદ્રેશ્વર, મુંદ્રા*

'ખોજ'ના સંપાદક મંડળમાં સમાનતા-બંધુતાવાળી અર્થવ્યવસ્થા થાય એવા કાર્યમાં સીધી રીતે સંકળાયેલ અને એ વિચારધારાને આગળ લઇ જવાનું કામ કરનાર સન્નિષ્ઠ કાર્યકરો છે તેમ હું માનું છું. એટલે ''ખોજ'' એ સત્યનો આધાર લઇને જીવનની અવિરત ખોજ કરવા માટેના પ્રયત્નો કરનારાઓનું મુખપત્ર છે. આ પૃષ્ઠભૂમિકામાં ગુજરાતના રાજકારણનું ચિંતન હમણાં વધુ પડતું થવા માંડયું છે, તેમ મને લાગે છે. ભાઇ અંબરીશભાઇના ''આત્મખોજ-અંગે થોડુંક ચિંતન'' એ લેખનું

મધ્યબિંદુ જાણે-અજાણે શ્રી નરેન્દ્રભાઇ રહ્યા. તેમને કારણે ભાજપની ચૂંટણીમાં થયેલી સફળતાની આસપાસ જ આત્મખોજ થઇ. તેથી મારા જેવા સ્વાતંત્ર્યસેનાનીને આશ્ચર્ય સાથે દુઃખ થયું છે. ગુજરાતના ગરીબ વર્ગના પ્રશ્નો મારા કરતાં ભાઇ અનિલ પટેલ વધુ જાણે છે- તે પ્રશ્નો રાજકારણના હથિયારથી ઉકેલાય ખરા? આર્થિક અસમાનતા વધતી જાય છે તેમાં કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ- ઐદ્યોગિકીકરણને માટે જમીન-પૈસો બધાની છૂટ, એવી જ રીતે ગુજરાત રાજ્યની સરકારે પણ તેની આર્થિક નીતિમાં ઉદ્યોગોને ખેતીની ફળદ્રુપ જમીનો-પાણી-વીજળી બધામાં ઘણી રાહતો આપી છે, કારણ કે મૂળભૂત માન્યતા જ એ છે કે વિકાસની કૂચમાં ઉદ્યોગો જ અગ્રેસર રહેશે. ખેતી-આધારિત આર્થિક નીતિઓ એના ખરા અર્થમાં અમલમાં જ નથી આવી. દૂધ-આધારિત ખેડૂતોનું જીવન સમૃદ્ધ બન્યું છે પરંતુ તેમાં અત્યારની રાજકીય વિચારધારા કરતાં પહેલાના સમયમાં જે મૂળિયાં નંખાયેલાં છે તેનાં ફળો આવ્યાં છે. રાજ્ય સરકારની આર્થિક નીતિઓ મધ્યમવર્ગ, ઉચ્ચ મધ્યમવર્ગને મદદરૂપ થનારી છે, કારણ કે તે જ વર્ગ બોલકો છે, તે જ રાજકારણમાં સક્રિય છે, એ જ વર્ગ પાસે પ્રિન્ટ મીડીયા પરનું વર્ચસ્વ છે. મને તેનો વિરોધ નથી, પણ 'ખોજ' સાથે સંકળાયેલ લોકોનો અને અમારા જેવા કેટલાયનો આદર્શ અને કર્તવ્ય તો સૌથી નીચેનાને આર્થિક રીતે અને બૌદ્ધિક રીતે આગળ લાવવાનો છે.

ખેર, આ બધી ચર્ચા જવા દઇએ પણ 'ખોજ' મારફતે સામાજિક-આર્થિક અને એ જ દિશાના આધ્યાત્મિક પ્રશ્નોની ચર્ચા થાય તે જરૂરી છે. અમારા જેવાને તો વધુમાં વધુ એ ખૂંચે છે, ખટકે છે કે કરોડો રૂપિયા મંદિરોમાં અને ધાર્મિક મેળાવડાઓમાં ખર્ચવામાં આવે છે ત્યારે રાજ્યસરકારના મોવડીઓ ત્યાં મુખ્ય મહેમાનો તરીકે હાજર હોય છે તેઓ કેમ કહેતા નથી કે જનતાના આવા કરોડો રૂપિયા આ રીતે ખર્ચાય તેના બદલે ગામોમાં દરેક ઘરે સંડાસ થાય, દરેક ગામમાં નિશાળ થાય, અને દરેક ગામમાં બહેનોને ભણતર મળે તેમાં આવાં દાનો વપરાય તો કેવું? આપણી રાજ્ય વ્યવસ્થા ઉત્તમ ત્યારે ગણાશે કે જ્યારે ગુજરાતમાં લોકોનાં દાનો વિકાસનાં કામોમાં વપરાશે. આપણે જાણીએ છીએ કે સરકારનાં ફંડોમાંથી તો ૫૦ ટકા થી વધુ ભ્રષ્ટાચાર માં જાય છે. તેનો ઇચ્છિત લક્ષ્ય તરફ જવાનું બાકી રહે છે. 'ખોજ' આ અંગે વધુ ખોજ કરશે તો ખૂબ આનંદ થશે.

*- સૂર્યકાન્ત પરીખ, અમદાવાદ*

**પ્રતિભાવ**

# રેશનાલિઝમના ગુજરાતી પર્યાયની ખોજ

**- રમણ પાઠક 'વાચસ્પતિ'**

ગતાંક, મે-જૂન, ૨૦૦૮ના 'ખોજ'માં રેશનાલિઝમ અંગ્રેજી શબ્દના ગુજરાતી પર્યાય બાબતની ચર્ચા કરતા વિદ્વાન મિત્ર શ્રી જયંતી પટેલે મેં સૂચવેલ શબ્દ વિવેકબુદ્ધિને કેન્દ્રમાં રાખી, પ્રમાણમાં કંઇક લાંબો પ્રત્યુત્તર મને આપતાં કેટલાક મુદ્દાઓ પ્રસ્તુત કરી, ઉક્ત પર્યાયને અનુચિત ઠરાવ્યો છે. એ તો જાણે કે બરાબર! પરંતુ એ સંદર્ભે મારા અભિગમની ટીકા કરતાં, કેટલીક ગેરસમજો પણ કરી છે, જેથી હું થોડીક સ્પષ્ટતાઓ કરવા પ્રેરાઉં છું.

સર્વપ્રથમ તો મારે એ કબૂલાત ખુલ્લા દિલે કરવાની કે લખાણોમાં મારી ભાષાશૈલી થોડીક કે ઘણી ઉગ્ર તથા કઠોર (અવિનયી) હોય છે, જે મારી અનિચ્છા છતાં આવી જાય છે. પછી મને પશ્ચાત્તાપ પણ થાય છે. હું તે સુધારવાની કોશિશેય કરુ છું, અને કદાચ કંઇક સુધરી પણ છે. હું અંતરથી શ્રી જયંતીભાઇની એ વાત સ્વીકારું જ છું કે ચર્ચામાં હઠાગ્રહ, ગેરસમજ, ભૂલ જેવા શબ્દો ટાળીએ તો સારું જ, એથી ચર્ચાનું ગૌરવ (સુવાસ) અચૂક જ જળવાય. તો, મારી એવી ઉગ્રતા તથા ધૃષ્ટતા બદલ હું હૃદયપૂર્વક શ્રી જયંતી પટેલની ક્ષમા યાચું છું. જોકે શ્રી જયંતીભાઇએ પોતે મારે માટે પાછા 'આપસચ્ચાઇ', 'સત્યાગ્રહ' (કટાક્ષમાં) જેવા અશોભનીય શબ્દો વાપર્યા છે!

સાથે સાથે ચોખવટ કરું કે, વિવેકબુદ્ધિ શબ્દ શ્રી પટેલ કે અન્ય કોઇ ન સ્વીકારે તો એથી મને વ્યક્તિગત અપમાન લાગે છે એવી તેઓની ધારણા સાચી નથી, એમ નમ્રતાપૂર્વક જણાવું. પૂરી સચ્ચાઇ તથા ઇમાનપૂર્વક કહું કે, માન-અપમાન જેવી લાગણીઓથી હું દાયકાઓથી પર થઇ ગયો છું. રેશનાલિઝમ યા ઉંઝા જોડણી જેવા પ્રશ્નોની ચર્ચા પ્રસંગે, હું ઉગ્ર અને ક્વચિત્ કડવો થઇ જાઉં છું, તે પ્રસ્તુત વિચારધારા પ્રત્યેના મારા પૂરા લગાવને કારણે જ. એ જ રીતે, નાસ્તિકતા-આસ્તિકતા જેવા પ્રશ્નો પરત્વે પણ મેં ઘણું ઉગ્ર અને ઉદ્ધત લખ્યું છે. ચિંતક શ્રી ગુણવંત શાહને પૂછશો તો પ્રતીતિ થશે જ કે, તેઓનાં અનેક વિધાનો-વિચારોનો મેં અતિ કડક જવાબ આપ્યો છે. છતાં, આજ પર્યંત મને કયાંય વ્યક્તિગત અપમાન લાગ્યું હોય એવું તેઓએ વિચાર્યું નથી. વધુમાં અમે બંને આજેય પરસ્પર નિખાલસ આઇર- પ્રેમ સેવતા મિત્રો જેવા જ રહ્યા છીએ.

એવું જ અન્ય સિદ્ધ સત્ય પણ અત્રે જાહેર કરું તો, હું ક્યારેય મારી વ્યક્તિગત ટીકા કરતાં જાહેર લખાણો કે ચર્ચાનો જવાબ સુધ્ધાં આપતો નથી. તેનું કારણ પણ એ જ કે કોઇ ટીકા નિંદા મને કદી સ્પર્શતી જ નથી. મારો આ દાવો સાચો છે, એ હકીકતનો પુરાવો પણ નમ્ર ભાવે આપું જ- આપવો જ જોઇએ : એક પ્રતિષ્ઠત પાક્ષિકમાં (મને યાદ છે ત્યાં સુધી જુલાઇ ૧ ૨૦૦૮ના અંકમાં) મારી થોડીક ઠેકડીપૂર્વકની ટીકા કે નિંદા પ્રગટ થઇ છે. મેં એનો જવાબ- રદિયો આપ્યો નથી અને આપવાનો પણ નથી. વધુમાં, એ ટીકાકારના પ્રત્યે હું પહેલાં જેવી જ મૈત્રીપૂર્ણ પરિચયની લાગણી, લેશમાત્ર કડવાશ વગર ધરાવું છું. 'વિવેકપંથી' માસિકમાં પણ એકબે મહિના પૂર્વે આવું જ બનેલું. એક મિત્રે એગ્નોસ્ટિસીઝમની ચર્ચા દરમિયાન થોડુંક વિષયાંતર કરીને પણ મારી ટીકા કરી અને તેય વળી સત્યના લેશમાત્ર અંશ વગરની! આજેય અમે એવા જ ગાઢ મિત્રો છીએ. એ પછી અનેક વાર મળ્યા પણ ખરા! પ્રતિજ્ઞાપૂર્વક કહું કે અમારી વચ્ચે એક પણ કડવા શબ્દની આપલે થઇ નથી.

ભાઇ કિરણ રેશનાલિસ્ટ નાણાંવટીનો નામોલ્લેખ શ્રી જયંતીભાઇએ પણ કર્યો છે. આ મિત્ર કિરણે મારી એવી ઠેકડી ઉડાડેલી કે 'વિવેકબુદ્ધિ' શબ્દ શોધવાનો ગર્વ કે એનું ગૌરવ કોઇને લેવું જ હોય તો તે ભલે લે! (આ શબ્દશઃ અવતરણ નથી. કારણકે મૂળ લખાણ પ્રાપ્ય નથી.) ત્યારે પણ મેં જે જવાબ વાળેલો, તે રેશનાલિઝમ આંદોલનના હિતાર્થે એનો પર્યાય નક્કી કરવાના હેતુથી. વધુમાં મેં તો નમ્રતાપૂર્વક એ સત્ય પણ જાહેર કર્યું કે એ બાબતનો ગર્વ મને હોય જ કયાંથી! દોઢસો વર્ષ પૂર્વે નર્મદે એ જ શબ્દ પ્રયોજેલો પછી કિશોરલાલે પણ પ્રયોજ્યો ઇત્યાદિ. એ જ રીતે મને કોઇ નર્મદ કે ભીષ્મપિતામહ કહે છે ત્યારે હું તત્કાલ સ્પષ્ટતા કરું જ છું, જાહેરમાંય કરી જ છે કે, નર્મદ તો વીર હતો, જ્યારે હું કાયર છું . . અને ગુજરાતના આદ્ય રેશનાલિસ્ટ (પિતામહ) તો 'ઇશ્વરનો ઇન્કાર' વાળા નરસિંહભાઇ પટેલ, હું નહીં જ . . . વળી, ત્યાર બાદ, કિરણભાઇ મારે ત્યાં બારડોલી આવ્યા; મેં યથાશક્તિ સાચા આતિથ્યભાવથી સ્વાગત કર્યું જ. ત્યારે પેલી ઠેકડીનો તો અમસ્તોયે ઉલ્લેખ સુધ્ધાં નહીં! આવા તો ઘણા પ્રસંગો છે. મતલબ એ જ કે મને માઠું લાગતું જ નથી અને મારામાં અભિમાન જેવી લાગણીય નથી. હું મારી જાતને ઘણી તુચ્છ સમજું છું કારણ કે મારી નિર્બળતાઓ હું બરાબર જાણું છું અને એથી હું તીવ્ર રીતે સદાય વ્યથિત જ રહું છું. હું વિદ્વાન રેશનાલિસ્ટો તરીકે પ્રસંગોપાત્ત સર્વશ્રી ધવલ મહેતા, અનિલ પટેલ, બી.એ. પરીખ, જયંતી પટેલ જેવાં નામો ટાંકું છું (જ્યારે કોઇ આક્ષેપ કરે કે રેશનાલિસ્ટો અધૂરા ઘડા જેવા છે ત્યારે).

ગુજરાતીમાં 'વિવેક' શબ્દ જુદા જ અર્થમાં વપરાય છે, મૂળ સંસ્કૃત અર્થમાં વપરાતો જ નથી, માટે સંવહનમાં ગડબડ થાય એવી દલીલ શ્રી જયંતી પટેલે કરી છે. પરંતુ ખરેખર હકીકતમાં એવું નથી. વિવેક શબ્દ ગુજરાતીમાં અનેકાર્થી છે. આ શબ્દનો બીજો, મૂળ સંસ્કૃત અર્થ ગુજરાતીમાં પણ માન્ય થયેલો જ છે. જુઓ વિદ્યાપીઠનો જોડણીકોશ અને ભગવદ્ગોમંડળનો શબ્દકોશ. વધુમાં બંને કોશમાં 'વિવેકબુદ્ધિ' શબ્દ પણ એવા અર્થ સાથે આપેલો છે કે 'સારાસાર છૂટો પાડવાની-સમજવાની બુદ્ધિ' (જો.કો.), 'સમજુપણું, સારાસાર જ્ઞાન, વિચારદૃષ્ટિ' (ભ.ગો.મંડળ). આમ, 'વિવેક' શબ્દ આ બીજા અર્થમાં પણ ગુજરાતી શબ્દ તરીકેય સ્વીકૃત છે જ. એ જ રીતે, શંકરાચાર્ય, ભર્તૃહરિ આદિએ 'વિવેક' શબ્દ રેશનાલિટીના અર્થમાં વાપર્યો નથી એવી દલીલ શ્રી જયંતી પટેલે કરી છે. જવાબમાં નમ્રતાપૂર્વક જણાવું કે મેં એવું ક્યાંય કયારેય કહ્યું જ નથી. મારા કહેવાનો ભાવાર્થ ફક્ત એટલો જ કે રેશનાલિઝમની જે પાયાની વિભાવના છે : સત્ય-અસત્ય કે ઉચિત-અનુચિત પારખવાની મનઃશક્તિ, એ જ વિભાવના માટે અનેકોએ 'વિવેક' શબ્દ પ્રયોજ્યો છે. માટે 'રેશનાલિઝમ'નો ગુજરાતી પર્યાય વિવેકબુદ્ધિ કરી શકાય એટલું જ. કોઇને 'વિવેકબુદ્ધિ' શબ્દ ના વાપરવાનો અધિકાર ખરો કે નહીં? એવો પ્રશ્ન શ્રી જયંતીભાઇએ કર્યો છે. માનનીયશ્રી, શા માટે નહીં? બધાને જ એવો અધિકાર અને તેય પૂરેપૂરો! પરંતુ મારી ઇચ્છા એવી ખરી કે જ્યારે આપણે સૌ મળીને કોઇ એક વિચારધારા વિશે ચર્ચા-વિચારણા કરતા હોઇએ ત્યારે સર્વ કોઇ પ્રસ્તુત પાયારૂપ વિભાવના માટે કોઇ એક જ શબ્દ એકસરખો પ્રયોજે, તો એ વધુ સારું. અગાઉ પણ એક કરતાં વધુ વાર જાહેરમાં મેં આ પ્રશ્ન તથા આનુષંગિક પ્રશ્નોની ચર્ચા કરી છે, ત્યારે મેંય એમ જ સૂચવ્યું છે કે, જોઇએ તો મૂળ અંગ્રેજી શબ્દ 'રેશનાલિઝમ' રાખો ! શ્રી પટેલ સાથે જ સીધી ચર્ચા અગાઉ કરી હોય તો જ મને 'હઠાગ્રહ' શબ્દ વાપરવાનો અધિકાર - એવું કોઇ તાત્ત્વિક કારણ ખરું?

હવે લંબાણ થયું એમ લાગે છે, એટલે કેટલાક મુદ્દા કે આક્ષેપોની સ્પષ્ટતા કરવાનું માંડી વાળું કારણ કે એ બધી અંગત વાતો છે. એટલે જ્યાં મારી ભૂલ કે મારો દોષ હોય, તે માથે ચઢાવીને માફી માંગી લઉં છું. અંતમાં, ફક્ત એટલું જ કહું કે રેશનાલિઝમની માન્ય વ્યાખ્યાઓ કે અર્થ-સમજૂતીમાં કયાંય બુદ્ધિ ઇન્ટેલેકટ કે ઇન્ટેલિજન્સ શબ્દ વપરાતો નથી. સર્વત્ર તર્કવિવેક (રીઝન) પર જ ભાર મુકાયો છે. માણસની બુદ્ધિ જ એનાં તમામ અનિષ્ટો-સમસ્યાઓનું મૂળ છે. સ્પષ્ટ જ છે કે ઇતર પ્રાણીઓ બુદ્ધિહીન છે અને એથી જ કોઇ પણ પ્રાણીસમાજમાં આવાં પ્રશ્નો-અનિષ્ટો-સમસ્યા પ્રવર્તમાન નથી. માટે જો પર્યાય શોધવો જ હોય તો તે બુદ્ધિકેન્દ્રી રાખવો, એ ઉચિત ન લેખાય. પછી તો જેને જે ઠીક લાગે તે; આખરે તો શબ્દ એક રૂઢિ છે; એટલે રૂઢ થાય, એ જ શબ્દ પછી સાચો. ■

# On Rationality

**- Mukesh Adenwala**

At the outset I would like to thank Jayantibhai for his brave article in today's world and India where belief in god and rituals is increasing exponentially even in younger generation, and polarisation on the basis of caste and creed is becoming increasing dangerous across the globe. I, however, find several objections to the claims made by rationalists.

Rationalists argue that universe is an orderly and organised place working on certain principles and human intellect is sufficient to discover those principles. Hence, they claim, there is no need for any belief in supernatural. It follows naturally that the only eligible basis for human action should be rational scientific thinking and nothing else. The debate in this regard, though old, has recently gathered momentum in view of the overture of the US Government towards Creationism. [More on this debate, a symposium "Beyond Belief" organised by Science Network in October-November 2007 in California, available on its website. Further eminent views are also recorded elsewhere, for example, in July 26, 2008 issue of New Scientist. These debates raise points of inflection more fundamental than mere semantics of words like "Vivek". Notwithstanding an important point that considering Universe as orderly place disregards the existentialist and post-modern movements, I would state my objections in two sections, first recording peripheral objections, and then moving on to more central objections to rational world view.

First objection is that rationalists are yet to define their domain. Even if we believe that everyone should be rational, where and in what context should we be rational? Should our choice of music, choice of spouse, or the way we should behave with our children or elders, be based on rationality? If so, on what basis such rationality would rest? I don't think there are any established rules for that. Sure one of the pillars of rationalism is pluralism, but such pluralism, by definition, does not include beliefs that are not scientifically derived. So, how does one find basis for one's action in areas where science is yet to establish truths?

Second, to the extent that we have likes and dislikes, so far as we love and hate, and that we have biases and preferences, all of us cease to be rational. When one says that he or she likes or prefers ice-cream, that he or she ceases to be a rational person, for that liking or preference does not necessarily emanate from scientifically established truth, and has hardly anything to do with intellect. I am sure that human life will not be possible without likes and dislikes. Human life will be surely listless without love and hate.

Third, let alone wars and genocides, there is ample proof in economic arena that best of learned people, trained and established to be best of best, holding highest of public offices, purely acting on rational basis, has repeatedly and miserably failed and has led the world to precarious situations. Indeed in a rational world there would be no economic cycles – no booms and busts – no sub-prime crisis, no LTCM, no SE Asian crisis, no crises in Mexico, Russia, Argentina, Zimbabwe, no Great Depression, and so on, the list is endless. If such a learned lot is prone to become and prove to be 'instruments not of their intelligence but of their illusions', how the rationalists propose to establish rational order is beyond comprehension. There just aren't enough qualified people for it, or so it seems !!!

In a different context Bertrand Russell [Russell Bertrand, 1916, “Principles of Social Reconstruction” Routledge, 1998, pp. 11-12.] stipulates that all human activity is born either out of desire or impulse. Explaining behaviour born out of impulse he observes: “Children run and shout not because of any good which they expect to realise out of running or shouting, but because of the direct impulse to run and shout. Dogs bay the moon not because they consider that it is to their advantage to do so, but there is an impulse to bark”. He continues his argument which is more vitriolic to rationalists’ world view. He says: “Grown men like to imagine themselves more rational than children and dogs, and unconsciously conceal from themselves how great a part impulse plays in their lives.”

I now move on to more central objections:

There is an undeniable epistemological connotation in the argument for rationality that needs a closer look. All living things try to understand (not necessarily volitionally) the world around them and come up with a world view that is sufficient for sustenance and survival and can promote its chances of survival (growth and/or proliferation). As yet we don’t know how knowledge is created in humans [It has been established that we are hardwired for two things: one, construing reality in several ways, and two, trying to read minds of events and objects, even inanimate ones. In simpler terms what this means is that we interpret the world around us, and all such interpretations are equally valid at birth of the interpretation as all genetic mutations are equal at the time they occur.], individually as well as collectively. What we do know is that reason constitutes only a very small part of the knowledge that we acquire and possess. That the mankind has amassed more knowledge than any other known life form is more on account of our knowledge being cumulative rather than on account of our better intellect. We know that we do acquire knowledge through means other than use of intellect. A child learns by the age of two native language without the help of rationality, a feat that all of us find much difficult when we, the elders of 15, 35, 55 or 75, and have more developed intellectual capacity. If our knowledge is created by something that is innate – it certainly cannot be considered an act of intelligence or be termed as rational. What we do know is that our individual and collective knowledge is not result of intellectual capacity; intellect comes into play much later, if at all. Einstein has famously said: “Thought doesn’t come to me in words; I express in words my thoughts.” We don’t know what the thought is and how it occurs. In view of this, claiming rationality as the only right attitude is itself irrational !!! All our beauty pageants and every sale made on account of endorsed advertisements stand witness to the importance of role played by the reptilian brain in human cognition.

Ontology provides yet another point of inflection on the issue. What rationalists claim is that the truth can and must be established only scientifically. Bertrand Russell [most probably mentioned in his “Our Knowledge of the World Around Us” (or `outside world’), but not sure of the origin. Examples not by Russell.] identified three sources from where we get our conviction about the truth: First, something is taken as truth when we repose out faith in the person or the authority who has said it. The instances contain not only what the religious orthodoxy had said through its prophets and scriptures, but also include instances like one when I quote Russell and readers agree, or college students believing their professors, and the college professors believing some experts or their own empirical research.

Second source of truth for humans is empirical, which includes probability of the event. The statement that there will be dawn tomorrow will be universally understood to contain more truth than the statement that it will rain tomorrow. Also included in this category is what the majority believes. Though science has shown time and

again that majority can be wrong in wholesale, the behavioural economics has come up with authentic argument that there are opportunity costs involved in going against the majority, the cost that most of us at most of times would not want to incur.

Third source of truth, Russell claims, is experience. If I claim that dog can speak English and bring one dog that does speak English, one is not likely to retort by saying: 'well, I will believe you when I see sufficient number of dogs speaking English'. In admitting such an argument we are on thin ice. Should we consider hallucinations and intuitions as experiences? They are indeed sensory experiences.

Even if we discard such experiences on the margin, there remains a substantial body of experiences in the lives of all of us. It has been established that even very young infants are attracted (by evincing interest) by beautiful and symmetrical faces. Also known is the fact that our concept of beauty is more readily explained by symmetry than anything else. The extent to which the penchant for beauty (based on symmetry) is ingrained in all of us becomes evident in our multifarious inter-personal interactions, where beautiful is always necessarily more preferred, believed and followed than the common or the ugly. Same is the case with power. It is hardly a coincidence that all US presidents so far have been good looking white males. And, even as on date, US is not prepared to accept a woman as a president. Is it purely coincidence that across history, most of the poor in humanity are people with dark skin and flat nose (and short too)? Foucaldian ontological dichotomy is more than relevant here: 'Truth is the centre of power; Power is the centre of truth". Thus, at least according to Russell, truth is not established through mere scientifically oriented logical integrity. What this entails is that people when not following scientific truths are still following some eligible truths.

Without repeating two quotes of Karl Popper in last issue of Khoj, one in the beginning of article of Anilbhai and other on the inner back cover, I would like to assert that Rationality as critical attitude (there is no parallel to Gujarati word "Aalochna" in English that I know of) is something that is desirable and necessary. Scepticism has the potential to lead to flexibility in attitude, which definitely has a survival value as it modifies behaviour to more adaptive alternatives. Chances of survival increase if appropriate alternatives to established behaviour patterns can be resorted to in response to changing circumstances (once again Gujarati word "Yatha-yogya" scores over English). Abelard had said it so eloquently in twelfth century: "Through doubt we come to enquiry and through enquiry we come to knowledge".

It is, however, ironical that human actions are more readily engendered from convictions rather than doubts. Perhaps such a view prompted Joseph Campbell [J. Campbell, "The Powerof Myth" 1988; 1991 reprint from Anchor Books] to quip: 'The biggest failure of science is its failure to create a myth'. Moreover, since such a critical attitude would necessarily lead to doubts rather than convictions, the society would need a system that would protect such critical attitudes. Such a system, however, cannot be rational though it can protect and promote rationality in certain areas.

To sum up, to believe and claim that all human progress is on account of objectivity of the humans born out of their higher intellectual capacity is a lop-sided world view. I am of the opinion that subjectivity is source of all our knowledges and our truths. It is the cradle of objectivity. Rationality is nothing but subjectivity understood, identified, tagged and named.

To end, some excerpts from introductory article on rationalism in Encyclopaedia Britannica 2008 might interest readers: Rationalism has somewhat different meanings in

different fields, depending upon the kind of theory to which it is opposed. In the debate between Empiricism and Rationalism, Empiricists hold the simpler and more sweeping position, the Humean claim that all knowledge of fact stems from perception. Rationalists, on the contrary, urge that some, though not all, knowledge arises through direct apprehension by the intellect. In ethics Rationalism holds the position that reason, rather than feeling, custom, or authority, is the ultimate court of appeal in judging good and bad, right and wrong. In religion Rationalism commonly means that all of man's knowledge comes through the use of his natural faculties, without the aid of supernatural revelation. "Reason" is here used in a broader sense, referring to man's cognitive powers generally, as opposed to supernatural grace or faith—though it is also in sharp contrast to so-called existential approaches to truth. Common to all forms of speculative Rationalism is the belief that the world is a rationally ordered whole, the parts of which are linked by logical necessity and the structure of which is therefore intelligible. At the lowest level, they have all believed that the law of contradiction. "A and not-A cannot coexist" holds for the real world, which means that every truth is consistent with every other; at the highest level, they have held that all facts go beyond consistency to a positive coherence; i.e., they are so bound up with each other that none could be different without all being different. ■

# અસહિષ્ણુતાનું આ અકળાવતું આવરણ

**- ડંકેશ ઓઝા**

કુમાર કેતકર પરનો હુમલો સફળ રહ્યો હોત તો? સિત્તેર જણનું ટોળું જ્યારે ઘરના બારણાને લાતો મારતું હોય ત્યારે અંદર રહેલું કેતકર દંપતી કબૂતરની જેમ ફફડતું જ હશે કે બીજું કંઇ? મૃત્યુના મુખમાંથી પાછા ફર્યાની, જીવતાંજીવે જ પુનર્જન્મ પામ્યાની તેમની લાગણી હશે, એવું સમજાય છે. સફદર હાશમીની ઘટના પરથી ઊતરેલી 'હલ્લા બોલ' ફિલ્મમાં પણ આવું દૃશ્ય કંડારાયું છે. આ કચકડા પરનું દૃશ્ય નહોતું, ખરેખરનું હતું.

'લોકસત્તા'ના તંત્રી કુમાર કેતકરે શો ગુનો કર્યો હતો? તેમણે તંત્રીલેખમાં એ મતલબનું લખ્યું હતું કે મહારાષ્ટ્રમાં વીજળી-પાણી અને ખેડૂતોની આત્મહત્યાના મોટા પ્રશ્નો ઉકેલની પ્રતીક્ષામાં ઊભા છે ત્યારે અરબી સમુદ્રમાં રૂ. બસો ત્રણસો કરોડના ખર્ચે શિવાજી મહારાજની પ્રતિમા ખડી કરવાની શી જરૂર ? (જો કે સામાન્યપણે ન વપરાતી એવી કટાક્ષમય શૈલી આ તંત્રીલેખમાં કેમ પ્રયોજાઇ હશે?)

તંત્રીઓનું કામ જ ટિપ્પણી કરવાનું છે. તેમને તેમ કરતાં કેવી રીતે રોકી શકાય? વળી, આમાં શિવાજીની ટીકા તો છે જ નહીં. ઇંદિરાની કે આંબેડકરની પ્રતિમા હોત તો પણ આવું જ લખવાનું પ્રાપ્ત થયું હોત. સામાન્ય વાચકો તંત્રીલેખો વાંચતા થયા હોય તો તે પ્રશંસા જ નહીં, પુરસ્કારને પણ પાત્ર છે. પરંતુ અહીં તો તંત્રીને વળતો અનિચ્છનીય પુરસ્કાર મળી ગયો!

મહારાષ્ટ્ર હમણાં હમણાંથી અતિશય અસહિષ્ણુતાનું પરિચાયક થતું જાય છે. આમ તો ચારેકોરથી આવા જ સમાચાર મળે છે. પરંતુ મહારાષ્ટ્રની પરંપરા તો મહાત્મા ફૂલેની અને આંબેડકરની પણ છે. પરંતુ તેને પ્રત્યાઘાતી પરિબળોના ખોળે કદાચ વધુ ફાવતું થઇ ગયું છે. વળી આંબેડકર, શિવાજી અને સરદારને તદ્દન બિનજરૂરી રીતે એક વર્ગ કે કોમના હોવાનું ચીતરવામાં આવે છે. આ આપણી પણ રાષ્ટ્રિય પ્રતિભાઓ છે. તેમના પ્રત્યે એવું માન ન દાખવીએ કે તેઓ જો જીવતા હોત તો તેમને અપમાનજનક લાગ્યું હોત!

શિવસેના કે તેના પડેલા ફાંટા આવું બધું કરે એ તો હવે જગજાહેર છે. પરંતુ શરદ પવારના પક્ષના માણસો આ કરે તે પણ સમજાતું નથી. શિવાજીવંદનાના વિવિધ કાર્યક્રમો વિધાયક દૃષ્ટિથી પણ જરૂર યોજી શકાય (એન.સી.પી.એ જોકે પાછળથી આ વિધાયક વિરુદ્ધ શિસ્તભંગનાં પગલાં લીધાં છે).

સૌથી દુ:ખદ બાબત હોય તો કાયદો અને વ્યવસ્થાના નામે સરકારો પૂરો હિસાબ સમાજને આપતી નથી તે છે. સરકાર તંત્રીને પણ સલામતી પૂરી પાડી નથી શકતી, પછી આમ પ્રજાનું શું? વળી, ટીવી પર જે હુમલાખોરો દેખાયા છે તે છતાં આ કિસ્સામાં ત્વરિત ન્યાયિક કાર્યવાહીનાં પરિણામ પણ કેમ મેળવી શકાતાં નહીં હોય ?

(અખબારોમાં આના ફોલોઅપ વિશે જોવા મળ્યું નથી.)

ગુડ ગવર્નન્સ શબ્દ તો બહુ વપરાય છે. પરંતુ તેની નજીક ભાગ્યે જ કોઇ વ્યવહારમાં પહોંચે છે. સમાજમાં કોઇ હુલ્લડ કરીને છટકી ન જાય તેટલી સહજ અપેક્ષા નાગરિકોની હોઇ શકે છે. સરકાર તેની સોંપેલી જવાબદારીમાંથી કેવી રીતે છટકી શકે? સંવિધાનમાં કાયદો વ્યવસ્થાની જાળવણીના સોગંદનું શું?

મહારાષ્ટ્રમાં કુમાર કેતકર છે, તેમના સમર્થનમાં દેખાવો કરનારા નિર્ભીક પત્રકારો પણ છે. છતાં સમાજમાં સુલેહ-શાંતિનું વાતાવરણ જાળવવા યત્નશીલ સરકારી તંત્ર નજરે પડતું નથી. આમ કરીને આપણે આપણા પગ પર જ કુહાડો મારી રહ્યા છીએ. આની સાથોસાથ ગુજરાતની સ્થિતિ પણ નજર અંદાજ ન થઇ શકે. વિજયનગરના બાર આદિવાસી આરોપીઓ હાલ તો વડી અદાલતમાં જામીન પર છૂટ્યા છે પરંતુ ખરેખર પોલીસે અંધાધૂંધ ગોળીબાર કરીને બે વ્યક્તિઓને સ્થળ પર જ મારી નાંખેલી અને બીજા ત્રણને ગંભીર ઇજા પહોંચાડેલી તે માટે એમના પર કોઇ કેસ ન થાય એ માટે જ બનાવટી કેસ ઊભો કર્યો છે. (તાજેતરમાં પોલીસ દ્વારા આવી ઇજાના કેસમાં હાઇકોર્ટે રાજન પ્રિયદર્શી નામના વરિષ્ઠ પોલીસ અધિકારી સામેનો નીચલી કોર્ટનો ચુકાદો માન્ય રાખી રૂ. આઠ લાખની રકમ વ્યાજ સાથે અરજદારને ચૂકવવા જણાવ્યાના અખબારી અહેવાલ છે.)

આશિષ નંદી અને મેધા પાટકર સામે નાગરિકહકની જ કોઇ સ્વૈચ્છિક સંસ્થાએ સરકારની મંજૂરીથી કેસ કરેલા. મેધા પાટકરના કેસમાં સર્વોચ્ચ અદાલતે અરજદાર સંસ્થાને રૂ. પાંચ હજારનો દંડ કરેલો અને આશિષ નંદીના કેસમાં પણ પોલીસ વોરન્ટ રદ કર્યો છે. ટાઇમ્સના પત્રકારો સામે પોલીસ કમિશનર માનહાનિનો કેસ કદાચ જરૂર કરી શકે પરંતુ દેશદ્રોહનો કેસ દાખલ કરાયો છે. આ બધી ઘટનાઓ કઇ માનસિકતા સૂચવે છે? શ્રી કુમાર નામના આઇ.પી.એસ. અધિકારીને પૂરતા રંજાડવામાં આવેલા. સમૂહ માધ્યમો અને ઉચ્ચ અદાલતો જ નાગરિકોનું રક્ષણસ્થાન બની રહેશે કે શું? સમાજ અને સરકાર બન્ને સામંતશાહી અને એકાધિકારવાદી વલણો પ્રગટ કરી રહ્યાં છે તે આપણી વ્યાપક ચિંતાનો વિષય બની શકે.

લોકોમાં લોકશાહીના પાયાનાં મૂલ્યો પ્રસરાવવામાં આપણા લેખકો-ચિંતકો ઊણા ઊતર્યા હોવાના આ પુરાવા છે. હજુ વૈચારિક અગ્રવર્ગ જાગશે અને પ્રજાને સાચાં દિશાસૂચન આપતો રહેશે, એવી આશા છે.■

## આમચી મુંબઇમાં આ શું થઇ રહ્યું છે?

**- તૃપ્તિ પારેખ**

રાજ ઠાકરે અને એની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના ગુંડા કાર્યકરો વાર તહેવારે મુંબઇને જાણે બાનમાં લઇ લે છે. ઓગસ્ટમાં એણે ફરમાન છોડેલું કે મુંબઇની દરેક દુકાન, શો રૂમ પરનાં પાટિયાં મરાઠી ભાષામાં જ લખાયેલાં હોવાં જોઇએ. દુકાનદારો, મરાઠી સહિતના, ફફડતા જીવે જીવતા હતા અને છેલ્લી ઘડીએ એમને બોમ્બે હાઇકોર્ટે જીવનદાન આપ્યું. હાઇકોર્ટે અવલોકન કર્યું કે કાયદાનું શાસન જળવાવું જ જોઇએ અને કોઇપણ વ્યક્તિ રાજ્યને બાનમાં ના લઇ શકે. કોર્ટ અને રાજ્ય સરકારે મળીને એ જોખમ માંડ માંડ ટાળ્યું, ત્યાં ફરી પાછું જયા બચ્ચનની 'ઉત્તરપ્રદેશની હોવાથી હિન્દીમાં બોલીશ' એવી નિર્દોષ, છતાં ટાળી શકાય એવી ટકોરના ટાંકણે જ રાજ અને એના સાગરિતોએ મુંબઇમાં ફરી પાછી ધમાલ ચાલુ કરી દીધી. મરાઠી મતોને બટોરવા માટેની રાજની આ કૂટ રમતથી ખુદ મહારાષ્ટ્રીયનો પણ ત્રાહિમામ્ પોકારી જાય છે. જે મુંબઇએ સદીઓથી સૌને પ્રેમથી પોતાના આગોશમાં લીધા છે અને સમૃદ્ધ કર્યા છે, અને સાથે જ એ પોતે પણ સમૃદ્ધ બન્યું છે એ જ મુંબઇના આવા હાલ કરનારને રાજ્ય અને પ્રજા બોધપાઠ શીખવાડશે ખરી?

પણ, આ બધી હરકતોમાં એક અત્યંત ઘાતક બાબત જોઇએ એટલી બહાર નથી આવી. રાજ ઠાકરેએ પોલીસને કાયદો અને વ્યવસ્થા પોતાના હાથમાં લેવા ઉકસાવ્યા અને મરાઠી પાટિયાં ન હોય એવા દુકાનદારો પર ત્રાસ વરસાવતા એમની પાર્ટી એમ એન એસના કાર્યકરો સામે લાઠી લઇને તૂટી ન પડવા માટે મહારાષ્ટ્ર પોલીસને ખુલ્લો પત્ર લખ્યો, જેમાં લખ્યું કે હકીકતમાં આ આંદોલન તો સીધી યા આડકતરી રીતે એમના (પોલીસો) માટે જ હતું. એમને ખુલ્લેઆમ ઉશ્કેર્યા કે ભૈયાઓ અને થોડા વાણિયાઓ મહારાષ્ટ્ર અને મરાઠી ભાષાનું ગળું દબાવી રહ્યા છે, તો તમે એને મરવા દેશો? પોલીસ દળને આવો પત્ર લખવાની ધૃષ્ટતા કરનારને બંધારણ કે કાયદાના શાસનની શી પરવા હોય? એ તો સારું છે કે આવી વ્યક્તિઓના હાથમાં સત્તાનાં સૂત્રો નથી. એ જો હોય તો મુંબઇ અને મહારાષ્ટ્રની શી અવદશા થઇ શકે એની કલ્પના કરવી અઘરી નથી. અને એવી સ્થિતિ ઊભી ન થાય એ ત્યાંની પ્રજા- મરાઠી તેમજ બિનમરાઠી - એ જ પાકું કરવું પડે. ■

# બિનસાંપ્રદાયિકતા અને કોમવાદ

- ભીખુ પારેખ

## દેશમાં ધર્મ અને વર્ગ વચ્ચેની ભેદરેખા ભૂંસાતી જાય છે

બિનસાંપ્રદાયિકતા પરની ચર્ચામાં આપણે ઘણીવાર આપણે ભૂલી જઇએ છીએ કે એનું કોઇ એક મોડેલ નથી, જે બધા દેશો માટે સાચું હોય. એ સ્થાયી (static) હોય એ પણ જરૂરી નથી. દરેક દેશે પોતાના સંજોગોને અનુરૂપ હોય એવું મોડેલ વિકસાવવું પડે. અને સંજોગો બદલાય ત્યારે એમાં જરૂરી સુધારા કરવા જોઇએ અગર તો એ આખે આખું બદલી પણ નાખવું પડે.

આઝાદીની લડાઇ દરમિયાન આપણે ત્યાં બિનસાંપ્રદાયિકતાનાં જુદાં જુદાં ઘણાં મોડેલ ઊભરીને બહાર આવેલાં, જેમાં બે સૌથી વધુ પ્રભાવી હતાં - એક ગાંધીનું અને બીજું, નહેરુનું. ગાંધી માટે ધર્મ એ અગત્યનું નૈતિક અને રાજકીય બળ હતું અને એમાંથી ઉત્પન્ન થતી કોઇપણ સમસ્યાનો ઉકેલ પણ ધર્મમાં જ શોધવો જોઇએ એમ તેઓ માનતા. રાજ્યે ધર્મની સાથે મળીને જ કામ કરવું જોઇએ, કારણ કે ધર્મની પહોંચ એવા પ્રદેશ સુધી છે, જ્યાં રાજ્ય કદી પહોંચી ન શકે. એમના મતે ધર્મનું મુખ્ય જાહેર કામ સંવાદ અને સુસંવાદિતાને બઢાવો આપવાનું છે. નહેરુ આનાથી જુદા જ તારણ પર પહોંચેલા : ‘‘ધર્મે ભારતને વિભાજિત કર્યું છે અને તે એક દિવસ એને ખતમ કરી નાખશે.’’ એટલે રાજ્યે ધર્મ સાથે કોઇ સંબંધ રાખવો જોઇએ નહીં. જાહેર જીવનમાં એની ભૂમિકાને પ્રોત્સાહન ન આપવું જોઇએ અને પોતાના જ બળે દેશને એકસૂત્રે બાંધવો જોઈએ. એમના મતે ધર્મનિરપેક્ષ રાજ્યની નિસ્બત નાગરિકો સાથે હોવી જોઇએ, નહીં કે સમુદાયો સાથે, અને એણે સમાન નાગરિકત્વના સ્પીરીટને બઢાવો આપવો જોઇએ.

નહેરુનું મોડેલ જીતી ગયું અને પ્રભાવશાળી બન્યું. એનાં ઘણાં સારાં પરિણામો પણ આવ્યાં - એણે ધાર્મિક લાગણીઓને અંકુશમાં રાખી, લઘુમતીઓમાં વિશ્વાસ ઊભો કર્યો, દેશની એકતા જાળવી રાખી અને વૈજ્ઞાનિક અભિગમ (‘સાયન્ટીફીક ટેમ્પર’)ને પ્રોત્સાહન આપ્યું. પરંતુ, એનું અમલીકરણ ટીકાથી પર નહોતું. એક, એણે રાજ્યને સંપૂર્ણપણે ધર્મથી અલગ કરવા ધાર્યું, જે સંભવ નહોતું. બીજું, એણે લગ્ન અને વારસાને લગતા હિન્દુ કાયદાઓમાં સુધારા કર્યા, જે જરૂરી હતા, પરંતુ રાજ્યને એમ કરવાની સત્તા ક્યાંથી મળી? શું રાજ્ય અને ધર્મના વિભાજન પર આધારિત રાજ્ય આવું કરી શકે? અને ત્રીજી બાબત, નહેરુ મુસ્લિમ પર્સનલ લોને અડક્યા નહીં, જે ડહાપણભરેલું હતું. પરંતુ બધા ધર્મોની સમાનતા સાથે એ સુસંગત નહોતું. રાજકીય કારણોસર મુસ્લિમ કાયદાના સુધારાને પાછા ઠેલી શકાય, પરંતુ ક્યારેક તો એની શરૂઆત કરવી પડે ને? નહેરુ છેવટે એ કરવા ધારતા હતા, પરંતુ એમના અનુયાયીઓ એ માટેની હિંમત દાખવી શક્યા નહીં. ચોથું, દેશના વિભાજન પછી મુસ્લિમોનો વિશ્વાસ સંપાદન કરવા માટે નહેરુ શક્ય હોય એ બધું કરવા તૈયાર હતા, જે જરૂરી હતું, પરંતુ એને કારણે તેઓ લઘુમતીઓની તરફેણ કરતા હોવાની ખોટી છાપ ઊભી થઇ. આના લીધે હિન્દુઓમાં પોતાની સાંસ્કૃતિક ઓળખ છતી કરવામાં શરમ અને સંકોચની લાગણી પેદા થઇ અને ઘણા રાજ્યથી વિખૂટાપણાનો ભાવ અનુભવવા લાગ્યા. બહુમતમાં હોવા છતાં અને રાજ્ય પર નિયંત્રણ ધરાવતા હોવા છતાં તેમનામાં પોતાના જ દેશમાં પોતાનો ભોગ લેવાઇ રહ્યો હોવાની લાગણી પેદા થતી ગઇ.

નહેરુનું મોડેલ એમના અનુયાયીઓ દ્વારા કરાયેલા સુધારાઓ સાથે, એંસીના દાયકા સુધી અમલમાં રહ્યું. ત્યાર પછી એની સામે ઉગ્ર હિન્દુત્વની તીવ્ર પ્રતિક્રિયા પેદા થઇ. હિન્દુત્વના મતે હિન્દુ કે ઇન્ડિક સંસ્કૃતિ એટલે કે ભારતની ધરતી પર પાંગરેલ સંસ્કૃતિ જ ભારતનો મૂળ આધાર છે અને એ સંસ્કૃતિને અભિવ્યક્ત કરવાની અને એને સંકોરવાની રાજ્યની ફરજ છે. લઘુમતીઓ તેમનો ધર્મ પાળવાને સ્વતંત્ર છે, પરંતુ તેમણે ભારતીય સાંસ્કૃતિક ઓળખનો સ્વીકાર કરવો જોઇએ. આખરે તો તેમનાં સાંસ્કૃતિક મૂળિયાં પણ ભારતીય જ છે. અને તેમના ધર્મો પણ વિશિષ્ટ ભારતીય (હિંદુ) ઇથોસ ધરાવે છે.

હિન્દુત્વની આ વિચારધારા કેટલીક અગત્યની સૂઝ ધરાવે છે, જે સાચી છે. સાથે સાથે તે હિંદુઓમાં ઘર કરી ગયેલ અસુરક્ષાની ઊંડી ભાવનાને પણ વ્યક્ત કરે છે. પરંતુ ઘણી બાબતોમાં એ ગંભીર રીતે ક્ષતિયુક્ત પણ છે. સૌથી પહેલી વાત તો એ કે ભારતીય સંસ્કૃતિ બહુઆયામી સંસ્કૃતિ છે અને વિવિધ અસરોની નીપજ છે, જેમાંની એક અસર હિંદુ છે. બીજું, હિન્દુ ધર્મ પોતે જ બહુઆયામી છે, નહીં કે એકાંગી (monolithic). ત્રીજું, જે રીતે ભારતીય મુસ્લિમો પર ભારતીય સંસ્કૃતિની ઊંડી અસર થયેલી જોવા મળે છે, તે જ રીતે તેમણે પણ આ સંસ્કૃતિને

પ્રભાવિત કરી છે અને તેમાં વિશિષ્ટ પ્રદાનો કર્યાં છે. આમ, દરેક ભારતીય અમુક અંશે હિંદુ છે, અમુક અંશે મુસ્લિમ છે, અમુક અંશે બૌદ્ધ, ખ્રિસ્તી વગેરે છે, અને એ આ બધી તેમજ અન્ય સંસ્કૃતિઓનું મિશ્રણ છે. છેલ્લે, રાજ્ય કોઈપણ એક ધર્મ પ્રત્યે પક્ષપાતી ન બની શકે - એમ કરવાથી તે બીજા ધર્મના અનુયાયીઓને ઊતારી પાડે છે અને તેમને દ્વિતીય દરજ્જાના નાગરિક બનાવે છે. નૈતિકતાના આધારે આ સ્વીકાર્ય નથી અને એ તેમના રાજકીય અલગાવમાં પરિણમે છે.

કોંગ્રેસનું સેક્યુલારીઝમ જો સ્યુડો સેક્યુલારીઝમ હોય તો, ભાજપનું સેક્યુલારીઝમ તો સેક્યુલારીઝમ જ નથી. અને એ બેની તુલનામાં સ્યુડો સેક્યુલારીઝમને જ પસંદ કરવું પડે. સમાન નાગરિકત્વ ધારો એ જ સેક્યુલારીઝમનો એકમાત્ર માપદંડ નથી. સાચો માપદંડ તો એ જ છે કે રાજ્ય દરેક નાગરિકને સમાન આદર આપે છે કે નહીં. દરેકને સરખી રીતે આવકારે છે કે નહીં, અને દરેકની ઓળખને સમાન આદર આપે છે કે નહીં. આ કસોટીના માપદંડમાં ભાજપનો સાચા સેક્યુલર હોવાનો દાવો ટકી શકે એમ નથી. મુસ્લિમોમાં એક યુવા વર્ગ વિકસી રહ્યો છે, જે તેમનાં માતા-પિતાની કે બહોળી ભારતીય સંસ્કૃતિથી અલગાવ અનુભવે છે. તે બહારી છળ-કપટનો ભોગ બની શકે એમ છે અને ખતરનાક બળ તરીકે ઊભરી શકે એમ છે. જો આપણા પંદર કરોડ મુસ્લિમોમાંથી એક ટકા જેટલા મુસ્લિમોમાં જ આક્રોશ અને વિરોધ પેદા થાય, તો પણ પંદર લાખ જેટલા ગુસ્સે ભરાયેલાં મુસ્લિમ સ્ત્રી-પુરુષો પેદા થશે, જે આ દેશમાં કોઇ stake નહીં ધરાવતા હોય. આમ થાય ત્યારે રાજ્ય ગમે એટલો બળપ્રયોગ કરશે તો પણ એને નાથી નહીં શકાય. એટલે જ આપણે સૌ- હિંદુ અને મુસ્લિમો - જાગીએ અને આ પરિસ્થિતિ નિવારવા અંગે કશુંક કરીએ એનો સમય પાકી ગયો છે.

કોઈ પણ પ્રમુખ રાજકીય પક્ષ પાસે આ અંગે કોઇ સુસંવાદિત રણનીતિ નથી અને આપણે ધીરે ધીરે ભયાનક પાણીમાં ધકેલાઇ રહ્યા છીએ. કોંગ્રેસ અને ભાજપ બન્નેએ કાશ્મીરમાં મોટો mess પેદા કર્યો છે, જેના પ્રત્યાઘાતો આખા દેશમાં અગાઉ ક્યારેય નહીં પડ્યા હોય એ રીતે પડશે. આઝાદી પછી સૌ પ્રથમવાર આપણે ઘરેલુ આતંકવાદીઓ પેદા કરી રહ્યા છીએ, અને તાજેતરના વિશ્વસનીય અહેવાલો મુજબ એમના અનેક સ્લીપર સેલો સ્થપાઇ ચુક્યા છે. સખત બળપ્રયોગથી રાજ્ય એ સૌને કચડી નાખે એવું મધ્યમ વર્ગના, ખાસ કરીને હિન્દુ મધ્યમવર્ગના લોકો માગી રહ્યા છે અને ગરીબો, ખાસ કરીને મુસ્લિમ ગરીબો એનો ભોગ બની રહ્યા છે. વર્ગ વિભાજન અને સાંપ્રદાયિક વિભાજન વચ્ચેની ભેદરેખા ભૂંસાતી જાય છે, જે ભયાવહ બાબત છે.

સમાજ જીવનનાં તમામ ક્ષેત્રોમાં મુસ્લિમોનું integration થઇ રહ્યું છે કે નહીં એના પર નજર રાખવાની, સમસ્યાઓને ઓળખવાની અને તેને હલ કરવાના રસ્તા શોધવાની જરૂર છે. સામાજિક સમરસતા (social cohesion) માટે સંશોધન અને નીતિવિષયક રાષ્ટ્રીય સંસ્થા સ્થાપવામાં આવે તે આ દિશામાં મોડું તો મોડું પણ જરૂરી પગલું હોઇ શકે. બ્રિટન, અમેરિકા અને ફ્રાન્સની સરકારો આવી જ, અલબત્ત, ઓછી ભયાનક પરિસ્થિતિનો સામનો કરી રહી છે અને એમાં પ્રમાણમાં ઠીક ઠીક સફળ થયાં હોય એવાં શૈક્ષણિક, આર્થિક, રાજકીય અને સુરક્ષાત્મક પગલાંઓ ભરી રહી છે. સેક્યુલારીઝમના તેમના મોડેલને પણ તેઓ સતત ચકાસી રહ્યા છે. આપણે એમની પાસેથી ઘણું શીખી શકીએ એમ છીએ. પણ દુ:ખની વાત તો એ અંગે ચર્ચા કરવાનું તો દૂર રહ્યું, તેઓ શું કરી રહ્યા છે તેના સમાચાર સુધ્ધાં નથી છપાતાં. ■

*(૨૭-૮-૦૮ના ઈન્ડિયન એક્સપ્રેસમાંથી સાભાર ભાવાનુવાદ)*

## આતંક સામે નરમાશ ન ચાલી શકે

**- મેઘનાદ દેસાઇ**

આતંકવાદને નાથવામાં ભારત બહુ નબળું પડે છે. એ બાબત આજકાલમાં, છેલ્લા સપ્તાહ કે મહિનામાં નહીં, પણ છેલ્લાં ૧૦ વર્ષથી સ્પષ્ટ બની ગઇ છે. એનું કારણ કાયદો કેવો છે - પોટા (POTA) છે કે નહીં એ નથી કે એ પણ નથી કે તંત્રનું માળખું અથવા વ્યક્તિઓ કેવી છે. અલબત્ત, એક પછી એક બે અયોગ્ય ગૃહમંત્રીઓએ - અડવાણી અને હાલમાં પાટિલે પરિસ્થિતિને વણસાવી જરૂર છે.

ભારત આતંકવાદ સામે લડી શકે એમ નથી, એનું કારણ એ છે કે એ જાણતું જ નથી કે એ શાના પર હુમલો કરે છે અને શાને બચાવવાની જરૂર છે. આતંકવાદીઓ દેશના પાયા પર જ આઘાત કરે છે, પણ નેતાગણ દેશ શું છે એ બાબત પર જ અસંમત છે. આંધળા માણસો અને હાથીની જેમ દરેક જણ એક જ અંગને જુએ છે અને બાકીના બધાને અવગણે છે. સીમી (SIMI) કે બજરંગ દળ અંગેની એકાંગી (partisan) કડવાહટ હકીકતમાં તો એ અંગેની છે કે ભારતીય કોણ છે, જેને રાજ્યનું રક્ષણ આપવું જરૂરી છે.

સેક્યુલર રૂઢિવાદી (Secular Fundamentalist)ની દષ્ટિએ મુસ્લિમો કશું જ ખોટું ના કરી શકે અને કોઇપણ મુસ્લિમને કોઇ ગુનામાં

**ભારત આતંકવાદ સામે લડી શકે એમ નથી, એનું કારણ એ છે કે એ જાણતું જ નથી કે એ શાના પર હુમલો કરે છે અને શાને બચાવવાની જરૂર છે. આતંકવાદીઓ દેશના પાયા પર જ આઘાત કરે છે, પણ નેતાગણ દેશ શું છે એ બાબત પર જ અસંમત છે. આંધળા માણસો અને હાથીની જેમ દરેક જણ એક જ અંગને જુએ છે અને બાકીના બધાને અવગણે છે.**

સંડોવવામાં આવે કે એનો અર્થ એ કરવામાં આવે છે કે તંત્ર એમના તરફ નકારાત્મક પૂર્વગ્રહ ધરાવે છે. તેથી જ બન્ને યાદવો (મુલાયમસિંહ અને લાલુપ્રસાદ) તેમજ પાસવાન સીમી પરના પ્રતિબંધનો વિરોધ કરે છે. જ્યારે આતંકવાદી હુમલો થાય છે ત્યારે મીડિયા 'મુસ્લિમ' કહેવાને બદલે પોતાનો અવાજ ધીમો કરી દે છે. એ હંમેશાં 'લઘુમતી' (the minority) છે. જાણે કે ભારતમાં એ એકમાત્ર લઘુમતી હોય. આ અપરાધભાવ ભાગલા સમયથી ચાલ્યો આવ્યો છે, જેના પર કોંગ્રેસે સહી કરી હતી, પણ ત્યારથી જ જેને નકારતી આવી છે. તેથી મુસ્લિમોને રક્ષણ (patronage) મળે છે પણ સાથે જ ઉપેક્ષિત પણ રહે છે. સાચર રિપોર્ટે સાંપ્રદાયિક તેમજ બિન-સાંપ્રદાયિક બન્ને સરકારો દ્વારા કરવામાં આવેલી ઉપેક્ષાને ગુનાઈત (indict) ઠેરવે છે. મુસ્લિમોની જરૂરિયાતો અંગે કાંઇ પણ કરવાને બદલે માત્ર 'ઇફતાર' પાર્ટીઓ જ યોજાય છે.

અસરકારક આતંકવાદ-વિરોધી નીતિનું પહેલું પગલું એનો સ્વીકાર કરવાનું છે કે બધા મુસ્લિમો આતંકવાદી નથી, પરંતુ કેટલાક છે અને એમને બધા જ પક્ષો - સાંપ્રદાયિક તેમજ બિનસાંપ્રદાયિક - એ ગુનેગાર ગણીને એમને ગુનેગાર સાથે જે પ્રમાણે વર્તવામાં આવે છે એ જ પ્રમાણે વર્તવું પડે.

સેનેટાનિસ્ટ રૂઢિવાદીઓ (Sanatanist Fundamentalist) બિનહિન્દુઓના ભારતીય તરીકેના સમાન નાગરિકત્વને નકારે છે. હિન્દુઓની સહિષ્ણુતાની દુહાઇનો એમના મતે અર્થ છે બધા જ બિનહિન્દુ નાગરિકોનો ખાત્મો. ભાજપમાં પોતાના આ 'પરિવાર'ને વખોડી કાઢવાની કે છોડી દેવાની હિંમત નથી. કર્ણાટકની નવી બનેલી ભાજપ સરકારે જે શરમજનક ઉતાવળે ખ્રિસ્તીઓની વંશીય કતલ ચાલુ કરી દીધી, એ એવું કલંક છે જેની સામે 'લોહ પુરુષે' વિરોધનો ગણગણાટ સુધ્ધાં કર્યો નહીં. ભાજપ જો ખરેખર રાષ્ટ્રીય પક્ષ હોત તો બજરંગ દળ પર પ્રતિબંધ મુકાયો હોત.

અસરકારક આતંકવાદ-વિરોધી નીતિનું બીજું પગલું છે : ભાજપ ખુલ્લેઆમ સ્વીકારે કે હિંદુઓ દેશની બધી જ લઘુમતીઓને સાથે રાખીને ન્યાયપરસ્તતા સાથે જીવે અને એ પ્રમાણે પોતે ખરેખર માને પણ.

સાથે જ, દેશમાં વર્ગ-રૂઢિવાદીઓ (Class Fundamentalist) પણ છે. દેશના ઘણા જિલ્લાઓ પરના નક્સલવાદી હુમલાઓ સામે ખૂબ નબળો પ્રતિકાર કરવામાં આવે છે, કારણ કે કોંગ્રેસની અંદરના તેમજ બહારના ડાબેરીઓ, જેમાંના ઘણા બિનસાંપ્રદાયિક રૂઢિવાદીઓ પણ છે, જેઓ નક્સલવાદી હુમલાઓને વાજબી ગણે છે અને અર્ધ -જમીનદારી, અર્ધ-બુર્ઝવા, સંસ્થાનવાદી ભારતને ફગાવી દેવા માગે છે. તેઓ ઇચ્છે છે કે બુર્ઝવા લોકશાહી ન રહે, કે જેથી કરીને એમના સ્વપ્નની દુનિયા (utopia) પ્રસ્થાપિત થઇ શકે. તેથી ડાબેરીઓ જેટલા ઝનૂનથી કરાર ૧૨૩ (ન્યુક્લીયર કરાર)ને વખોડી નાખે છે, એનાથી અડધા ઝનૂનથી પણ નક્સલવાદીઓની હિંસાને વખોડતા નથી.

અસરકારક આતંકવાદ-વિરોધી નીતિનું ત્રીજું પગલું છે : ડાબેરીઓ ખુલ્લેઆમ સ્વીકારે કે ગમે એવા રંગના ઝંડા સાથે લડાતી ગોરીલા લડત અને ન્યાયિક રીતે ફરમાવાયેલાના હોય એવાં તમામ મોતના તેઓ વિરોધી છે.

ભારતે કોઇ જ બહુમતી કે લઘુમતી તરફ ડર કે કૃપા બતાવ્યા વગર 'કાયદાના શાસન' તરફની પોતાની નિષ્ઠા બતાવવી જરૂરી છે. બધા જ આતંકવાદીઓ - ઇસ્લામિક, સેનેટાનિસ્ટ કે માઓવાદી- ના ગુનાઓને કડકાઇથી હલ કરવા જરૂરી છે. ગુનેગારો કોઇપણ ધર્મ, વિસ્તાર, જાતિ કે ઉંમરના હોય, તે તમામ પર કાયદેસરનું કામ ચાલવવું જોઇએ. આતંકવાદી હુમલાઓ સામે કઇ બાબતને રક્ષવાની છે એની સર્વપક્ષીય સહમતી સધાવી જરૂરી છે.

પણ સાથે જ, અધિકારો - આતંકવાદીઓ સહિતના - અંગે નાજુક જાગૃતિ હોવી પણ જરૂરી છે. પોલીસ જવાબોમાં તથા મીડિયાની પ્રસિદ્ધિઓમાં ગુનાનું અનુમાન (presumption of guilt) ખૂબ મોટા પ્રમાણમાં હોય છે. કોઇ મુસ્લિમ છે કે હિંદુ છે એ ધ્યાન પર લઇને કોઇ એક પક્ષ એણે ગુનો કર્યો હોવાનું જ નકારી કાઢે અને તરત જ બીજો પક્ષ પહેલો પથ્થર ફેંકવાનું ચાલુ કરી દે. શંકાસ્પદ આરોપીઓને નાર્કો જેવા પરીક્ષણ દ્વારા 'ડ્રગ' આપવાનું ભારતમાં જ ચાલે, જે ખરેખર તો વ્યક્તિના મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે. આતંકવાદનાં ૪૦ વર્ષો પછી પણ બ્રિટનમાં જો સંસદની અંદર કે બહાર માનવ-અધિકારો અંગેની જાગૃતિ હોય તો ભારતમાં પણ એ હોવી જ જોઇએ. ■

*(૨૧ -૯- ૨૦૦૮ ના 'સન્ડે એક્સપ્રેસ' માંથી સાભાર ભાવાનુવાદ)*

# કાશ્મીર : કોઇની હાર આપણે ખૂંચવી

**- શેખર ગુપ્તા**

હારના જડબામાંથી જીત ખૂંચવી લાવતા લોકો અંગે આપણે સાંભળ્યું છે. જીતના જડબામાંથી હારને ખેંચી લાવતા લોકો અંગે પણ આપણે સાંભળ્યું છે. એ તો આપણા ભારતીય રમતવીરોની સામાન્ય ખાસિયત છે. પણ કોઈની હાર બીજું કોઇ ખૂંચવી જાય એવું તમે જોયું છે ખરું?

આવું જ આબેહૂબ થયું છે, જમ્મુ-કાશ્મીર કટોકટી અંગે વડાપ્રધાને બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં. આપણા રાજકીય આગેવાનો, ખાસ કરીને કોંગ્રેસ અને ભાજપના આગેવાનોએ ભેગા મળીને કોઇ જ ત્રુટી વગર એ હારને ખૂંચવી લીધી છે, જે હકીકતમાં પાકિસ્તાનની અને કાશ્મીરનાં ભાગલાવાદી તત્ત્વોની હતી. એમની હાર અનિવાર્ય જણાતી હતી, અને હુરિયત અને એમના પાકિસ્તાની દોરી સંચારકોએ એ સ્વીકારી પણ લીધી હોય એમ લાગતું હતું, અને ત્યારે જ આપણે સ્વ-નાશની માની ન શકાય એવી દોડમાં પોતાના જ ગોલ કરવા શરૂ કરી દીધા! વહીવટ અને સ્પર્ધાત્મક રાજકારણના આપણા આખા ઈતિહાસમાં આવી મૂર્ખામીનો જોટો જડે એમ નથી. આખો રાજકીય વર્ગ અલબત્ત એ જાણે છે કે આપણે બહુ મોટી ગરબડ કરી છે, એવી ગરબડ કે ભારતીયોની આગામી પેઢીઓ આ દોષદર્શી (cynical)અને બિનકાર્યક્ષમ એવા મૂર્ખાઓની જમાતને કદાચ ક્યારેય માફ નહીં કરી શકે, જેમણે બે દાયકાની મહેનત અને હજારો-લાખોના જાનોની કુરબાની પછી કાશ્મીરમાં મેળવેલી સફળતા પર પાણી ફેરવી દીધું છે.

જ્યારે તમે જમ્મુ અને કાશ્મીરની ખીણમાં રસ્તાઓ પરના વિઘટનકારીઓની શક્તિ અને તોફાનોનાં દૃશ્યો ટીવી પર જુઓ છો ત્યારે યાદ કરો કે હજી મહિના જ પહેલાં ત્યાંની પરિસ્થિતિ કેટલી અદ્‌ભુત હતી. મીલીટન્સી પર લગભગ પૂરો રોક આવી ગયો હતો, કાશ્મીર ઘાટી પર્યટકોથી ધમધમતી હતી, હુરિયત ઢીલું પડી ગયું હતું અને સાથે જ એના ભાગલાવાદી આગેવાન સઈદ અલી ગિલાની પાકિસ્તાનને પોતાનું ધ્યેય છોડી દેવા માટે ભાંડતા હતા. અને આપણે સૌ ઓક્ટોબર ચૂંટણીની વાટ દેખતા હતા અને છેલ્લી ચૂંટણીમાં થયેલા ૪૩ ટકા મતદાનથી પણ વધુ લોકો મતદાન માટે ઊતરી આવશે એવી અપેક્ષા રાખતા હતા. કાશ્મીર ખીણમાં તેમજ દુનિયાભરમાં આ ચૂંટણી કાશ્મીરમાં યોજાયેલી બધી જ ચૂંટણીઓમાંની સૌથી વધુ નિષ્પક્ષ ચૂંટણી ગણાઇ હતી. ભારતની એ બહુ મોટી ઉપલબ્ધિ હતી. એના લીધે ભારતનો કેસ બહુ મજબૂત બનેલો. પાકિસ્તાનના વધતા જતા મધ્યમમાર્ગી વાસ્તવવાદીઓને ભારત સાથે સમાધાનની તરફેણ કરવાનો તર્ક પૂરો પડેલો, અને આપણા પોતાના કાશ્મીરીઓને આત્મસન્માન અને સ્વ-નિર્ણાયકની ભાવનાનો અહેસાસ થયો.

એટલે જ એ અત્યંત આઘાતજનક છે કે આવી મોટી સિદ્ધિ માટે સૌથી વધુ જવાબદાર એવા પક્ષે જ ઓક્ટોબરની ચૂંટણી આવવામાં છે ત્યારે, એને નષ્ટ કરવામાં આટલો અગ્રીમ ભાગ ભજવ્યો. અમરનાથ પ્રશ્ને એમણે કરેલી દલીલોમાં જે કાંઇ તથ્ય હોય, કે આ કટોકટીને નાથવામાં સરકારની ગમે એટલી કચાશ રહી હોય, પણ ભાજપ તર્કયુક્ત રાજકારણની સીમા વટાવી જાય એટલી ઝડપથી અને નિરાશાભર્યા દુ:સાહસથી વર્ત્યું છે. આખો દેશ જાણે છે કે દેશના રાજકારણે તાજેતરમાં બદલેલી કરવટથી એ ગુસ્સે છે, હૃદયભંગ, છે. ઉપેક્ષિત અને નિરાશ છે. પણ રાજકીય વિચારોના આ ઘોર શૂન્યાવકાશમાં આવું કરવાનું ! કાશ્મીરના મુદ્દે હિન્દુ લાગણીને ભડકાવવાની ! આવા પ્રકારના સીનીસીઝમની એ પક્ષ પાસે લગીરે ય અપેક્ષા નહીં રાખી હોય, જેની ઉપલી હરોળની આગેવાની લગભગ એની એ જ છે, જેમણે વાજપાઇની નેતાગીરી નીચે આ રાજ્યમાં સારું પરિવર્તન લાવવામાં ભાગ લીધો હતો. એનડીએ સરકારનાં છેલ્લાં ત્રણ વર્ષોની ખરી ઉપલબ્ધિ જ એ હતી કે એણે કાશ્મીરની સમસ્યાને ભારતની જ સમસ્યા તરીકે જોઇ હતી. એણે કાશ્મીર અંગેની પોતાની જ ફિલોસોફી અને નીતિઓને બિનકોમી તો બનાવી જ હતી, પણ સાથે જ એણે ધીમે પણ સભાનપણે પોતાનાં સ્થાનિક રાજકીય હિતોનું પણ બલિદાન દીધેલું. વાજપાઇની નેતાગીરી હેઠળ એણે બધા જ કાશ્મીરીઓને વિશ્વાસ

જતાવ્યો હતો કે તેઓ એમના ધર્મ કે બળવાને ભુલાવીને અને વિઘટનકારી ભૂતકાળ હોવા છતાં, એમની જોડે અન્ય ભારતીય તરીકે સમાન વ્યવહાર કરવા તૈયાર હતા. છેલ્લાં ચાર અઠવાડિયાંમાં ભાજપે પોતાનું બધું જ કર્યું-કારવ્યું ધૂળમાં મેળવી દીધું.

કર્ણાટકની જીત પછી ભાજપના નેતાઓ કહેતા હતા કે હવે વારો જમ્મુનો કિલ્લો કબજે કરવાનો છે. રાજ્યસ્તરે એણે એમને સત્તા નહીં આપી હોય, પણ પ્રતીકાત્મક રૂપે એણે એવી છાપ ઊભી કરી હોય કે પક્ષ હવે હિન્દી (હિન્દુ) heart-landમાં પોતાનો જાદુ પાછો મેળવી રહ્યો હતો. એની સામે તમે કોઇ તર્ક ના કરી શકો. કદાચ અનુભવી પુખ્ત આગેવાનો તરફની આપણી અપેક્ષાઓમાં આપણે કદાચ વધારે પડતા આશાવાદી હોઇએ, તેમ છતાં એવું તો કોઇએ કલ્પ્યું પણ નહીં હોય કે તેઓ આ બ્રેક વગરના, હલેસા વગરના, નીચે સરતા જતા અમરનાથ બેન્ડવેગન પર કૂદી પડશે, અને એ પણ આટલા આનંદ અને તત્પરતા સાથે ! આવા કિસ્સાઓમાં ઘણું ખરું બને છે એમ, 'અણધાર્યાં પરિણામો'નો નિયમ (law of unintended consequences) મેકીયાવેલીઓ કે કૌટિલ્યોની ગણતરીઓને પણ ઊંધી પાડી દે છે. આ કિસ્સામાં અણધાર્યું પરિણામ આવ્યું - જમ્મુ કે અમરનાથ સંઘર્ષ સમિતિ સાવ જ નવા જ સત્તા કેન્દ્ર તરીકે ઊભરી.

કાશ્મીર ઘાટીના બે મુખ્ય રાજકીય પક્ષોનું નસીબ પણ ખાસ જુદું નથી. બન્નેએ આ અચાનક ઊભી થયેલી સમસ્યાને સુલઝાવવામાં બૌદ્ધિક અક્ષમતા જ બતાવી છે. તેઓ હાંસિયામાં ધકેલાઇ ગયા છે, અને વિઘટનકારી તત્ત્વોના હાથમાં શેરી-સત્તા પાછી આવી ગઇ છે. અને આવી પરિસ્થિતિમાં હંમેશા બીજા કરતાં કોઇ એક વધુ જવાબદાર છે, એમ કહેવું સહેલું નથી હોતું. મુફતીના પીડીપીએ આ પ્રશ્નને જે રીતે રમાડ્યો છે એમાં એ મૂરખ જ સાબિત થયું છે. ઇન્ડિયન એક્સપ્રેસમાં પ્રગટ થયેલા દસ્તાવેજો (અમરનાથ શ્રાઇન બોર્ડને જંગલની જમીન આપવા અંગેનું મેમોરેન્ડમ અને પત્રવ્યવહાર જેવાં) એ બતાવી આપ્યું છે કે પીડીપીના જ મંત્રી આ ૧૦૦ એકર જેટલી જમીનને ઉનાળા દરમિયાનના હંગામી આવાસો ઊભા કરવા માટે વાપરવાના નિર્ણયમાં ભાગીદાર હતા. પણ, પવન ફરતાં જ શઠ બદલ્યું અને આને 'મુદ્દો' બનાવીને સરકારને ઊથલાવી પાડવાની તક ઝડપી લીધી. એમની આ ગુનાઇત ટૂંકી દૃષ્ટિની કિંમત તેમણે ચૂકવવી પડશે.

અને આ આખા પ્રશ્નને સુલઝાવવાની કેન્દ્ર સરકારની અણઘડતા અને એના સૂચિતાર્થ રૂપે કોંગ્રેસના દોષનું શું ? સ્વમાં રાચતા ગવર્નરથી દોરાતી મંડળી શ્રીનગરનું રાજભવન ચલાવતી હતી એ હકીકતથી ગૃહ મંત્રાલય કાંઇ અજાણ નહોતું. ત્યાં શું ચાલી રહ્યું છે એના પર નજર રાખવામાં અને એણે કરેલા નુકસાનને અટકાવવામાં નિષ્ફળ જવું એ ભયંકર અને અક્ષમ્ય બાબત છે. ગવર્નરની ઓફિસની મંડળીએ એનાં રાજકીય પરિણામોની ચિંતા કર્યા વગર કે પછી ખરેખર તેઓ શું કરી રહ્યા છે એ જાણતા હોવાથી ઓપરેશન અમરનાથ કર્યું. પણ કાશ્મીરના ગવર્નર એટલે કોણ? એ શું સત્તાની ટોચ પરના મુશરફ હતા, જે પોતે ધારે એ કરી શકે એમ હતા? હવે કોંગ્રેસ અને યુપીએ સરકારના નેતાઓ શાંતિ અને દૈવી દર્શનની દુઃખદ વાર્તાઓ હવે તમારા કાનમાં ગણગણે છે. પણ એ તો અમરનાથ પૂર્વે પણ જાણીતી વાતો હતી. તો પછી હજુ જ્યારે સમય હતો ત્યારે જ ગૃહ મંત્રાલયે ગવર્નર અને એમના અધિકારીઓને શા માટે ખસેડી ના દીધા ? કે પછી ગૃહ મંત્રાલય પોતે પણ પોતાના દૈવી દર્શનથી અભિભૂત હતું ?

ગમે તેના પર દોષનો ટોપલો ઢોળવાથી યુપીએ સરકારનો દોષ ઓછો નથી થઈ જતો. કેન્દ્ર સરકાર કાં તો ઊંઘતી હતી કે દિવાસ્વપ્નો જોતી હતી. હવે એ 'રાજકીય રીતે પ્રતિકૂલ' અને 'આધ્યાત્મિક રીતે પ્રેરિત' (motivated) એવા રાજભવનને દોષિત ઠેરવે છે. પણ આ કોઇ નવી વાત નહોતી. એની પાસે આ સમસ્યાને સુલઝાવવા માટે સાડા ચાર વરસ હતાં. પણ એ ક્યારે? જ્યારે એને ખબર હોય કે કાંઈક સમસ્યા છે; અને એ ખબર રાખવા માટે એણે જાગતા રહેવાની જરૂર હતી. એ તો ત્યારે પણ આત્મતુષ્ટિમાં રાચતી રહેલી, જ્યારે ગવર્નરે જતાં જતાં પણ આવનાર ગવર્નરને એક યા બીજા બહાના હેઠળ આઘા રાખ્યા, અને તે ગાળામાં જ પરિસ્થિતિ અત્યંત સ્ફોટક બની ગઈ. કાશ્મીરની પરિસ્થિતિ પર કાબૂ અને દેખરેખ રાખવી એ ગૃહ મંત્રાલયની સૌથી વધુ અગત્યની જવાબદારી છે. ચેતવણીઓ નહોતી મળી એમ નથી. સૌથી વધુ ચોંકાવનારી ચેતવણી હતી, ગયા વર્ષે જ પવિત્ર લિંગને કૃત્રિમ રીતે બર્ફીલું બનાવવાની કોશિશોની. આંતરિક સલામતી અને રાજકીય વહીવટ અંગેની યુપીએ સરકારની અમાપ અણઘડતા અને ભાજપની આત્મઘાતી દોષદર્શિતા-સીનીસીઝમની વચ્ચે ચૂંટણી આવી રહી છે ત્યારે જ કાશ્મીરની રમત સાવ પલટાઇ ગઇ છે. કોઇ બીજાની હારને આપણે સૌએ ભેગા મળીને ખૂંચવી લીધી છે, એનો જ આ દાખલો છે. ■

*(ઇન્ડિયન એક્સપ્રેસ ૯ ઓગસ્ટ ૨૦૦૮ માંથી સાભાર ભાવાનુવાદ)*

# નાણાવટી કમિશન અને ગોધરાની આગ

## *એ પૂર્વઆયોજિત આતંકવાદી કાવતરું હતું એ તારણ પર પહોંચવા માટે કમિશન પાસે કોઇ પુરાવા છે ખરા ?*

*- મુકુલ સિન્હા*

૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા બનાવના દિવસે જ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કોઇપણ જાતની તપાસની રાહ જોયા વગર જ જાહેર કરી દીધેલું કે આ ૫૯ કારસેવકોનાં મોત એ કોઇ કોમી ઘર્ષણના પરિણામે નથી થયાં, પરંતુ પૂર્વઆયોજિત આતંકવાદી ષડયંત્રના પરિણામે થયાં છે.

બનાવનાં ૬ વર્ષ, ૭ મહિના પછી, અનેક સાક્ષીઓ તથા દસ્તાવેજો તપાસ્યા પછી જસ્ટિસ નાણાવટી પંચ પણ એ જ ''પૂર્વઆયોજિત આતંકવાદી ષડયંત્ર'' ના તારણ પર પહોંચે છે.

શું આ તારણ પર પહોંચવા માટે તપાસપંચ પાસે જરૂરી પુરાવા / તથ્યો હતાં ?

સૌપ્રથમ તો એ સમજી લેવું જોઇએ કે ''પૂર્વ આયોજિત ષડયંત્ર ''ના તારણ પર પહોંચવા માટે તપાસ પંચે તેની પાસે ઉપલબ્ધ પુરાવાઓમાંથી કમસેકમ નીચેની બાબતો સિદ્ધ કરવી પડે :

૧. ગોધરામાં એવી વ્યક્તિઓ હતી, જેમણે ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ પહેલાં, એટલે કે કમસેકમ ૨૬ ફેબ્રુઆરીએ ભેગા મળીને ૨૭ ફેબ્રુઆરીએ સાબરમતી એક્સપ્રેસના S6 (એસ ૬) ડબ્બાને સળગાવી દેવાનું કાવતરું ઘડેલું અને એને અંજામ આપેલો.

૨. ૨૬ ફેબ્રુઆરીએ આ કાવતરું ઘડાયું ત્યારે તે એમ માનીને જ ઘડાયું હોઇ શકે કે સાબરમતી એક્સપ્રેસ સમયસર ચાલી રહી હતી, અને તે ગોધરા સ્ટેશન મળસ્કે ૨.૫૫ વાગ્યે આવશે.

૩. ૨૬ ફેબ્રુઆરી કે ત્યાર પહેલાં કાવતરાખોરો પાસે એ માહિતી પણ હતી કે કારસેવકો તે દિવસની સાબરમતી એક્સપ્રેસમાં અયોધ્યાથી પાછા ફરી રહ્યા હતા અને ખાસ કરીને S6 ડબ્બામાં જ મોટી સંખ્યામાં હતા.

૪. S6 ડબ્બાને ક્યાં સળગાવવો એ પણ પહેલેથી જ નક્કી કરાયું હોય અને એ રીતે ગાડીને ક્યાં રોકવી એ પણ પહેલેથી નક્કી કરાયું હોય અને એ પણ ગાડી સમયસર ચાલી રહી છે એમ માનીને.

૫. ચોક્કસ વ્યક્તિઓને સાબરમતી એક્સપ્રેસને પૂર્વનિર્ધારિત જગ્યાએ રોકી પાડવાનું કામ પહેલેથી સોંપાયું હોય.

૬. ડબ્બાને સળગાવવા માટે જરૂરી ઇંધણ (પેટ્રોલ) પહેલેથી જ ભેગું કરીને કોઇ વાહનમાં સંઘરી રખાયું હોય, જેથી નિર્ધારિત સ્થળે તાત્કાલિક લાવી શકાય.

૭. ડબ્બાને સળગાવવાનું કામ કોઇ ચોક્કસ વ્યક્તિઓને પહેલેથી સોંપાયું હોય.

પૂર્વ આયોજિત ષડયંત્રના તારણ પર પહોંચવા માટે આ ન્યૂનતમ જરૂરિયાતો છે. હવે, કમિશન પાસે જે તથ્યો અને હકીકતો આવેલ એ ખરેખર શું દર્શાવે છે તે જોઇએ.

૧. ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ગોધરા સ્ટેશન પર એના નિર્ધારિત સમય ૨.૫૫ કલાકથી આશરે ૫ કલાક મોડી, એટલે કે સવારે ૭.૪૩ કલાકે પહોંચેલી.

૨. જો ટ્રેઇન સમયસર આવી હોત, તો ત્યારે S6 ડબ્બાને સળગાવવાની મૂળ યોજના, જો કોઇ હોય, તો તે શું હતી તે

જાણવાનો કમિશને પ્રયત્ન સુધ્ધાં નથી કર્યો. જે શોધાયું છે તે એટલું જ કે આ બનાવને લગતા પોલીસ કેસના એક આરોપીને ૨૬ ફેબ્રુઆરીની રાત્રે ૧૧ વાગ્યે સાબરમતી એક્સપ્રેસ મોડી ચાલી રહી હોવાની ખબર પડેલી અને એટલે એણે ત્યાર પછી બીજા બધાને રાત્રે ઊંઘી જઇને સવારે એમને ગેસ્ટહાઉસ પર ભેગા થવાનું જણાવેલું. આમ, કમિશને મૂળ યોજના શું હતી એ વિશે કોઇ જ પ્રકાશ નથી ફેંકયો અને ટ્રેઇન મોડી પડવાથી એમાં શું ફેરફાર કરાયા, એ વિશે શું ચર્ચા થઇ એ અંગે પણ કોઇ પ્રકાશ નથી ફેંક્યો. હકીકતમાં ટ્રેઇન મોડી ચાલી રહી છે એની ખબર પડ્યા પછી કહેવાતા કાવતરાખોરો ભેગા થઇને પોતાની મૂળ યોજનામાં કોઇ ફેરફાર કર્યો હોવાનો પણ કોઇ જ પુરાવો કમિશન પાસે ઉપલબ્ધ નહોતો, સિવાય કે બધાને ઊંઘી જવાનું કહેવામાં આવ્યું.

૩. કમિશન પોતે જ એ તારણ પર પહોંચે છે કે ગોધરા સ્ટેશને ગાડી ઊભી હતી ત્યારે કેટલાક પેસેન્જર કારસેવકો અને કેટલાક મુસ્લિમ ફેરિયાઓ વચ્ચે ઝઘડો થયેલ (પેરા ૬૬). ત્યાર પછી પેરા ૬૭ અને ૬૮ માં કમિશન કોઇ અગમ્ય કારણસર એ વાત સ્વીકારવાનો ઇન્કાર કરે છે કે એક મુસ્લિમ છોકરી સોફિયાબાનુનું અપહરણ કરવાનો પ્રયત્ન પણ થયેલો. આમ કરતી વખતે તે એ વાતને પણ સંપૂર્ણપણે અવગણે છે કે એ છોકરીએ પોતે જ કમિશન સમક્ષ પોતાનું નિવેદન આપેલું અને જસ્ટિસ નાણાવટીએ પોતે એની તપાસ કરેલી, જેમાં એણે સાતત્યપૂર્વક (કોઇપણ જાતના અંતરવિરોધ વિના) આ જ વાત દોહરાવેલી. આમ છતાં કમિશન આ વાત સ્વીકારતું નથી, એ પણ કોઇપણ જાતના વિશ્વસનીય કારણ વગર. સોફિયાબાનુએ પોતે જ પોતાના નિવેદનમાં કહ્યું હતું કે તેને ખેંચીને ટ્રેઇનમાં લઇ જવાનો પ્રયત્ન જ કરવામાં આવેલો અને એણે બૂમાબૂમ કરી મૂકતાં એને છોડી દેવામાં આવેલી, ત્યાર પછી એ અને એની મા ત્યાંથી દૂર જતાં રહેલાં. (સોફિયાબાનુની વાત કેમ માની શકાય એમ નથી એનું કારણ આપતાં કમિશન કહે છે કે, સોફિયા બાનુ એના નિવેદનમાં એમ જણાવે છે કે મેમુ ટ્રેઇનમાં ગોધરાથી વડોદરા જવા માટે એ એની મા સાથે સ્ટેશન પર આવી હતી અને ખરેખર જો એમ હોય તો સાબરમતી એકસપ્રેસમાં જ મુસાફરી કરવાનું એણે પસંદ ના કર્યું હોત, જે ઝડપથી વડોદરા પહોંચાડે, અને મેમુમાં શા માટે આવે? જસ્ટિસ નાણાવટીને એક્સપ્રેસ અને મેમુ ટ્રેઇનમાં મુસાફરી કરવાના ભાડાના તફાવત વિશે અને એ કારણે ઘણા ગરીબ લોકો એક્સપ્રેસ ટ્રેઇનને બદલે મેમુમાં મુસાફરી કરવાનું પસંદ કરે છે એ હકીકતની ખબર સુધ્ધાં હોય એમ લાગતું નથી.)

૪. ગોધરા સ્ટેશન તેમજ 'એ' કેબિન પાસે મોટું ટોળું ભેગું થઇ જવાનું અને તેમના દ્વારા કરાયેલ કહેવાતો પથ્થરમારો કમિશનના મુખ્ય તારણમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. કમિશનના મતે આ પથ્થરમારો S6 ડબ્બાના પેસેન્જરોને બહાર આવતા રોકવાના કાવતરાના ભાગરૂપે કરાયેલો. અહીં સવાલ એ પેદા થાય છે કે જો આ ટોળું અને એના દ્વારા કરવામાં આવેલો પથ્થરમારો મૂળ કાવતરાનો ઘણો જ અગત્યનો ભાગ હોય તો ટ્રેઇન જો મળસ્કે ૩ વાગ્યે સમયસર આવી હોત તો આ ટોળું કઇ રીતે ભેગું થયું હોત ? આ અત્યંત અગત્યની બાબતે કમિશનનો અહેવાલ સંપૂર્ણપણે ચૂપ છે.

૫. બીજો સૌથી અગત્યનો સવાલ એ છે કે કોઇ યોજના બનાવવામાં આવેલી એમ ધારી લઇએ તો પણ S6 કોચને સળગાવવા માટે કયાં અને કેવી રીતે રોકી પાડવાનું નક્કી થયેલું? એ હકીકત તો પ્રસ્થાપિત છે કે ટ્રેઇન બે ઠેકાણે રોકાઇ. પહેલી વાર સ્ટેશન પરથી ઊપડી કે તરત જ ઘણા ડબ્બાઓમાંથી સાંકળ ખેંચીને એને રોકવામાં આવેલી અને પછી બીજી વાર 'એ' કેબિન પાસે પણ એ રોકાઇ.

૬. આ સંદર્ભમાં શ્રી પચુરામ વર્મા (ટ્રેઇનના ગાર્ડ) અને શ્રીમતી મીનાક્ષી દેવી (કારસેવિકા)એ આપેલી જુબાનીઓ ખૂબ સ્પષ્ટ છે, જે કમિશનના રેકર્ડ પર છે. એમણે ટ્રેઇન શરૂ થઇ ગયા પછી માથે કેસરી પટ્ટીઓવાળા કારસેવકોને ટ્રેઇન તરફ દોડતા જોયેલા અને પહેલી વાર જે સાંકળ ખેંચાયેલી તે તેમને લેવા માટે જ ખેંચવામાં આવેલી. અહેવાલના પેરા ૭૩ માં કમિશન આ પુરાવાને ફગાવી દે છે. અને કોઇપણ જાતના પુરાવા વિના એ તારણ પર પહોંચે છે કે રહી ગયેલા પેસેન્જરોને લેવા માટે સાંકળ નહોતી ખેંચાઇ. આમ કરવામાં કમિશને ટ્રેઇનના ગાર્ડ અને કારસેવિકાએ આપેલ પુરાવાઓને તો અવગણ્યા જ, પરંતુ એથી યે વધુ અચંબાની વાત એ છે કે આ કેસના સૌથી પહેલા તપાસ અધિકારી, શ્રી કે. સી. બાવાના તારણને પણ અવગણ્યું છે, જે કમિશનના એકઝીબીટ ૫૬/૦૮ થી છે. શ્રી બાવાએ તેમની ઊલટતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ કે શ્રી વર્માએ એમને જણાવેલું કે ટ્રેઇન રોકાયા પછી માથે કેસરી પટ્ટી પહેરેલા કેટલાક લોકો દોડીને ટ્રેઇનમાં ચડી ગયેલા અને તેઓ રહી ગયા હતા એટલા માટે જ સાંકળ ખેંચવામાં

આવેલી. આમ, રેલવે ગાર્ડ, જેમને શિરે સાંકળ શા માટે ખેંચવામાં આવેલી એ નક્કી કરવાની પ્રાથમિક જવાબદારી હોય છે અને જેમણે પહેલું ચાર્જશીટ ફાઇલ કરેલું એ તપાસ અધિકારી - એ બન્નેની વાતને કમિશને માની નથી. પહેલી વારની સાંકળ આ રહી ગયેલા કારસેવકોને લેવા માટે જ ખેંચવામાં આવેલી એ જ હકીકત છે અને એને નકારતો કોઇ પુરાવો કમિશન સમક્ષ નહોતો. હકીકતમાં કમિશને પહેલી વારના સાંકળ ખેંચવાના બનાવ વિશે એમના આખા અહેવાલમાં પેરા ૭૩ સિવાય બીજે ક્યાંય કોઇ ચર્ચા નથી કરી અને અહીં પણ સાંકળ ખરેખર કોણે ખેંચેલી એ તારણ પર પહોંચ્યું જ નથી.

૭. 'એ' કેબિન પાસે ટ્રેઇન બીજી વાર રોકાઇ તે બનાવને સંબંધ છે ત્યાં સુધી કમિશને એને વિગતે ચર્ચ્યો છે - એ ચર્ચા પેરા ૭૭, ૧૫૦, ૧૫૧માં જોવા મળે છે. જન સંઘર્ષ મંચે રેકર્ડ પરના પુરાવાને આધારે પ્રસ્થાપિત કરેલું હતું કે પહેલી વાર જે સાંકળ ખેંચાઇ તે ફક્ત ચાર ડબ્બામાંથી નહીં પરંતુ ગોધરા સ્ટેશનના ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટના રેકોર્ડમાં દર્શાવ્યા પ્રમાણે ૫ ડબ્બાઓમાંથી ખેંચાઇ હતી. આ વિરોધાભાસને સુલઝાવવાને બદલે કમિશને ડીએસપીનો રેકોર્ડ ખોટો હોવાનું કહીને એને નકાર્યો છે.

૮. શ્રી નોએલ પરમાર (ત્રીજી વારના તપાસ અધિકારી) નો દાવો કે 'કેટલાક મુસ્લિમ ફેરિયાઓ (અનવર અબ્દુલ સત્તાર કલંદરે) એ ડબ્બાની બહારથી ACP disc ફેરવીને ગાડીને 'એ' કેબિન પાસે રોકી પાડેલી' તે વાતને કમિશને પૂરેપૂરી સ્વીકારી લીધી છે. પરંતુ એમ કરતી વખતે એણે એ હકીકતને પણ નજરઅંદાજ કરી છે કે ટ્રેઇનના ડબ્બાઓની બ્રેકિંગ સિસ્ટમની ડિઝાઇનમાં જે સુધારા કરવામાં આવેલ છે તેમાં બહારથી ACP disc ફેરવીને ટ્રેઇનને રોકવાનું શક્ય જ નથી. અને સાબરમતી એક્સપ્રેસના બધા ડબ્બાઓમાં આ નવી ડિઝાઇનવાળી બ્રેકિંગ સીસ્ટમ જ લગાડેલી હતી. પેરા ૫૧ માં કમિશન એક નવી થિયરી રજૂ કરે છે કે disc ફેરવીને ગાડી રોકવાનું ભલે સંભવ ન હોય પરંતુ બોક્ષની અંદર આવેલ 'કાલપેટ વાલ્વ' ફેરવીને એ રોકી જ શકાય છે. એટલે એ રીતે એમણે ગાડી રોકી હશે. પરંતુ આમ કહેતી વખતે કમિશન એ ભૂલી જાય છે કે નોએલ પરમારના દાવા મુજબ તો અનવર કલંદરે બહારથી ડીસ્ક ફેરવીને ગાડી રોકેલી અને નહીં કે કાલપેટ વાલ્વ ફેરવીને. આમ, રેકર્ડ પરનાં નક્કર તથ્યોને બદલે પોતાની કલ્પનાના ઘોડા દોડાવવાનું વધારે જોવા મળે છે.

૯. અહીં સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે શ્રી નોએલ પરમારે શ્રી અનવર કલન્દરને ગોધરા ક્રિમીનલ કેસમાં સાક્ષી તરીકે દર્શાવ્યો છે અને એની પાસે ડીસ્ક ફેરવીને રોકવાની કબૂલાત કરાવવા માટે એના પર શારીરિક ત્રાસ પણ ગુજારવામાં આવ્યો હતો. શ્રી કલંદર કમિશન સમક્ષ આવીને પોતાની જુબાની આપવા માગતા હતા કે શ્રી નોએલ પરમારે જબરજસ્તીથી એ કબૂલાત કરાવી હતી, પરંતુ ત્યારે બીજી વાર શ્રી નોએલ પરમાર એમને ઉપાડીને લઇ ગયેલા અને પોલીસ રક્ષણ માટેની એમની માંગણી પણ કમિશને માન્ય નહોતી રાખી. એટલે પછી શ્રી કલંદરે પોતાનું એફિડેવીટ કરીને તે કમિશનને મોકલી આપેલું કે શ્રી નોએલ પરમારે એમના પર શારીરિક યાતના ગુજારીને જબરજસ્તીથી એ વાતની કબૂલાત કરાવેલી કે અમે ડીસ્ક ફેરવીને ગાડી રોકેલી. એમના આ એફિડેવીટને સરકાર કે અન્ય કોઇપણ પક્ષે પડકારેલું નહીં અને છતાં કમિશને એને સંપૂર્ણપણે અવગણ્યું છે. આ છે સત્ય શોધવાની એમની રીત !

૧૦. બીજો સવાલ એ હતો કે 'એ' કેબિન પાસે ગાડી રોકાઇ ત્યાર પછી ત્યાં ટોળું કઇ રીતે થઇ ગયેલું ? આના સીધા પ્રત્યક્ષ દષ્ટિ સાક્ષી આસી. સ્ટેશન માસ્ટર શ્રી મીના હતા, જેઓ ત્યારે 'એ' કેબિનમાં ઊભા હતા. અને ગોધરા સ્ટેશનેથી આવતી સાબરમતી એકસપ્રેસને જોતા હતા. એમણે એમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે ટ્રેઇન સ્ટેશન પરથી ઊપડી ત્યારે 'એ' કેબિન પાસે કોઇ વ્યક્તિ હાજર નહોતી. એમણે એ પણ જણાવ્યું છે કે ટ્રેઇને સ્પીડ નહોતી પકડી અને નાનાં-નાનાં જૂથમાં કેટલાક લોકો ટ્રેઇનની પાછળ દોડતા આવતા હતા. અને 'એ' કેબિન પાસે એક-બેના નાના જૂથમાં ભેગા થતા ગયા અને એ ટોળામાં સ્ત્રીઓ અને બાળકો પણ હતાં. ગોધરા સ્ટેશન અને એ કેબિન વચ્ચે પેટ્રોલિંગ કરતા SRP જવાને પણ એમના નિવેદનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે સાબરમતી એક્સપ્રેસ ગોધરા સ્ટેશને આવી ત્યાર પહેલાં કે પછી એ વિસ્તારમાં કોઇ અસાધારણ પ્રવૃત્તિ દેખાઇ નહોતી. તટસ્થ સાક્ષીઓના સીધા પુરાવાઓને અવગણીને કમિશન એ તારણ પર પહોંચે છે કે ટ્રેઇન 'એ' કેબિન પાસે આવી ત્યારે ત્યાં પહેલેથી જ મોટું ટોળું એની રાહ જોતું ઊભું હતું, જે ષડ્યંત્ર વિના શક્ય નથી.

૧૧. હવે ટ્રેઇનનો S6 ડબ્બો કયા કારણે સળગ્યો એ સવાલ પર આવીએ તો એમાં તો કમિશન પોતે જ પેરા ૧૭૦ અને પેરા ૨૧૨ પર એ તારણ પર પહોંચેલું કે આ આગ ડબ્બામાં બહારથી

સળગતા કાકડા વગેરે ફેંકાયેલા એના કારણે લાગી હતી. પેરા ૨૦૮માં કમિશન એ ચોક્કસ તારણ પર પણ પહોંચે છે કે બહારથી કોઇ વ્યક્તિઓ કારબા સાથે ડબ્બામાં ઘૂસી હોય અને એમણે પેટ્રોલ ડબ્બામાં રેડ્યું હોય એવો કોઇ પુરાવો કોઇ સાક્ષી કે પેસેન્જરે આપ્યો નથી. અને છતાં પેરા ૨૧૨ના બીજા ભાગમાં કમિશન અચાનક એ તારણ પર પહોંચે છે કે ડબ્બામાં બહારથી ૬૦ લીટર જેટલું પેટ્રોલ રેડવામાં આવેલું એના કારણે આ આગ લાગેલી. આ માટેનો પુરાવો કમિશને ફોરેન્સીક લેબોરેટેરીના ઓફિસર ડો. ડાહ્યાના રિપોર્ટમાંથી મેળવ્યો હોવાનું જણાય છે. તા.૧૭-૫-૨૦૦૨ ના એ રિપોર્ટને સાવ ઉપરછલ્લો વાંચીએ તો પણ સ્પષ્ટ થઇ જાય છે કે એમાં તો ડો. ડાહ્યાએ માત્ર પોતાનો વ્યક્તિગત અભિપ્રાય આપેલો કે ૬૦ લીટર જેટલું પેટ્રોલ રેડવામાં આવ્યું હોય તો આવી આગ લાગી શકે. આ માત્ર અભિપ્રાય હતો, જેને કમિશને અત્યંત મૂલ્યવાન 'પુરાવા'માં ફેરવી નાખ્યો અને તે પણ ત્યારે, જ્યારે ડબ્બામાં મુસાફરી કરતા દરેક સાક્ષીએ આવું કાંઇ પણ બન્યું હોવાની વાતનો સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો !

૧૨. ત્યાર પછી કમિશન તે સમયના ડીએસપી શ્રી રાજુ ભાર્ગવની જુબાનીનું વિશ્લેષણ કરે છે (પેરા ૧૩૨,૧૩૩) અને મારીમચડીને એને ષડ્યંત્રની થિયરીની પૂર્તિ કરતી હોવાનું જણાવે છે. શ્રી રાજુ ભાર્ગવે એમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલું કે તેઓ S6 ડબ્બા પાસે પહોંચ્યા ત્યારે ઘણા દાઝેલા પેસેન્જરો ડબ્બામાંથી કૂદીને બહાર આવી રહ્યા હતા અને એ તમામ કમરથી ઉપરની બાજુએ જ દાઝેલા હતા. એમણે એમ પણ કહ્યું કે એમને પેટ્રોલ કે બીજા કોઇ જ્વલનશીલ પ્રવાહીની કોઇ વાસ આવી નહોતી. આ ઉપરાંત એમણે એમ પણ જણાવેલું કે ગાર્ડના ડબ્બા તરફના પેસેજ તેમજ ડબ્બાની મધ્યમાં આગની જ્વાળાઓ દેખાતી હતી, પરંતુ ડબ્બાના તળિયા (Floor)ના ભાગમાં કોઇ જ્વાળાઓ દેખાતી નહોતી. ડીએસપીએ કરેલી આ વાતોનો કોઇ ઉલ્લેખ સુધ્ધાં અહેવાલમાં કરાયો નથી અને એને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યો છે. તમામ કારસેવકો, પેસેન્જરો અને ખાસ કરીને ઈન્કમટેક્ષ ઓફિસર શ્રી હરિપ્રસાદ જોષીની જુબાની, જેમણે સ્પષ્ટપણે કહેલું કે ડબ્બામાં નીચેના ભાગે કોઇ આગ નહોતી, એ તમામ વાતોને કમિશને સંપૂર્ણપણે અવગણી છે. થોડું-ઘણું દાઝેલા જે ૭૦ પેસેન્જરો ડબ્બામાંથી બહાર આવેલા એ તમામ કમરથી ઉપરના ભાગે જ દાઝ્યા હતા એ હકીકતને પણ કમિશને બાજુ પર હડસેલી દીધી છે, કારણ કે ડબ્બામાં પેટ્રોલ રેડીને આગ લગાડી હોવાની તેની થિયરી સાથે તે સુસંગત નહોતી. અહીં એ કહેવાની જરૂર નથી કે કમિશનના કહેવા પ્રમાણે ૧૪૦ લીટર (કે ૬૦ લીટર) પેટ્રોલ રેડીને જો ખરેખર આગ લગાડવામાં આવી હોત તો ડબ્બામાંથી એક પણ પેસેન્જર જીવતો બહાર ન આવી શક્યો હોત અને કોઇ આવ્યું હોત તો શરીરના આખા ભાગમાં, ખાસ કરીને નીચેના ભાગે, દાઝેલી હાલતમાં આવ્યા હોત. આ પ્રકારે દાઝ્યા હોવાનો એક પણ કેસ જોવા નથી મળ્યો.

૧૩. ડબ્બાની અંદરથી જે સામગ્રી ભેગી કરીને પૃથક્કરણ કરવામાં આવેલું તેના એક સિવાયના એકપણ FSL રિપોર્ટમાં હાઇડ્રોકાર્બનની હાજરી જણાઇ આવી હોવાનું નોંધાયું નથી. માર્ચ ૨૦૦૨ના એક રિપોર્ટમાં હાઇડ્રોકાર્બનની હાજરી હોવાનું નોંધાયેલું પરંતુ તે પૃથક્કરણ કરનાર અધિકારીએ કમિશન સમક્ષની ઊલટ તપાસમાં સ્વીકારેલું કે એમણે કોઇ ક્વોન્ટીટેટીવ એનાલીલીસ કર્યું નહોતું, જેના આધારે જ સળગેલા અને સળગ્યા વગરના પેટ્રોલમાં જુદી જુદી માત્રાના હાઇડ્રોકાર્બન જોવા મળે તેની ખાતરી કરી શકાય. જન સંઘર્ષ મંચે કમિશન સમક્ષ ક્વોન્ટીટેટીવ એનાલીલીસનો રિપોર્ટ રજૂ કરેલો, જે સ્પષ્ટપણે દર્શાવતો હતો કે જો અધિકારીનું પૃથક્કરણ સાચું હોય તો તે સળગ્યા વગરના પેટ્રોલની હાજરી દર્શાવતું હતું, અને નહીં કે સળગેલા. આ વિશે જ્યારે એમને પૂછવામાં આવ્યું ત્યારે એમણે કોઇ જાણકારી નહીં હોવાનું જણાવેલું.

૧૪. ષડયંત્રની થિયરી પ્રસ્થાપિત કરવા માટે કમિશને પોલીસે જુદા જુદા આરોપીઓ પાસે જે કબૂલાતો કરાવેલી એનો જ આધાર લીધો છે. અને એમનાં એ નિવેદનોનો અનુવાદ કરીને પોતાના અહેવાલમાં સ્થાન આપ્યું છે. એમાં એ કબૂલાતનો પણ સમાવેશ થાય છે કે ત્રણ-ચાર મુસ્લિમ છોકરાઓ S6 અને S7 ડબ્બા વચ્ચેના પેસેજનું રેકિઝન કવર કાપીને ૧૪૦ લીટર પેટ્રોલના ૬ કારબા સાથે S6 ડબ્બામાં ઘૂસેલા અને એ રેડીને આગ લગાડેલી. ફોરેન્સિક અધિકારીની ઊલટતપાસમાં એમણે સ્વીકારેલું કે કાપવામાં આવેલું આ કહેવાતું રેકિઝન કવર ઉપલબ્ધ નથી અને જસ્ટિસ બેનર્જી કમિશનના નોંધ્યા પ્રમાણે તો એ અમદાવાદના રેલ્વે યાર્ડમાં કોઇ કબાડીવાળાને વેચી નાખવામાં આવેલું છે. બીજી સૌથી અગત્યની વાત તો એ છે કે ૨૦૦ પેસેન્જરો સાથે ખીચોખીચ ભરેલા ડબ્બામાંથી એવો એક પણ સાક્ષી બહાર નથી આવ્યો, જેણે આ ત્રણ-ચાર મુસ્લિમ યુવકોને બે ડબ્બા વચ્ચેના પેસેજમાંથી રેકિઝન કાપીને, દરવાજો તોડીને

ડબ્બામાં પ્રવેશતા જોયા હોય. અને જો એ રીતે એ છોકરાઓએ આગ લગાડી હોય તો તેઓ દાઝયા વગર જીવતા બહાર કઇ રીતે આવ્યા એ વિશે પણ કમિશને કોઇ જ પ્રકાશ ફેંક્યો નથી. અને છેલ્લે, એ બાબત પણ નોંધવી જોઇએ કે આ કહેવાતા ૬ કાળા કારબામાંથી એક પણ કારબો ત્યાંથી મળ્યો નથી.

૧૫. છેલ્લે, એ વાતનો પણ ઉલ્લેખ કરવો રહ્યો કે કોઇપણ ન્યાયિક કે અર્ધ-ન્યાયિક તપાસમાં ચુકાદાની જેમના પર અવળી અસર પડવાની છે એ તમામને સાંભળવા જોઇએ. આ કેસમાં, હાઇકોર્ટનો હુકમ હોવા છતાં, કમિશને ગોધરા કેસમાં જેમને સાક્ષી તરીકે દર્શાવાયા છે એવા એક પણ મુસ્લિમ સાક્ષીને બોલાવ્યા નહોતા. એના બદલે એનાથી વિપરીત, એણે કેટલાક મુસ્લિમ આરોપીઓની પોલીસ સમક્ષની કહેવાતી (બળજબરીથી કરાવેલી) કબૂલાતો પર જ સંપૂર્ણ આધાર રાખ્યો અને તે પણ એમને એની કોઇ જાણ કર્યા સિવાય. એ આરોપીઓએ કમિશન સમક્ષ જે સોંગદનામા રજૂ કરીને જણાવેલું કે આ કબૂલાતો એમની પાસે બળજબરીથી લેવામાં આવી હતી તે હકીકતની પણ કમિશને સંપૂર્ણ અવગણના જ કરી છે.

## અને છેલ્લે :
## મોદીને 'કલીન ચીટ' આપતો પેરા ૨૨૯

૧. જસ્ટિસ નાણાવટી કમિશન અહેવાલના પેરા ૨૨૯ નરેન્દ્ર મોદીને નસીબવંત તાવિજની જેમ લટકાવવો કદાચ ગમશે. કમિશનના અહેવાલનો આ પહેલો ભાગના કુલ ૨૩૦ પેરા આમ તો સાબરમતી એક્ષપ્રેસના ડબ્બાને આગ લગાડવાના 'ષડયંત્ર'ને સમજાવવા માટેના છે. પરંતુ ૨૨૯ નંબરના પેરામાં તે મુખ્યમંત્રી, બીજા મંત્રીઓ અને પોલીસ અધિકારીઓને સુધ્ધાં ગોધરાના બનાવ તેમજ ત્યાર પછીના રમખાણોમાં ભોગ બનેલાઓને રક્ષણ, રાહત કે પુનર્વસવાટ આપવામાં કોઇ ભૂમિકા ભજવી હોવાના કે કોઇ ક્ષતિ કે બેદરકારી દર્શાવી હોવાના આરોપ સામે નિર્દોષ હોવાનું સર્ટીફિકેટ આપે છે ! અને આ પૂરતું ન હોય તેમ એથી આગળ વધીને તેમને રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની ભલામણો અને આદેશોનું પાલન કરવામાં કરેલી ઢીલના આરોપ સામે પણ નિર્દોષ જાહેર કરે છે !

૨. ૨૮ ફેબ્રઆરી ૨૦૦૨ના રોજ અને ત્યાર પછીનાં કોમી રમખાણો દરમિયાન મુખ્યમંત્રી, અન્ય મંત્રીઓ અને પોલીસ અધિકારીઓ સામેના એમણે કરેલી ક્ષતિઓ તેમજ હુમલાખોરો સાથેની મીલીભગત (અંદરખાનેથી સહયોગ) અને અમુક કિસ્સાઓમાં લોકો હુમલાખોરોનો ભોગ બની રહ્યા હતા ત્યારે એમને રક્ષણ આપવાના કરેલા ઇન્કારના - આ તમામ આરોપોને કમિશન માત્ર ૧૮ લીટીના એક પેરાથી જ ઉડાવી દે છે. કમિશને આ આક્ષેપો ખારિજ કરી દેવાના કારણ તરીકે માત્ર બે જ જાદુઇ શબ્દો વાપર્યા - 'પુરાવાના અભાવે' અને એ ક્યારે, જ્યારે કમિશન સમક્ષ ઢગલાબંધ પુરાવા પડ્યા હતા ત્યારે ! પેરા ૨૨૯નો આ જ તો જાદુ છે !

૩. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના આદેશોના પાલન અંગેનો તેમજ રાહત અને પુનર્વસવાટ અંગેનો રેકોર્ડ એટલો ખરાબ હતો કે આયોગના ત્યારના ચેરમેને ખુદ વડાપ્રધાનને તા. ૩ જાન્યુઆરી ૨૦૦૩ના રોજ વ્યક્તિગત દરમિયાનગીરી કરવાની વિનંતી કરતો પત્ર લખેલો. એમણે લખેલું : "અફસોસ સાથે જણાવવાનું કે આયોગે ભલામણો કર્યા છતાં, રાજ્ય જે ખોટું થઇ ગયું છે એને સુધારવા માટે પૂરતી પ્રામાણિકતા અને કર્મનિષ્ઠા સાથે કામ કરે છે એવું આશ્વાસન પણ ભોગ બનનારાઓ, દેશ અને દુનિયાને મળી રહે એવું આજ દિન સુધી બનવા પામ્યું નથી. એ નોંધતાં મને દિલગીરી છે કે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા જસ્ટિસ નાણાવટી - શાહ કમિશનની નિમણૂંકથી પણ એ આશંકા દૂર થઇ નથી. . . હું જ્યારે મારું પદ છોડવાની તૈયારી કરી રહ્યો છું ત્યારે મારી હતાશા હું સરકારના વડા તેમજ ઊંડી અને વ્યાપક સમજણ ધરાવનાર વ્યક્તિ તરીકે આપની સમક્ષ વ્યક્ત કરું છું. જો આપ પરિસ્થિતિ પર નજર રાખશો અને આ પત્રમાં દર્શાવેલી બાબતે અને આયોગે અગાઉ કરેલ વિગતવાર ભલામણો બાબતે ન્યાય થાય એ પાકું કરવા માટે રાજ્ય અને કેન્દ્રીય સ્તરે જવાબદાર ઓથોરિટીઓને આદેશો આપશો તો હું આપનો અત્યંત આભારી થઇશ. . "

૪. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ એક બંધારણીય સંસ્થા છે અને આવી મનોવ્યથા પ્રગટ કરનાર આયોગના ત્યારના ચેરમેન જસ્ટિર શ્રી જે. એસ. વર્મા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત વડા ન્યાયમૂર્તિ રહી ચૂક્યા છે. એમણે ત્યારના વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઇ સમક્ષ એ ઊંડી મનોવ્યથા રજૂ કરેલી. પણ એ મનોવેદના અરણ્યરુદન જ રહેવા પામી છે. કારણ કે ગોધરા-પશ્ચાત્‌નાં રમખાણોમાં ભોગ બનેલાઓને થયેલા અન્યાયને સુધારવા માટે રાજ્ય સરકાર પર્યાપ્ત પગલાં નથી ભરી રહી

એવા અફસોસનો નાણાવટી કમિશન સામે કોઇ મતલબ નહોતો. વિચિત્રતા તો એ છે કે આયોગના વડા, સુપ્રીમ કોર્ટના નિવૃત્ત વડા ન્યાયમૂર્તિ આયોગની ભલામણોનું પાલન નથી થતું એવી ફરિયાદ કરે છે, જ્યારે જસ્ટિસ નાણાવટી કમિશન પેરા ૨૨૯માં એનાથી બિલકુલ ઊંધા જ તારણ પર પહોંચે છે !

૫. હવે આપણે એક બીજો પુરાવો તપાસીએ. ૨૮મી ફેબ્રુઆરીના રોજ તેમ જ ત્યાર પછીના પહેલા તબક્કાની ઘોર હિંસાને દબાવી દેવા રાજ્ય સરકાર સૈન્યને અસરકારક રીતે તૈનાત કરવામાં નિષ્ફળ ગયેલી. એ અંગેના ત્યારના આપણા દેશના રાષ્ટ્રપતિ શ્રી કે. આર. નારાયણને ત્યારના વડાપ્રધાનને અપીલ કરેલી કે નરસંહારનું સ્વરૂપ લઇ રહેલી હિંસાને ડામવા માટે સૈન્યને ગોળીબાર કરવાની સત્તા આપવામાં આવે. શ્રી નારાયણને રાષ્ટ્રપતિ પદ છોડ્યા પછી કેરાલાના કોંગ્રેસી ધારાસભ્ય શ્રી પી. ટી. થોમસને આપેલી એક મુલાકાતમાં એમણે જ્યારે આ વાત જણાવી ત્યારે એ જાહેર થઇ અને અગત્યનો પુરાવો બની.

૬. જન સંઘર્ષ મંચે જસ્ટિસ નાણાવટી કમિશન સમક્ષ રાષ્ટ્રપતિ તેમજ વડાપ્રધાન વચ્ચેના આ પત્રવ્યવહાર મેળવવા માટે અરજી કરેલી. તેના અનુસંધાનમાં કમિશનના આદેશ અનુસાર કમિશનના રજિસ્ટ્રાર શ્રી સી. જી. પટેલે શ્રી કે. આર. નારાયણનને એ બાબતે એમનું મંતવ્ય જણાવવા જે કાગળ લખેલો તેમાં લખેલું કે : 'માનનીય સાહેબ, પ્રિન્ટ મીડિયાએ એવું પણ જણાવ્યું છે કે આપ સાહેબે કોંગ્રેસના ધારાસભ્ય શ્રી પી.ટી. થોમસને નીચે મુજબનું જણાવ્યું હતું : રમખાણો ડામી દેવા માટે મેં સૈન્ય મોકલવા જણાવ્યું હતું. રાજ્ય સરકાર માગે તો સૈન્ય મોકલવાની કેન્દ્રની બંધારણીય જવાબદારી અને સત્તા છે. સૈન્ય મોકલવામાં આવ્યું, પરંતુ સૈન્યને જો હિંસા ફેલાવનારાઓ પર ગોળી ચલાવવાની સત્તા આપવામાં આવી હોત, તો ગુજરાતમાં ફરીથી ઘટેલી કરુણાંતિકા નિવારી શકાઇ હોત. પરંતુ, રાજ્ય અને કેન્દ્ર સરકાર બન્નેએ તેમ ન કર્યું...'. શ્રી નારાયણને તુરંત જ તા. ૮મી એપ્રિલ ૨૦૦૫ના રોજ આ પત્રનો જવાબ પાઠવેલો, જેમાં જણાવેલું કે : '(૧) મેં શ્રી પી.ટી. થોમસને મુલાકાત આપી હતી. (૨)તમારા પત્રમાં ટાંકવામાં આવેલ ઉદ્ધરણો જેવાં જ વિધાનો મેં ચોક્કસ કરેલાં ... હું એ જણાવી દઉં કે આ વિધાનો ત્યારના બનાવો અને પરિસ્થિતિ અંગેની મારી છાપને પ્રતિબિંબિત કરે છે. આ સિવાય મારે કશું ઉમેરવાનું નથી. આપનો વિશ્વાસુ, નારાયણન કે.આર.'

૭. દેશના રાષ્ટ્રપતિ પર એ બનાવો અંગે જે છાપ પડેલી એની જસ્ટિસ નાણાવટી કમિશન પર કોઇ અસર ન પડી. પરંતુ વધારે આશ્ચર્યજનક એ છે કે નિર્દોષ લોકોની જાન લેવા હિંસાને ડામવા માટે હુમલાખોરો પર ગોળી ચલાવવાની પરવાનગી ન આપનાર રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના મકસદ પર પ્રશ્નાર્થ ઊભો કરનાર વ્યક્તિ કોઇ સામાન્ય વ્યક્તિ નહીં પણ ખુદ દેશના રાષ્ટ્રપતિ હોય ત્યારે એમના નિવેદનને પણ અગત્યના પુરાવા તરીકે અવગણવાનું કમિશને મુનાસિબ સમજ્યું !

આવા તો કેટલાય પુરાવા કમિશનની સામે પડ્યા હતા, તેમ છતાં એમણે પેરા ૨૨૯ લખ્યો ! જો આ બધા પુરાવાઓને ધ્યાને લેવાયા હોત તો કોઇપણ વિવેકપૂર્ણ વ્યક્તિ, પેરા ૨૨૯માં જે રીતે 'ક્લીન ચીટ' આપવામાં આવી છે, એવી ન આપત. ■

*(લેખક જન સંઘર્ષ મંચના અગ્રણી એડવોકેટ છે અને એમણે મંચ વતી જસ્ટિસ નાણાવટી કમિશન સમક્ષ વિગતવાર રજૂઆતો કરી હતી. આ લેખ તેમના અંગ્રેજી લેખ 'The Derailed Report of Sabarmati Express'ને ટૂંકાવીને તૈયાર કર્યો છે - સં.)*

## ક્ષમા યાચના

આ અંક બહાર પાડવામાં ખાસ્સું મોડું થયું છે. પરિણામે જુલાઇ-ઓગસ્ટ અને સપ્ટેમ્બર-ઓક્ટોબરનો એક જ ભેગો અંક બહાર પાડવાની ફરજ પડી છે. વાચકો આ ક્ષતિ દરગુજર કરશે એવી આશા છે.

સ્થળ અને સમયના અભાવે ઘણી સામગ્રી આ અંકમાં સમાવી નથી શક્યા, જે આવનારા અંકોમાં સમાવવાની કોશિશ કરીશું. નાણાવટી કમિશનનો અહેવાલ બહાર પડ્યાના થોડા જ દિવસમાં ૨૦૦૬ના સૂરતના પૂરને લગતો શ્રીમતી સુગ્નાબેન ભટ્ટ કમિશનનો અહેવાલ પણ બહાર પડી ગયો છે. એના પરની પ્રતિક્રિયા પણ આ જ કારણે સમાવી નથી શક્યા, જે આવતા અંકમાં આપીશું.


તે જ પ્રમાણે વન અધિકાર કાયદાના અમલ વિશે તેમજ સાબરકાંઠાના વિજયનગર અને મુડેટીના કેસોમાં થયેલ પ્રગતિના અહેવાલ પણ આવતા અંકમાં જ અપાશે. છેલ્લા કેટલાયે સમયથી અમે આ કામોમાં જ ખૂંપી ગયા છીએ. અંક મોડો પડવામાં તે અગત્યનું કારણ છે.

*-સંપાદક*

# बिहार 3 :

## कोसी बाढ़, प्राकृतिक से ज्यादा, मानव निर्मित आपदा है

- चक्रवर्ती अशोक प्रियदर्शी




**को**सी नदी को बिहार का शोक कहा जाता रहा है। इस नदी का बहाव इतना तेज होता है कि वह हमेशा अपने बहाव के रास्ते पर कायम नहीं रहती हैं। करवट बदलते हुए कोसी ने पूरब से पश्चिम 100 किलोमीटर तक धार बदली है। कोसी उत्तर से दक्षिण जाते हुए इतना अधिक गाद (शिल्ट) लाती है कि खेतों को बंजर कर जाती है। कमला नदी, गंडक इत्यादि की बाढ़ जहाँ खेतों में प्राकृतिक उर्वरता छोड़ जाती है। कोसी विनाश लाती है।

कोसी को नियंत्रित करने की योजना, आजादी के बाद सबसे पहली योजनाओं में रही है। नेपाल में उद्‌गम पर बाँध की योजना थी। परंतु तब के सीमित साधनों में से भाखड़ा नांगल बाँध पंजाब के लिये स्वीकृत हो गया और कोसी के लिये डैम की जगह बराज (एफ्लैक्स डैम) पर ही तसल्ली कर ली गई। नहरों का निर्माण नहीं हुआ। बहाव के मार्ग को तटबंधों से घेर दिया गया। जिस समय तटबंध बनाये जा रहे थे कोसी की धार उत्तर से सीधे दक्षिण बहने की जगह पश्चिम की ओर मुड़ कर

धनुष आकार बनाती हुई बह रही थी। तटबंधों के लिये यह लम्बा रास्ता ही चुना गया। अर्थात इसी रास्ते पर कोसी की धार बनी रहे इसके लिए 15 किलोमीटर की चौड़ाई में दोनों तरफ तटबंध बनाकर कोसी को नियंत्रित कर दिया गया।

बिहार में तटबंधों के बारे में बातें हो रही हैं। आम तौर पर पर्यावरणवादी विशेषज्ञ यह कहते हैं कि नदियों को तटबंधों को बांधने से उनका सहज बहाव बाधित हो रहा है। नदियों के बारे में कहा जाता है कि वो धीरे–धीरे बाढ़ लाती हैं और अपनी प्राकृतिक ऊर्वरता छोड़ जाती हैं। कमला, गंडक इत्यादि नदियों से भिन्न कोसी क्योंकि विनाश मचाया करती थी इसलिए इस नदी को नियंत्रित करना सबसे पहले जरूरी समझा गया था। तटबंधों के पक्ष और विपक्ष में आज इंजीनियर भी खड़े हैं।

बिहार के प्रलयंकारी बाढ़ की वजह से कल्याणकारी कही जाने वाली राज्य सत्ता, इसकी प्रशासनिक बनावट तथा पुलिस–फौज जैसी इसकी दैहिक संरचना समीक्षा का विषय है। अन्य नागरिक संस्थान के लिए भी यह अपने मूल्यांकन का वक्त है।

हिमालय की ऊँचाइयों पर एफ्लेक्स बाँध को तोड़ कर कोसी ने 17–18 अगस्त की रात में सवा सौ किलोमीटर प्रतिघंटे की रफ्तार पकड़ कर तबाही मचायी। इसके 10 दिनों बाद प्रधानमंत्री ने मुख्यमंत्री के साथ मिल कर इसे राष्ट्रीय आपदा घोषित किया। अब तक नेपाल ने अपनी सीमा में बाढ़ की चपेट में आए सभी 50 हजार नागरिकों को सुरक्षित स्थान पर पहुँचाने का काम पूरा कर लिया था। नेपाल की सरकार ने इस काम को युद्ध स्तर पर पूरा करने के लिए अपने हवाई अड्डों पर मौजूद विदेशी हेलीकॉप्टरों की भी मदद ली।

लेकिन बिहार में दो सप्ताह से पानी में घिरे परिवारों का आधा हिस्सा सुरक्षित स्थानों पर जाने के लिए बचाव साधनों का इंतजार करता रहा था। इस काम के लिए 100 से अधिक हेलीकॉप्टर और हजारों नौकाओं तथा मोटर नौकाओं की जरूरत थी। नीतीश सरकार तीन सप्ताह तक भी यह गारंटी कर सकने की स्थिति में नहीं थी कि सैनिक–असैनिक साधनों और केन्द्र तथा राज्य सरकार की सम्मिलित ताकत से शेष लोगों को सुरक्षित स्थान पर पहुंचा दिया जायेगा? इस तरह हजारों लोगों ने जल समाधि ले ली। आने वाले दिनों में मृतकों के लिये मुआवजे की बात चलेगी तो शव की शिनाख्त नहीं हो पाने के नाम पर प्रशासन और जनता के बीच विवाद चलेगा। अभी पानी कमने के साथ लाशें मिलने लगीं हैं। लाश महामारी न पैदा करें इसके लिए प्रशासन ने कैमिकल को बोरे ला रखे हैं।

परंतु बिहार में इस जल प्रलय में चार से पाँच लाख परिवार यानी 30 लाख तक की आबादी बेघरबार हुई। कोसी की 20–25 फीट ऊँची और 15 किलोमीटर की चौड़ाई में सीधे दक्षिण की ढलान पर कोसी ने 125 किलोमीटर प्रतिघंटे तक की रफ्तार पकड़ कर प्रलयंकारी रूप लिया।

इस बार के बाढ़ में दोनों पक्ष के अभियंताओं की बात को ज्यादा स्पष्टता से समझा दिया। जो तटबंधों के समर्थक थे वो कहते थे कि कोसी के कारण पूर्णियां शहर के बारे में यह लोकोक्ति थी कि –''जहर खाओ न माहुर खाओ,
मरना हो तो पूर्णियां जाओ''।

जिस इलाकें में इस दफा बाढ़ आयी है वहाँ दो पीढ़ियों ने बाढ़ नहीं देखी है। इस तरह कोसी को नियंत्रित करने की अधूरी परियोजना भी अबतक कारगर रही है। इस तथ्य की ओर ध्यान देने से प्रकृति को मानव हित में नियंत्रित करने की इन्जीनियरी पर भरोसा बनता है। इसके बाद इस ओर ध्यान चला जाता है कि मुकम्मल योजना बना कर हिमालय पर या उस पार नदियों के उद्‌गम स्थल पर बांधों, नहरों की बहु उपयोगी योजना जरूरी है।

दूसरी तरफ पर्यावरणवादियों का मत रहा है – नदियों को अविरल बहने दो। दूसरा तर्क यह दिया जाता रहा है कि लोगों ने बाढ़ और नदियों के साथ जीवन का संबंध बनाये रखा था। पर्यावरणवादियों ने यह शंका रखी थी कि हिमालय पर यदि बांध बनाया गये। और यदि यह टूटा तो प्रलयंकारी होगा। बांधा तो अभी तक विचाराधीन है परंतु मात्र एफ्लैक्स बांध टूटने से जिस तरह का प्रलय मचा है उसकी वजह से बांध का विरोधा करने वालो की बातें सम्पुष्ट होती हैं।

कोसी पर कुशहा बांध कई किलोमीटर लम्बाई में है। बांध के एफ्लैक्स के टूट जाने की संभावना वाला त्राहिमाम संदेश वहाँ मौजूद इंजीनियर ने आपदा प्रबंधन विभाग के प्रमुख को 16

अगस्त से फैक्स कर रहे थे। अधिकारी छुट्टी पर थे। संदेश पर सुनवाई करने वाला कोई नहीं था। तब बांध स्थल पर मौजूद इंजीनियर ने मुख्यमंत्री निवास कार्यालय सहित 15 स्थानों पर फोन फैक्स आदि से त्राहिमाम संदेश भेजा। ये सारी बातें आज धीरे–धीरे मीडिया के जरिये आम जानकारी में आ रही है। मुख्यमंत्री के यहाँ से उस दिन विभिन्न स्थानों से अलग–अलग विषयों से आए लगभग 90 फैक्स संदेशों में ये त्राहिमाम संदेश भी गुम हो जाता है। कोई इस पर ध्यान नहीं देता। हम नहीं जान सकते कि प्रतिदिन आने वाले अन्य फैक्स संदेशों का क्या होता है? परंतु इस दिन त्राहिमाम संदेश को नजरअंदाज कर बाढ़ के दिनों में भेजी जाने वाली आम विज्ञप्ति के रूप में यह सरकारी विज्ञप्ति प्रेस में चली जाती है कि सभी तटबंध सुरक्षित हैं। शासन विहीनता की यह मिसाल लाखों जनों के लिये प्रलयंकारी हुआ। शासन की अमानवीयता के मद्देनजर

कुशहा बांध के एफ्लैक्स के बारे में सामान्य आशंका यह होती है कि वो एक बारगी नहीं टूटा है बल्कि 15 दिनों से इसके एफ्लैक्स कट रहे थे। सरकार, प्रशासन और अभियंताओं पर ऊंगली तो उठती ही हैं। कठघरें में सरकार ही है क्योंकि कोसी बांध पर अभी कुछ समय पहले ऐसे अभियंताओं को प्रभार देकर सौंपा गया जिसका कोसी के बारे में पूर्व अनुभव नहीं था। यह अभियंता भी अन्य विभागीय कारणों से नौकरी से अवन्नति पाकर यहाँ बहाल किया गया था। हालांकि इस प्रभारी अभियंता ने सूचना पहुंचाने की भरसक कोशिश की। इसके बाद सरकार में किसकी जिम्मेवारी बनती है यह आजतक सुनिश्चित नहीं हुआ। शक की ऊंगली लगातार सरकार की ओर उठने लगी तो छह महीने में रिपोर्ट मांगते हुये सरकार ने उच्च न्यायालय के एक अवकाश प्राप्त जज के नेतृत्व में न्यायिक आयोग बना दिया। इस आयोग के बारे में भी शक की ऊंगली उठी। क्योंकि सरकार ने आयोग से 1990 से अबतक की लापरवाहियों की जांच करने की अपेक्षा की है। इससे पहली नजर में ऐसा लगता है कि सरकार आज के बहुत बड़े मानवीय विफलता, गैर जिम्मेदारी या अपराध को हलका करने की चालाकी कर रही है।

परंतु समाज के चलन–चालन के लिए खास तौर पर जनतांत्रिक चलन–चालन के लिए सरकार के उत्तरदायित्व की वजह से अन्य संस्थानों का उत्तरदायित्व खत्म नहीं हो जाता। एक अन्य उत्तरदायी संस्थान है मीडिया। मीडिया में खासकर टेलीविजन मीडिया में कांटे की प्रतिस्पर्द्धा है। बिहार में बाढ़ सम्बंधी शीर्षक बनाने की भी होड़ रहती है। परंतु किसी अखबार ने भी रक्सौल के उस पार वीरगंज के नजदीक कुशहा पर एफ्लैक्स डैम के कटाव की चेतावनी नहीं छापी। वहाँ के प्रबुद्ध नागरिक, गैर सरकारी संस्थान, राजनीतिक दल (पक्ष और प्रतिपक्ष) यहाँ तक की नदियों पर काम करने वाले ऐक्टिविस्ट समूह, पर्यावरणवादी विशेषज्ञ अभियंताओं में से किसी ने भी कुशहा डैम और इसके एफ्लैक्स के टूटने के बारे में प्रभावी ढंग से प्रश्न नहीं उठाया। इस तरह यह जल प्रलय तो है परंतु इसकी भयावहता प्राकृतिक जल प्रवाह को नियंत्रित करने की वर्षों से चली आ रही व्यवस्था की विफलता की वजह से है। यह प्रलयंकारी प्राकृतिक विपदा है। परंतु इसे मानव निर्मित विपदा कहे जाने की वजह यह है कि डैम को बचाने के लिए केन्द्र और राज्य के द्वारा जो कुछ किया जाना चाहिए था किसी ने उसका कदाचित निर्वाह नहीं किया।

बांध के टूट जाने के बाद सबसे पहले बिहार के मुख्यमंत्री की भूमिका के बारे में प्रश्न उठता है। नीतीश कुमार ने बाढ़ के बाद हवाई सर्वे किया था। इस विनाश के लिए उन्होंने तुरंत ही केन्द्र सरकार से 1,000 करोड़ रुपये और 1 लाख टन अनाज की मांग की थी। संवेदनशील लोग यह जानना चाह रहे थे कि जबकि 20–30 लाख लोग बाढ़ के पानी में घिरे हों। तब नीतीश कुमार राहत सामग्री पर ही क्यों बोल रहे हैं। लोगों को पानी के बीच से निकाल कर सुरक्षित स्थान पर लाने का मसला क्यों उपेक्षित है। दूसरी दफा उन्होंने प्रधानमंत्री के साथ सर्वे किया। प्रधानमंत्री मन बनाकर ही आये थे और उन्होंने मुख्यमंत्री के साथ इसे राष्ट्रीय आपदा घोषित कर दिया। मुंहमांगी रकम और अनाज देने की घोषणा कर दी। इस राशि को बिना किसी पूर्व जांच के राज्य सरकार को सौंप दिया गया। परंतु उस समय भी सेना को लगा कर युद्ध स्तर पर नागरिकों को बाहर निकालने की रणनीति घोषित नहीं की गई। प्रधानमंत्री के जाने के बाद भी सेना 3 हैलीकॉप्टर और 10 सैनिक वोट के अलावे 100 नाव सरकार की तरफ से बचाव कार्य में लगे थे। नतीजतन छतों पर फंसे लोग 5,000 रुपये किरायों पर निजी नाव करके बाहर निकलते रहे। आपदा प्रबंधन विभाग समस्या के मुकाबले छोटे–छोटे लक्ष्य हासिल कर अपने पीठ थपथपाता रहा।

आपदा के समय सबसे पहली सहायता पड़ोस के लोगों की मिलती है। और यह आपदा चाहे 100–50 लोगों के बीच पटका गया आतंकवादी बम हो या किसी ट्रक को खाई में उलट जाना। परंतु इस बड़े आपदा के समय में भी पड़ोस के नागरिकों की सहायता ने लाखों की जान बचाई। फिर भी लाखों की जान सांसत में लटकी रही। क्या वजह है की भारत वर्ष के हवाई अड्डों पर मौजूद नागरिक और पर्यटन उपयोग के हैलीकॉप्टर और सेना के सैकड़ों के हैलीकॉप्टर को बचाव कार्य में नहीं लगाया गया। क्या कारण है कि हजारों की संख्या में मोटर या गैर मोटर नौकायें वहाँ नहीं उतारी गईं। प्राकृतिक आपदा घोषित करने के बाद आज तक की बदहाली का क्या कारण है। आज भी सरकारी कैम्प से ज्यादा लोग गैर सरकारी कैम्प में भोजन कर रहे हैं। इस तरह बिहार जैसे गरीब राज्य में शासन की जरूरत है – शासन विहीनता की वजह से मानव निर्मित आपदा आया। हजारों जानें गईं।

कोसी तटबंध के टूटने की जिम्मेवारी किसके ऊपर आती है? किनकी वजह से प्रकृति का कहर मानव निर्मित आपदा बनकर कई गुणा जानों को निगल लेता है। सम्भावित विध्वंस के मद्देनजर तटबंधों के खिलाफ जब गैर सरकारी विशेषज्ञों ने अभियान बना रखा था, तब नीतीश ने सन्याल आयोग बनाकर केवल तटबंधों के बारे में राय मांगी थी। सन्याल आयोग ने तटबंधों को जरूरी और मजबूत करने लायक बताया था। कोसी तटबंध टूटने के बाद पक्ष और प्रतिपक्ष ने एक–दूसरे पर ऊंगली उठाई है। परन्तु नीतीश सरकार क्या ऐसे संगीन अपराध की सर्वोच्च न्यायालय के जज से जांच कराईगी?

नीतीश कुमार ने एक बयान देकर लूटेरे और जल डकैतों को चेतावनी दी है कि बाढ़–पीड़ितों को लूटने वालों को पाताल से भी ढूढ़ कर सजा दिलवाई जाएगी। क्या मुख्यमंत्री के ऐसे वक्तव्य की रक्षा करने के लिए बिहार में मौजूद होमगार्ड, अर्द्धसैनिक बल के साथ–साथ केन्द्रीय सुरक्षा सैनिकों को जानमाल की हिफाजत के लिए बाढ़ क्षेत्रों की तरफ रवाना कर दिया गया है? क्या नीतीश कुमार की कोरी धमकियों का असर अपराधियों पर पड़ने वाला है?

गत वर्ष भी बिहार में बाढ़ आई थी। यह इस महाविनाश की तरह नही आई थी। परंतु बाढ़ क्षेत्र इससे बड़ा था और इससे तीन गुणा लोग बाढ़ क्षेत्र में फंसे थे। उस समय नीतीश सरकार की आरंभिक लापरवाही पर प्रश्न उठे थे। परंतु नीतीश ने विपक्ष के ऊपर पलटवार करते हुये कहा था कि राहत में पिछली सरकार के मुकाबले प्रति परिवार चार गुणा खाद्यान्न का वितरण कर रहे हैं। राहत सामग्री और मानवता की रक्षा जैसा मसला – पक्ष–प्रतिपक्ष के वार–पलटवार में बदल कर विद्रूप (फार्स) बन गया था। नौकरशाही ने राहत वितरण में अनेक जगह डंउे भांजे और मधुबनी जिले में मुख्यालय के समीप के गांव में पुलिस की गोली से निर्दोष की जान ली गई।

उस समय पीयूसीएल (मानवाधिकार संगठन) ने अपनी रिपोर्ट में बचाव और राहत में सरकार की लापरवाहियों का उल्लेख किया था। प्रतिपक्ष ने विधानसभा में जब इस रिपोर्ट को उठाया तब नीतीश ने खुद पीयूसीएल को 'पाकेट संगठन' कहा। इस पर पीयूसीएल ने प्रश्न पूछा था कि यह संगठन किसके पॉकेट में है। और यह भी पूछा कि जब कुछ साल पहले उनके ग्रामीण रिश्तेदार की हत्या के मामले में उनके ही कहने पर पीयूसीएल ने जाँच की तब यह किसके पॉकेट में था। बहरहाल पिछले साल के राहत कार्य में खाद्यान्न के रूप में बाढ़ में फंसे परिवारों को आँटा देने की जगह नौकरशाही ने गेंहूँ तक बांट दी।

राहत, नौकरशाही और मानवीय असंवेदनशीलता के मद्देनजर इस साल भी प्रश्न हैं। इस लेख के साथ बॉक्स में पूनम के नोट का अंश इस ओर ऊंगली उठाता है। पूनम के नोट लिखे जाने और इस लेख को अंतिम रूप देने के बीच एक माह और बीत चुका है। माह भर पहले जो राहत हमलोगों ने पहुँचाई थी – वहाँ जाने की कोशिश की थी, जहाँ सरकार नहीं पहुँची थी। आज फिर जो ट्रक हमने पहुँचाई है उसको वितरित करने क लिए वैसे इलाके तलाशे गये हैं जहाँ सरकार ने अभी तक राहत नहीं पहुँचाई है।

जिस जनता ने दरिद्रता, जलालत और प्रकृति की मार को लगातार झेला है, उन्हें शासन विहीनता का मर्म मालूम है।

अब नीतीश सरकार ने घरों को फिर से बनाने और खेतों से शिल्ट हटाने का प्रतिव्यक्ति और प्रति एकड़ अनुमानित बजट जोड़ कर केन्द्र सरकार से साढ़े नौ हजार करोड़ रुपये की मदद मांगी है। परंतु केन्द्र सरकार ने पुनः निर्माण का आकलन करने

अपने जिन प्रतिनिधियों को भेजा है यह 20 हजार करोड़ से लेकर 35 हजार करोड़ रुपयों तक की राशि की जरूरत बताई है। इन सब आकलनों में संसद के चुनाव की धमक भी सुनाई पड़ती है। काश इस बार भी केन्द्र सरकार की मध्यस्थता में नेपाल और बिहार के प्रतिनिधि कोसी और गंडक की निगरानी और इस जल संसाधन के नियोजन के मामले में आत्म प्रपंची न बनें। ऐसे प्रश्न बारबार नहीं दुहराये जाते रहेंगे।

नदी जल बिहार के लिये खाद, मछली, बिजली, सिंचाई, पेयजल और परिवहन का माध्यम है। नदियों के स्वतंत्र अविरल बहाव और इसके नियंत्रण–नियोजन के विरोधाभास को खत्म करना हमारी चुनौती है।

बिहार विमर्श का सरोकार यहाँ यह है कि क्या भारत में कल्याणकारी और जनतांत्रिक शासन अधिरचना यहाँ के पिछड़े प्रदेशों, क्षेत्रों और गरीब लोगों की सुधि ले पायेगी। भारत में विकास के सारे पैमानों की यह असल कसौटी है। ■

---

**आपदा के 20 दिनों बाद तक**

# खिचड़ी का स्वाद कड़वा हो जाता है

**– पूनम**

**पटना के श्रीकृष्णानगर मुहल्ले से 3500 पैकेट में सूखा भोजन तैयार कर ट्रक द्वारा 400 किलोमीटर दूर बाढ़ क्षेत्र में पहुंचाया गया। प्रत्येक पैकेट में एक परिवार के लिए एक सप्ताह तक काम चलाने लायक भोजन था। इसे पहुंचाने के लिए महिलाएं भी गई। उनमें पूनम भी थी। उनके अनुभव का एक अंश वस्तुस्थिति की बानकी प्रस्तुत करता है।**

## अररिया 8 सितंबर

जब हम बाढ़ पीड़ित लोगों के लिए बने आजाद नगर शिविर (अररिया) में गए तो वहाँ कुव्यवस्था का ही आलम था। आजाद नगर शिविर में सिर्फ मुसलमान थे। यह सरकारी शिविर, मुस्लिम समाज की सहायता से स्कूल तथा मैदान में लगे टेन्ट के सहारे चल रहा था। स्त्री–पुरुषों ने 'रोजा' रखा था। वहाँ सरकार तथा समाज की मदद से सेहरी के समय दाल–भात तथा इफ्तार के समय शाम को चूड़ा–घूघनी परोसा जा रहा था। लोगों ने बताया कि खाना कम पड़ जाता है। कपड़ा, बिछावन एवं दूध का भारी अभाव था। लोग टेन्ट के नीचे घास पर सोने के लिए मजबूर थे, कमरे में भी बिछावन का इंतजाम नहीं था। बच्चे नंग ध ड़ंग थे। महिला एवं पुरुष के पास भी कपड़े नहीं थे कि वे नहा सके। इस शिविर में युवतियाँ और औरतों की संख्या अच्छी खासी थी। महावारी के समय इस्तेमाल करने के लिए कपड़ों का भारी अभाव होने से महिलाएं बहुत परेशान थीं। रात में बिजली एवं प्रकाश के अन्य साधनों का इंतजाम नहीं था। शौचालय की व्यवस्था बहुत ही बुरी थी। लोगों ने बताया कि बाढ़ का पानी घटे, तो वे घर जाना चाहते हैं क्योंकि शिविर की कुव्यवस्था में रहना बहुत मुश्किल है। कोई भी मेडिकल सुविधा उपलब्ध नहीं थी।

एक जीप एवं ट्रक द्वारा हम करीब 30 साथी अररिया जिले के रानीगंज ब्लॉक पहुँचे। वहाँ से चार ट्रैक्टरों पर खाने का सामान लादकर हम 'भरगामा' ब्लॉक पहुँचे।

भरगामा ब्लॉक के जे.बी.सी. शिविर (जानकी नगर शाखा) में जब हम पहुँचे तो देखा कि करीब 2000 से 3000 से ज्यादा स्त्री–पुरुष एवं बच्चे शिविर में हैं। नहर के दोनों किनारे पर लोग गाँव में लगे बाँस के पेड़ को काटकर अपनी झुग्गी बना कर, रह रहे हैं, परन्तु झुग्गी की छत ढांकने के लिए कोई व्यवस्था नहीं थी। कुछ झुग्गी पर एनजीओ या अन्य लोगों ने प्लास्टीक उपलब्ध कराए थे, तो छत ढंक पाई थी। परन्तु ज्यादातर झुग्गी चादर, साड़ी से ढांकी गई थी या छत खुला था। सरकार की तरफ से रहने की कोई भी व्यवस्था नहीं की गई थी।

पीने के पानी की भारी किल्लत थी, सरकार द्वारा ट्यूबवेल बहुत ही कम संख्या में लगाए गए थे। खिचड़ी दिन भर में एक शाम या कभी दो शाम दिया जा रहा था। खिचड़ी में दाल नहीं के बराबर था। जब हमने सरकारी व्यवस्थापक से पूछा कि खिचड़ी में दाल क्यों नहीं हैं तो बताया गया कि 1/10 के अनुपात में दाल, चावल आ रहा है। वह भी दाल इतना खराब है कि कुछ दाल फेंक देना पड़ता है।

लोगों ने बताया कि ज्यादा हल्दी देकर पीला करने के कारण खिचड़ी का स्वाद कड़वा हो जाता है और एक परिवार को एक ही उपलब्ध बर्तन में खिचड़ी दी जा रही है जो पूरे परिवार का पेट भरने लायक नहीं है। दूध, तो मिल नहीं रहा और माँ को खाना नहीं मिलने के कारण, माँ अपने बच्चे को दूध भी नहीं पीला पा रही है।

### खुबारी परसा 9 सितंबर

**खुबारी परसा (प्रखण्ड त्रिवेणीगंज, जिला सुपौल) कैम्प** करीब तीन से चार कि.मी. लम्बाई में बसा है। लोगों तक राहत नहीं पहुंचा था। लोगों की झुग्गी की छतें लगभग खुली थीं। खाने के नाम पर एक या कभी दो शाम खिचड़ी। मात्रा चार दिनों से यह शिविर चल रहा था। मेडिकल सुविधा नहीं पहुंची थी। दूध भी नहीं मिला। कपड़ा लोगों के पास नहीं था। कुछ लोगों ने मिट्टी का चूल्हा बनाकर खाना पकाना शुरू कर दिया था।

**बघेली शिविर (त्रिवेणीगंज, सुपौल)** करीब 1400 लोग नहर के दोनों किनारे पर करीब पांच कि.मी. तक पर अपनी व्यवस्था बना कर रह रहे थे। सरकार द्वारा भात–दाल या खिचड़ी दोनों शाम दिया जा रहा था। परन्तु व्यवस्था अपर्याप्त थी। मेडिकल सुविधा, कपड़ा, दूध एवं रहने की व्यवस्था नहीं के बराबर थी।

**त्रिवेणीगंज (जिला–सुपौल)** बघेली के बाद स्थिति बहुत ही खराब थी। सरकारी कैम्प नहीं चल रहे थे। जदीया और छातापुर के लोग, गाँव के लोगों द्वारा जो भी राहत दिया जा रहा था, उसी पर वे जिन्दा थे। पूरा कैम्प अंधकार में डूबा था। इसी से लगा चुन्नी गांव भी है। सरकारी कैम्प नहीं लगने से और अन्य राहत कार्य के नहीं चल पाने के कारण गांव के लोगों को लगातार भूख का सामना करना पड़ रहा था। जब मैं बघेली शिविर में अपने साथियों के साथ फूड पैकेट (करीब रात के दस बजे) बांट रही थी, तो जदीया तथा पास के गांव के लोग अपनी स्थिति बता कर फुड पैकेट की मांग कर रहे थें। मैं उस समय ट्रैक्टर पर थी, और हमारा सामान लगभग खत्म हो रहा था। एक व्यक्ति की बात सुनकर मैं अंदर तक हिल गई। उसने कहा – सरकारी कैम्प नहीं चल रहा है, आप लोग भी आज सामान नहीं दे रहे हैं। ठीक है मत दीजिए, मर जाएंगे! मुझे, सच, बहुत दुःख हुआ, क्योंकि हमलोग सिर्फ कल का वादा करके विदा हो रहे थे क्योंकि सामान खत्म हो गया था। ■

**પ્રિય વાચકો,**

અમને આશા છે કે ‘ખોજ’ના અંક આપને નિયમિત અને સારી સ્થિતિમાં મળતા હશે. જો એમ ના હોય તો, અથવા લવાજમ અંગે અન્ય કોઈ પ્રશ્ન હોય તો અમારી ક્ષમાયાચના સ્વીકારશો અને નીચે આપેલાં અગત્યનાં સૂચનો ધ્યાનમાં રાખશો.

- મેઈલિંગ લેબલ પર આપના ગ્રાહક ક્રમાંકની સાથે લવાજમ પૂરું થતું હોય એ મહિનો/વર્ષ આપ્યાં હોય છે, જે ધ્યાનમાં રાખી ફેરલવાજમ મોકલવાનું ચૂકશો નહીં.
- લવાજમ ભરતી વખતે પૂરું સરનામું, પીનકોડ, ટેલિફોન નંબર લખી મોકલશો.
- લવાજમની રસીદ સામાન્ય રીતે ‘ખોજ’ના એ પછીના અંક સાથે મોકલીએ છીએ. લવાજમ મળ્યાનું પોસ્ટકાર્ડ જોકે તુરંત લખી દઈએ છીએ. જો આપને રસીદની તાત્કાલિક જરૂર હોય તો લવાજમ ભરતી વખતે એની સ્પષ્ટ સૂચના લખશો.
- જો આપનું સરનામું બદલાયું હોય તો અમને એની જાણ કરશો.
- કોઈ અંક ના મળ્યો હોય તો જણાવશો. અમે બીજી નકલ મોકલી આપશું.
- જો ભૂલથી આપના સરનામે બે નકલ આવતી હોય તો અમને જાણ કરશો.
- શરૂઆતનાં બે વર્ષના જૂના અંકોનો બાઈન્ડિંગ કરાવેલો પૂરો સેટ તેમજ છેલ્લા વર્ષના ૬ અંકો ‘આર્ચ’ના વડોદરા તથા માંગરોળના સરનામેથી મળશે. એની કિંમત (પોસ્ટેજ ખર્ચ સહિત) રૂ. ૨૫૦/- છે અને બહારગામના ચેકમાં રૂ. ૪૦/- ઉમેરવા વિનંતી છે.

# વિજ્ઞાન-અધ્યાત્મ-૭ (અ)

## ચાર્લ્સ ડાર્વિન - જીવોની ઉત્ક્રાંતિ

### લામાર્કીઝમ - સર એલીસ્ટર હાર્ડીનું જીવંત ઝરણું (The Living Stream)

- અનિલ પટેલ

**I can not think that the world as we see it is the result of chance; and yet I can not look at each separate thing as the result of Design... I am, and shall ever remain, in a hopeless muddle.**

**Charles Darwin (1860)**

**Nothing in biology makes sense except in the light of evolution.**

**Thodosius Dobzhansky (1973)**

**As Sir Alister Hardy hints (in the Subtitle of his book, 'The Living Stream'), this "restatement" of the Darwinian theory can elucidate "its relation to the spirit of man".**

**Karl Popper (1977)**

વિજ્ઞાન અધ્યાત્મની ચર્ચાના છેલ્લા તબક્કામાં આપણે પ્રવેશી રહ્યા છીએ. ઈરાદો ૭મા લેખમાં ચર્ચાને પૂરી કરવાનો હતો. પરંતુ તે શક્ય બન્યું નથી. મૂળે વિચારેલા ૭મા લેખમાં ડાર્વિન-ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યમાં માનવીય ચેતનાના ઉદ્ભવની કાર્લ પોપરની થિયરી ચર્ચવા માંગતો હતો. પરંતુ ડાર્વિનિયન ઉત્ક્રાંતિનાં મહત્વનાં આયામોને પૂરતા ખોલ્યા વગર પોપરની થિયરીની ચર્ચામાં જવું મને શક્ય ના લાગ્યું. પોપરની થિયરી ઉત્ક્રાંતિવિચારની ડાર્વિન પછી ચાલેલી વિવાદપૂર્ણ, ગહન ચર્ચામાં પ્રમાણમાં મોડા તબક્કે પ્રવેશ કરે છે. પોપરની હિંમતભરેલી થિયરીની નવિનતા અને જટિલતાને સમજવા ડાર્વિન વિચારયાત્રાની ધારેલી તે કરતાં વધારે છણાવટ કરવી જરુરી છે. મૂળ ૭મો લેખ ખૂબ લાંબો થઈ જતાં બે ભાગમાં વહેંચી દીધો છે. આ લેખમાં (૭અ) વિસ્તાર પામેલા ડાર્વિન વિચારની ચર્ચા છે, જેમાં મેં સર એલીસ્ટર હાર્ડીના પુસ્તક The Living Stream (૧૯૬૫)નો બહુ મોટો આધાર લીધો છે. હાર્ડીએ કલ્પેલ જીવંત ઝરણા (The Living Stream)નું રૂપક મને બહુ ઉપયોગી લાગ્યું છે. આ સિવાય માર્ક રીડલી, ડોબઝેન્સકી, આયેલા જેવા ધુરંધર ઉત્ક્રાંતિવિદોના વિચારોને પણ જીવંત ઝરણાના વહેણની સાથે લેવાની કોશિશ કરી છે.

બીજા લેખ (૭બ)માં વિકસી રહેલા ડાર્વિન વિચારના એક મહત્ત્વના તંતુને આગળ ખેંચીને માનવીય ચેતના સુધી લઈ જતા પોપરના વિચારની ચર્ચા કરવા ધારી છે.

કોપરનીક્સ-ગેલીલીયોથી ચાલુ થયેલી પાંચ સદીની આધુનિક વિજ્ઞાનયાત્રા સાથે અટપટી રીતે ગુંથાયેલી જ્ઞાનમીમાંસાની થિયરીઓની ચર્ચા આપણને પોપરની આલોચનાત્મક રેશનાલીટીની જ્ઞાનમીમાંસામાં લઈ ગઈ. અધ્યાત્મ (મેટાફીઝિક્સ)–વિજ્ઞાન વચ્ચેના વિધેયાત્મક-નકારાત્મક સંકુલ સંબંધો પણ આ ચર્ચાની અંતર્ગત ખુલ્લા થયા.

૧૯૩૪ માં Logic Of Scientific Discoveryના મૂળ જર્મન પુસ્તકમાં મુકાયેલી પોપરની જ્ઞાનમીમાંસા ક્રમશઃ તેને ૧૯૬૦ના દાયકામાં ડાર્વિનના જીવોની ઉત્ક્રાંતિના ક્ષેત્રમાં લઈ જાય છે. ડાર્વિનની થિયરીનું એક મહત્ત્વનું અંગ જીવોનું અનુકૂલન (adaptation), પોપરની વિકસી રહેલી જ્ઞાનમીમાંસાના સંદર્ભમાં જીવોને સભાનપણે કે અભાનપણે પ્રાપ્ત થતું વાતાવરણનું જ્ઞાન છે – અનુકૂલન એટલે જ જ્ઞાન એ પોપરની મુખ્ય થિસીસ છે. આ આંતરસૂઝમાંથી પોપરની ઉત્ક્રાંતિમૂલક જ્ઞાનમીમાંસા

(Evolutionary Epistemology)નો ઉદ્ભવ થયો છે. ડાર્વિનની થિયરીના હાર્દનો સંપૂર્ણ સ્વીકાર કરીને, તેના હાંસિયામાં (margin) ઉપર થોડાક સુધારા સૂચવીને પોપર જીવોના જ્ઞાનની ઉત્ક્રાંતિના એક ભાગ રૂપે મનુષ્યજ્ઞાનના ઉદ્ભવ અને વિકાસની થિયરી મૂકે છે; મનુષ્યેતર જીવો અને મનુષ્યની જ્ઞાનપ્રક્રિયાના ક્રાંતિકારી તફાવતો પણ સ્પષ્ટ કરે છે, અને છેલ્લે અનન્ય મનુષ્ય જ્ઞાનને શક્ય બનાવતી માનવીય મગજ-મનની અવસ્થા (Body-Mind state)અને પ્રક્રિયામાં અનન્ય મનુષ્ય ચેતના- સ્વચેતના (self consciousness)ને ગોઠવે છે.

જીવોની ચેતના (પ્રાણ?) અને વિશેષ કરીને મનુષ્યની ચેતના વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચેના ગજગ્રાહની કે પ્રતિયોગિતાની છેલ્લી દ્વંદ્વભૂમિ કે રંગભૂમિ (arena) છે.

હ્યુમ- રસેલ- વીટગેઇનસ્ટીન- કાર્નેપે પ્રબોધેલી પોઝિટીવીસ્ટ વ્યક્તિપરસ્ત જ્ઞાનમીમાંસાએ વાસ્તવિકતાને બહાર દેખાતી સપાટી ઉપર મર્યાદિત કરી દીધી. વિજ્ઞાનનું ધ્યેય સૃષ્ટિનાં દૃષ્ટિપારનાં, અગોચર રહસ્યો – સત્ય ખોજનનું નહીં પરંતુ ઉપયોગી સાધનો અને માત્ર ઉપયોગી સાધન (instruments only)ને વિકસાવવા પૂરતું સીમિત કરી દીધું. આ મહાન જ્ઞાનમીમાંસકો વાસ્તવિકતા (Reality)માં પૂરી શ્રદ્ધા ધરાવતા હોવા છતાં, મૂળે તેની ખોજમાં નીકળેલા યાત્રીઓ હોવા છતાં તેમની ભૂલભરેલી જ્ઞાનમીમાંસાના કારણે સાધનવાદી જ્ઞાનમીમાંસા (instrumentalism) ના મુકામે પહોંચી ગયા. સૃષ્ટિનાં ગૂઢ સત્યોને શોધવાની વિજ્ઞાનની ખોજના મૂળ ધ્યેયને જ ચાતરી ગયા. આ ધ્યેયને જમીનદોસ્ત કરવાની તેમની તાક હોવાનું ચિત્ર ઊભું થઇ ગયું છે. સૃષ્ટિનાં મહાન ગૂઢ રહસ્યો - સત્યોને શોધવાનો- જાણવાનો ઇજારો સામે ચાલીને આ જ્ઞાનમિમાંસકોએ અને તેને અનુસરતા વિજ્ઞાનીઓએ ધર્મ – અધ્યાત્મના હાથમાં આપી દીધો છે. ગેલીલીયો- ન્યૂટન- ડાર્વિનની અગુઆઇમાં નીકળેલા રેશનાલિટીના કારવાંને તેમણે જાણે ત્યજી દીધો છે, છેહ દીધો છે.

પોઝિટીવીસ્ટ પરંપરાની નીચે પ્રમાણમાં કૂણા (soft), લચીલા (flexible), દ્રવ્યવાદ (materialism)નું રૂપાંતર ક્રમશઃ સખત (hard), અક્કડ (Rigid) ભૌતિકવાદ (Physicalism)માં થયું છે. તેની સાથે ને સાથે ડાર્વિનના સમયે પ્રચ્છન્ન રહેલો પ્રમાણમાં નિર્દોષ નિયતિવાદ પણ વધુ બળૂકો, ધ્યાનાકર્ષક અને બિહામણો બન્યો છે.

૨૦મી સદીના ફરજંદ સમા આ ભૌતિકવાદ (physicalism) પ્રમાણે ભૌતિક વિજ્ઞાન (physics)ની ભાષા સાર્વત્રિક વિજ્ઞાનની ભાષા છે. આ કારણે તે ભાષા વિજ્ઞાનનાં બધાં જ ક્ષેત્રોની ભાષા બનવી જોઇએ. આ રીતે સમગ્ર વિજ્ઞાન આખરે ભૌતિક વિજ્ઞાનમાં ફેરવાવી શકાવું જોઇએ. ભૌતિક વિજ્ઞાનને અને તેમાં પ્રયોજાતી ભાષાને સર્વોચ્ચ સ્થાને સ્થાપતી આ ફિલોસોફીને સામ્રાજ્યવાદી (imperialist) વૈજ્ઞાનિક ફિલોસોફી પણ કહેવામાં આવી છે. (તેના ફાયદાઓ પણ અનેક થયા છે તેટલું જ અહીં કહી શકું.)

તેના પ્રમાણે વિજ્ઞાનના કોઇપણ ક્ષેત્રની થિયરીઓની બધી જ વિભાવનાઓ (concepts - થિયરીઓમાં વપરાતા શબ્દો)ને ભૌતિક શબ્દોમાં ફેરવી નાખવી જોઇએ. કારણ કે વાસ્તવમાં એક જ સ્થિતિ છે - ભૌતિક સ્થિતિ (physical state). ઇંદ્રિય સંવેદનોને જ્ઞાનપ્રાપ્તિમાં પ્રાથમિકતા આપતી આ થિયરીમાં દ્રવ્ય ભૌતિક-પદાર્થો (matter) જ અને તેમની ગતિ જ માત્ર એક વાસ્તવિકતા છે જે સંવેદનો જન્માવી શકે છે. જેનું સંવેદન નથી તે વાસ્તવિક નથી. આમ, માત્ર ભૌતિક વિશ્વ જ એક માત્ર વાસ્તવિક વિશ્વ છે. એક વાર આવો અંતિમ સ્વરૂપનો વિચાર મુકાય પછી પ્રાણીઓ કે મનુષ્યોને થતી પ્રેરણાઓ, હેતુઓ, ઇચ્છાઓ, કલ્પના જેવી માનસિક સ્થિતિ (mental state)નું સૂચન કરતા બધા જ શબ્દો (concepts) પોઝિટીવીસ્ટીક ભૌતિકવાદ પ્રમાણે અર્થહીન - મેટાફિઝીકલ ઠરે છે. ભૌતિકવાદનો તાર્કિક નિષ્કર્ષ ચેતનાનો મૂળસોતો જહાલી (Radical) ઇન્કાર છે.

એ વિશે કોઇ બે મત નથી કે ડાર્વિન પોતે તેના સમયમાં પ્રચલિત દ્રવ્યવાદી થિયરીના પ્રમુખ પ્રતિનિધિ બ્રિટીશ અવલોકનવાદ (empiricism)નો પ્રખર હિમાયતી હતો અને તેનું આચરણ કરવાનો પૂરો પ્રયત્ન કરતો હતો. (પૂર્ણ કળાએ ખીલેલો ભૌતિકવાદ (physicalism) હજી ૬૦-૭૦ વર્ષ દૂર હતો.) આ સંદર્ભમાં તેણે આપેલાં ઉત્ક્રાંતિનાં વર્ણનો અને કારણો વ્યાજબી રીતે સંપૂર્ણ લૌકિક (secular) ભૌતિક (દ્રવ્યવાદી) હતાં. ગેલીલીયો - ન્યૂટને પ્રસ્થાપિત કરેલી લૌકિક કાર્યકારણના સિધ્ધાંતની પરંપરાને તે આગળ લઇ જતો હતો.

ડાર્વિને ગ્રહણ કરેલા પ્રચલિત કૂણા, લચીલા દ્રવ્યવાદની ઉપર ચૂસ્ત, અક્કડ ભૌતિકવાદની સરસાઈની શી અસરો થઇ ?

જેમ દ્રવ્યવાદી જ્ઞાનમીમાંસા એક સંક્રાંતિકાળમાંથી પસાર થઇ તે જ પ્રમાણે ડાર્વિનવાદી થિયરી પણ એક સંક્રાંતિમાંથી પસાર થઇ છે અને નૂતન ડાર્વિનવાદ (Neo Darwinism)નું નામ પામી છે.

ભૌતિકવાદી જ્ઞાનમીમાંસા અને નૂતન ડાર્વિનવાદના સંયોજનની જીવવિજ્ઞાન ઉપર અને ખાસ કરીને ઉત્ક્રાંતિના વિચાર ઉપર શી અસરો થઇ તે એક પેચીદો સવાલ છે.

પોઝિટીવીસ્ટ ભૌતિકવાદી જ્ઞાનમીમાંસાને પડકારતો પોપર અહીં પ્રવેશ કરે છે. નૂતન ડાર્વિનવાદને પડકાર આપી રહેલી કાયાપલટ પામેલી લામાર્કીયન વિચારસરણી (હાર્ડીનું જીવંત ઝરણું)માંથી પ્રેરણા લેતો જૈવિક - ઓર્ગેનિક પસંદગી (Organic Selection)ના સિદ્ધાંતને પોરસાવતો પોપર તેને નૂતન ડાર્વિનવાદની મધ્યે ગોઠવી રહ્યો છે. તેમ કરતાં ચેતના (consciousness)ને નકારતા કે જીવસૃષ્ટિમાં તેના નિર્ણાયક મહત્ત્વને અવગણતા પોઝિટીવીસ્ટ ભૌતિકવાદની સામે બીજો મોરચો ખોલી રહ્યો છે. મનુષ્ય ચેતનાને ડાર્વિનીયન ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યમાં મૂકતો પોપર માનવીય જ્ઞાન, ગૌરવ અને સ્વતંત્રતાને અને ભુલાયેલા માનવવાદને પુનઃસ્થાપિત કરે છે; તેની ઉપર થઇ રહેલા પોઝિટીવીસ્ટ હલ્લાને ખાળે છે; અને સૃષ્ટિનાં ગૂઢ રહસ્યોની ખોજનું વિજ્ઞાનનું વિસારી દેવાયેલું મૂળ ધ્યેય પ્રતીતિજનક રીતે પ્રસ્થાપિત કરે છે.

## ચાર્લ્સ ડાર્વિન - જીવોની ઉત્ક્રાંતિ

કાર્લ પોપરનો એક આગ્રહ છે કે વિજ્ઞાનના કોઇપણ વિચાર કે થિયરીને સમજવી (understand) હોય તો તે માટેની ઉત્તમ રીત ઇતિહાસની છે - થિયરી કયા પ્રશ્નોનો ઉકેલ લાવવા મથતી હતી તેના ઉકેલમાં કેટલી સફળ રહી અને છેવટે કયાં આવીને ઊભી તેનો ઇતિહાસ.

ડાર્વિનના ઉત્ક્રાંતિ વિચારના વિકાસના ઇતિહાસની વિગતો મહદ્ અંશે ઓક્સફોર્ડ યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્રના પ્રોફેસર એલીસ્ટર હાર્ડીની The Living stream (૧૯૬૫) - જીવંત ઝરણા ઉપર આધારિત છે. પરંતુ ઓક્સફોર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર માર્ક રીડલી અને બીજા જાણીતા ઉત્ક્રાંતિવિદો થીઓડોસીયસ ડોબઝેનસ્કી અને ફ્રાંસીસ્કો આયેલા અને અન્યોનો પણ આધાર લે છે.

ગેલીલીયો - ન્યૂટને ક્રિશ્ચિયાનિટીની સૃષ્ટિ રચનાના એક કિલ્લાને જમીનદોસ્ત કર્યો. હવે ડાર્વિન બાઇબલ - જીનેસીસમાં વર્ણવાયેલી જીવસૃષ્ટિની થિયરીની કિલ્લેબંધી ઉપર ૧૯મી સદીની મધ્યે જબરજસ્ત હુમલો લઇ જાય છે. ભૌતિક વિજ્ઞાનમાં ન્યૂટન વિગેરેએ જે કર્યું તે પણ જીનેસીસમાં વર્ણવાયેલી જીવસૃષ્ટિની દાસ્તાં ઉપર શંકા ઉઠાવવાનો ભાગ્યે જ કોઇ અવકાશ હતો કારણ કે તે કાળના જીવવિજ્ઞાનમાં બહુ મહત્ત્વનું યોગદાન આપી રહેલા ધુરંધર જીવવિજ્ઞાનીઓને જ જીનેસીસની થિયરીમાં અખૂટ વિશ્વાસ અને શ્રદ્ધા હતી. પાદરીઓ મહત્ત્વનું પરિબળ જરૂર હતા, પરંતુ વિજ્ઞાનમાં તો સર્વોપરિતા જીવવિજ્ઞાનીઓની હતી. આ કારણસર ઉત્ક્રાંતિને સેક્યુલર કાર્ય-કારણના માળખામાં મૂકીને સમજાવવાનો પડકાર નાનોસૂનો ના હતો. લૌકિક કાર્ય-કારણના માળખામાં ઉત્ક્રાંતિને મૂકીને સમજવાનો પ્રયત્ન ડાર્વિનના પુરોગામીઓએ કર્યો પરંતુ જીનેસીસના સમર્થક પ્રખર જીવવિજ્ઞાનીઓએ તેને ઉગતો જ દાબી દીધો.

## પૂર્વ ડાર્વિન ઉત્ક્રાંતિ વિચાર - ઈરેસ્મસ ડાર્વિન, લામાર્ક

ઉત્ક્રાંતિની થિયરીને રજૂ કરતા ડાર્વિનના પુરોગામીઓમાં સૌથી મહત્ત્વનાં બે નામોનો ઉલ્લેખ કરવો જોઇએ- ડાર્વિનના દાદા ઈરેસ્મસ ડાર્વિન અને ફ્રાંસનો લામાર્ક. લામાર્ક ૧૮મી સદીના તેના પ્રખ્યાત ગુરૂ બુફોન (Buffon) પાસેથી એક પાઠ શીખેલો કે જાતિઓ (Species) જીનેસીસમાં વર્ણવ્યા પ્રમાણે અપરિવર્તનીય (immutable) નથી હોતી. તેની અગાઉની બે સદીથી વિકસી રહેલાં પ્રાણીઓ અને વનસ્પતિઓના સંકુલ વર્ગીકરણમાં પાવરધા લામાર્કને આ પાઠ બરાબર સમજાઇ ગયો હતો. તેને સમજાઇ ગયું હતું કે વૈવિધ્ય ધરાવતા જીવોનું બહુસ્તરીય (hierarchical) વર્ગીકરણ શક્ય બનતું હતું એ કારણે કે તેમની વચ્ચે ઊંડી સામ્યતા પણ હતી. સમાન પૂર્વજના ક્રાંતિકારી વિચારનાં બીજ આમાં હતાં. ઈરેસ્મસ ડાર્વિનની થિયરીથી અજાણ લામાર્કે તેના જેવી જ થિસીસ ૧૮૦૯માં (જે વરસે ચાર્લ્સ ડાર્વિનનો જન્મ થયો) રજૂ કરી.

તે મુજબ, જીવ એક અંતઃપ્રેરણા અને હેતુનો દોરવાયો પેઢી દર પેઢી તેનું કદ, સંકુલતા અને કાર્યક્ષમતા સતત વધારવાની કોશિશમાં રહેતો હોય છે. જ્યારે તેનો દેહ કોઇ ખાસ ‘‘જરૂરિયાત’’ કે ‘‘અછત’’નો અનુભવ કરે છે ત્યારે તેનો ઉકેલ શોધવા તે નવું અંગ વિકસાવે છે કે હયાત અંગના કોઇ ભાગનો વિકાસ કરે છે. કોઇપણ અંગનો વિકાસ તેના ઉપયોગ કે બિનઉપયોગના પ્રમાણમાં થાય છે. જીવનભરમાં આવી રીતે પ્રાપ્ત થયેલાં (acquired) કે પરિવર્તિત થયેલાં અંગો કે લક્ષણોનો વારસો (inheritance) નવી પેઢીને મળે છે. લામાર્કની થિયરીને ઉત્ક્રાંતિના વિરોધીઓએ ભલે દબાવી દીધી પણ તેના ચાહકો રહ્યા જ. તેની થિયરી પ્રમાણે જીવનયાત્રામાં સાવ નાચીજ લાગતા જીવો પણ સક્રિય હોય છે, અને તેની દિશા પસંદગીમાં તેમનું પણ મહત્ત્વનું યોગદાન હોય છે. આ થિયરીનું આકર્ષણ હંમેશાં રહ્યું છે. ડાર્વિન હજી તો ૧૬ વર્ષનો હતો ત્યારે લામાર્કથી પ્રભાવિત એક મિત્રે તેને લામાર્કની થિયરી કહી. ડાર્વિને શાંતિથી વાત સાંભળી લીધી. પરંતુ તેનો પ્રતિભાવ એ રહ્યો કે થિયરી વધુ પડતી અટકળબાજી (too speculative) છે.

થિયરીને ઉડાવી દેતાં તેણે કહ્યું કે થિયરીના સમર્થનમાં તથ્યોનો કોઇ ખાસ આધાર નથી. ડાર્વિનની વિચાર પધ્ધતિ અને કાર્ય પધ્ધતિ ઉપર અહીં ઊંડો પ્રકાશ પડે છે.

## ડાર્વિનની જ્ઞાનમીમાંસા

ડાર્વિનની આલોચના તેના કાળના વિકટોરીયન ઈંગ્લેન્ડમાં પ્રર્વતતી અવલોકનમૂલક (empirical) કે દ્રવ્યવાદી (materalist) જ્ઞાનમીમાંસા પર આધારિત હતી. પ્રચૂર તથ્યોના આધાર વગરની કોઇપણ અટકળો તરફ ડાર્વિનને ઉઘાડો તિરસ્કાર હતો. આમ જોવા જઇએ તો જીનેસીસનો ઊંડો પગદંડો જીવવિજ્ઞાનમાં હતો કારણ કે તેના સમર્થક જીવવિજ્ઞાનીઓએ પ્રવર્તતી જ્ઞાનમીમાંસાને સ્વીકાર્ય તેવા ઘણા પુરાવાઓ આપ્યા જ હતા. ઊંડાં મૂળિયાં નાંખીને બેઠેલી આ થિયરીને હટાવવાનું કામ સહેલું ના હતું. વળી, ડાર્વિનનો કોઇ એવો ઇરાદો કે પ્રયત્ન તે કાળે હતો નહીં.

આપણે જોઇશું કે ૧૮૩૭-૩૮માં ઉત્ક્રાંતિની થિયરીએ ડાર્વિનના મગજમાં નક્કર આકાર લઇ લીધા પછી પણ તેણે બીજાં ૨૦ વર્ષ સુધી વિવિધ ક્ષેત્રોમાંથી થોકબંધ (ક્રીટીકલ) તથ્યો અને પુરાવાઓ ભેગા કર્યા જ કર્યા. આવા તોતીંગ કેસથી જ જીનેસીસની અપરિવર્તનીય જાતિઓની થિયરીને પરાસ્ત કરી શકાઇ અને જીવોની ઉત્ક્રાંતિનો સિધ્ધાંત સ્વીકાર્ય બન્યો.

ડાર્વિનની કાર્યપદ્ધતિમાં પહેલી નજરે દેખા દેતી જ્ઞાનમીમાંસા કલાસીકલ ઇન્ડકશનની જ જણાય છે. થોકબંધ અવલોકનો ભેગાં કરવાં અને તેમાંથી થિયરીને ઇન્ડયુસ કરવી અને ત્યાર બાદ બીજાં અવલોકનો કરીને તેને પ્રસ્થાપિત કરવી. તેની આત્મકથામાં ડાર્વિને સ્પષ્ટ શબ્દોમાં લખ્યું કે તે ''શુદ્ધ બેકનિયન સિધ્ધાંતને જ ચુસ્તપણે વળગીને જ આગળ વધ્યો છે અને થિયરી માત્રથી મુક્ત રહીને જ તેણે જથ્થાબંધ તથ્યો એકઠાં કર્યા છે.'' આ જ સૂર ઊઠે છે તેના પ્રખ્યાત પુસ્તક Origin Of Speciesના પ્રથમ ફકરામાં. અહીં ખુલ્લી થાય છે ડાર્વિનની ઊંડી સંદિગ્ધતા. કારણ એ કે તેના અપ્રસિદ્ધ પત્રોમાં, રોજિંદી નોધોમાં અને Originમાં રજું કરેલાં તથ્યો અને દલીલના મારામાં બીજું જ ચિત્ર ઊભું થાય છે. તે કાળની પ્રચલિત દ્રવ્યવાદી જ્ઞાનમીમાંસામાં અટકળો- પરિકલ્પનાઓ (hypothesis) જેવા શબ્દોનો પ્રયોગ ફક્ત મેટાફીઝીકસ માટે જ થતો જેના માટે કોઇ અવલોકનમૂલક આધાર ના હોય. ન્યૂટને પણ તેની ગુરુત્વાકર્ષણ થિયરીના સંદર્ભમાં કહેલું જ ને કે ''હું કોઇ પરિકલ્પના કરવામાં માનતો નથી.'' લામાર્કની થિયરીને ડાર્વિને એ કારણે જ ફગાવી હતી કે અવલોકનરહિત અટકળો માટે તેને તિરસ્કાર હતો.

વળી ડાર્વિનને એ ભય હતો જ કે જો એવી છાપ ઊભી થાય કે તે ઇન્ડકશનના સિદ્ધાંતોનું પાલન કરતો નથી તો તેની ઉપર સીધું જ આળ ચઢી જાય કે તેનાં અવલોકનો થિયરીમુક્ત નહીં હોવાથી વ્યક્તિપરસ્ત (subjective) હતાં. આટલું તો તેની થિયરીનું કાટલું કાઢી નાંખવા પૂરતું હતું.

Originને અને તેનાં અન્ય વૈજ્ઞાનિક લખાણોને વાંચતાં કોઇને પણ ખ્યાલ આવી જાય કે તેનાં અવલોકનોનો સૌથી વધુ ઉપયોગ તે તેની થિયરીઓને ચકાસવામાં કરે છે એટલે કે થિયરીની નબળાઈ કે ક્ષતિઓની ચકાસણી માટે. વારંવાર તે સામે ચાલીને થિયરીઓ ઉપર શંકા ઉઠાવે છે, થિયરીને નકારતાં કે તેની ઉપર શંકા ઊભી કરતા કોઇ પણ અવલોકનને તે નકારતો નથી. આલોચનાત્મક દૃષ્ટિ અને પધ્ધતિ ડાર્વિનની ચકાસણીના હાર્દમાં છે. વળી તેના એક વિદ્યાર્થીને વ્યવહારુ સલાહ આપતા એક પત્રમાં લખેલું કે ''કોઇપણ પેપરની શરૂઆતમાં થિયરીના ઉલ્લેખ કરવા નહીં; પરંતુ અવલોકનો તો તારી થિયરીના માર્ગદર્શન હેઠળ જ કરવાં. જ્યાં સુધી તારી ખ્યાતિ બંધાય નહીં ત્યાં સુધી થિયરીનું નામ પાડીને કશું પ્રસિદ્ધ કરવું નહીં, કારણ કે જો એમ કરીશ તો તારાં અવલોકનો ઉપર શંકા ઉઠાવાશે.'' આ પત્રમાં ડાર્વિને ત્યાં સુધી લખેલું કે ''કોઇપણ અવલોકન હંમેશાં કોઇ દૃષ્ટિબિંદુની વિરુદ્ધમાં કે તરફેણમાં જ હોય છે. આવું જોઇ ના શકનારને અડીયલ ના કહેવાય તો શું કહેવાય?'' ડાર્વિને વારંવાર એ હકીકતનો પણ સ્વીકાર કરેલો છે કે ''દરેક વિષય ઉપર પરિકલ્પના - અટકળ કર્યા વગર તેને ચાલતું જ નથી. વાસ્તવમાં ડાર્વિન પરિકલ્પના - નિગમન પધ્ધતિ (Hypothetico - deductive method) નો બેજોડ અને અઠંગ ખેલાડી હતો.

## ઉગતો પ્રકૃતિવિદ - બીગલની સમુદ્રયાત્રા

ડાર્વિનનો જન્મ બહુ વિદ્યાસંગી પરિવારમાં થયેલો. પરંતુ બાળપણનું તેનું બૌદ્ધિક કાઠું સામાન્ય કક્ષાનું જ કહીં શકાય. યુવાનીનાં શરૂઆતનાં વરસોમાં તેનો રસ શિકાર, બંદૂકબાજી, ઘોડેસવારી અને મિત્રો સાથે દારૂ પીતાં ગપસપ કરવાનો અને પત્તાં રમવાનો હતો. તેના પિતાની ઇચ્છા તેને તબીબ બનાવવાની હતી પરંતુ તેના જડ ચોકઠામાં તો થોડાં જ વરસોમાં યુવાન ડાર્વિન ઉબાઇ ગયો. પિતાએ વિચાર્યું ડોકટર ના બને તો કાંઇ વાંધો નહીં, ચર્ચનો પાદરી બને! કેમ્બ્રીજ યુનિવર્સિટીની ક્રાઇસ્ટ કોલેજમાં નામ પણ દાખલ કરાવ્યું. કેમ્બ્રીજમાં ''તે ગભરૂ ઝરણાને કોઇ પ્રવાસીએ જગવી સિંધુ રટણા''. તે દિવસોમાં તબીબીશાસ્ત્રનો અભ્યાસ કરનારા બધા જ જીવવિજ્ઞાનનો અભ્યાસ

કરતા જ. (કમનસીબે આ પરંપરા હવે જીર્ણ થવા માંડી છે.) કેમ્બ્રીજ યુનિવર્સિટીના વનસ્પતિશાસ્ત્રના પ્રોફેસર હેનસ્લોએ તેની ઉપર બહુ મોટો પ્રભાવ નાંખ્યો. ડાર્વિનને બીટલ જીવડાં ભેગાં કરવાનો ગાંડો શોખ તો લાગી જ ચૂક્યો હતો. હેનસ્લોએ તેને પોતાની પાંખમાં લીધો. લાંબા પગપાળા પ્રવાસોમાં હેનસ્લોએ તેની સમક્ષ જીવસૃષ્ટિનાં અનેક રહસ્યો ખોલી બતાવ્યાં. હેનસ્લોની પહોંચ વનસ્પતિશાસ્ત્ર પૂરતી જ મર્યાદિત ન હતી. તે કાળના પ્રબુધ્ધ વિદ્વાન પ્રોફેસરોની જેમ તે રસાયણશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર જેવાં બીજાં કેટલાંય વિજ્ઞાનોની ચાલી રહેલી ખોજની અગ્ર હરોળમાં રહેતો. ડાર્વિનની આંખ આડેનાં પડળો હટવા માંડયાં. એક ઉત્કટ નવજુવાન પ્રકૃતિવિદ (Naturalist) ધીમે ધીમે આકાર લઇ રહ્યો હતો. ૧૮૩૧નું વરસ ડાર્વિન માટે નિર્ણાયક બનવાનું હતું. હેનસ્લોની ભલામણથી ડાર્વિને H.M.S. Beagle નામના સર્વે કરતા વહાણમાં પગાર વગરના પ્રકૃતિવિદનું સ્થાન સ્વીકારવાનું નક્કી કર્યું. બીગલનો કપ્તાન ફીટ્ઝ રોય હતો અને તેનું મિશન દક્ષિણ અમેરિકા ખંડના સર્વે કર્યા વગરના મહાસાગરીય કિનારાઓનો સર્વે કરવાનું હતું. દક્ષિણ અમેરિકા ખંડ અને દૂર દૂરના મહાસાગરોની લાંબી સફરે સ્વેચ્છાએ જતા પુત્રને મોકલવાની પિતાની ઇચ્છા હતી નહીં પરંતુ કાકા દરમિયાન થયા અને પિતાને રાજી કરી દીધા, દુનિયાને ન્યૂટનની બરોબરી કરી શકે તેવા અવ્વલ દરજ્જાના વિજ્ઞાનીની ભેટ ધરી દીધી. એક વાતની નોંધ લેવી જોઇએ કે હેનસ્લો રૂઢિચુસ્ત, બાઇબલમાં ઊંડી શ્રદ્ધા ધરાવતો જીનેસીસની થિયરીઓને અક્ષરશઃ માનતો એક મહાન વનસ્પતિશાસ્ત્રી હતો. જીનેસીસ વિરુદ્ધની એક વાત સહી લેવા તે તૈયાર ના હતો! તેના જ જીવનકાળમાં તેના જ પ્રિય પટ્ટશિષ્યએ જીનેસીસને જમીનદોસ્ત કરી દીધું! બીગલની લાંબી સફરે નીકળતા ડાર્વિનને હેનસ્લોએ સામે ચાલીને પ્રણાલિભંજક યુવાન ભૂસ્તરશાસ્ત્રી લાયેલનું નવું જ બહાર પડેલું પુસ્તક Principles of Geology આપ્યું અને આપતી વખતે કહ્યું, ''જોઇ જજે પણ તેની થિયરીઓ નર્યો બકવાસ જ છે.'' કેવો ગુરુ! કેવો શિષ્ય! શું હતું આ પુસ્તકમાં? લાયેલ ભૂસ્તરશાસ્ત્રની એક અલ્પ બહુમત થિયરીનો સમર્થક હતો કે પૃથ્વી ઉપર દેખાતા પહાડો, ખીણો, પૃથ્વી ઉપર ઠેરઠેર વેરાઇને પડેલા ખડક સ્વરૂપોનો ઉદ્ભવ કાંઇ બાઇબલમાં વર્ણવાયેલા વિનાશક મહાપ્રલયનાં પૂરોથી થયો ના હતો પરંતુ યુગો સુધી ચાલેલી એક ધીમી ક્રમશઃ કુદરતી પ્રક્રિયામાંથી થયેલો છે. તેને સર્જનાર કુદરતી પરિબળો આજે પણ આપણી આસપાસ તેમનું કાર્ય અવિરત કરી રહ્યાં છે. દક્ષિણ અમેરિકાની તેની યાત્રામાં ડાર્વિને વારંવાર જોયું કે દરિયામાં જીવતાં છીપલાં કે શંખોના અવશેષો દરિયાની સપાટીથી કેટલીય ઊંચાઇએ મળી આવતાં હતાં. એન્ડીઝ પર્વતોની હારમાળા પણ પાછળથી જ ઊંચકાયેલી છે અને દરિયામાં ડૂબેલા ખડકો કાળક્રમે તેની સપાટીથી પણ ઊંચે જોવાના મળ્યા. ડાર્વિન ઉપર લાયેલની થિયરીઓનો ઊંડો પ્રભાવ તેનાં લખાણોમાં વારંવાર જોવા મળે છે. લાયેલે ડાર્વિનની સૃષ્ટિને જોવા - સમજવાની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન કરી નાંખ્યું. બ્રાઝિલના સમુદ્રકાંઠાએ, તેનાં ગાઢ જંગલોએ, તેનાં વિશાળ ઘાસીયાં મેદાનોએ ડાર્વિન સમક્ષ એક નવો જ નજારો ખોલી નાંખ્યો. ડાર્વિન મહાત થઇ ગયો.

બ્રાઝિલમાં રીઓ નીગ્રો નદીના મુખ પ્રદેશમાં અવશેષોના ખોદકામમાં તે જોડાયો. દૂર અતીતમાં નાશ પામેલાં giant sloth જેવા મહાકાય પ્રાણીઓના અવશેષોનો તેણે અભ્યાસ કર્યો. અને નોંધ્યું કે તેની આખી અસ્થિ રચના હાલના હયાત પણ સાવ નાના કદના tree slothને આબેહૂબ મળતી આવતી હતી. આવું બીજાં પ્રાણીઓની બાબતમાં પણ જોવા મળ્યું. યુવાન ડાર્વિનના મનમાં સવાલ ઉઠ્યો, ''શું એ બનવાજોગ છે કે હાલ જીવતાં પ્રાણીઓ અને નષ્ટ પામેલાં પ્રાણીઓ બંને એક જ પૂર્વજમાંથી ઊતરી આવેલાં છે ? બ્રાઝિલનાં જંગલોમાં તેણે રંગોની એક બોછાર જ ઊડતી જોઇ. તેણે જોયું કે રંગોની અનેક ભાતો ધરાવતાં પતંગિયાં, ફુદાંઓએ રંગો દ્વારા તેમના વાતાવરણ સાથે અદ્ભુત અનુકૂલન સાધ્યું છે. તેની ઉપર કદાચ સૌથી વધારે અસર ઇકવાડોરની પશ્ચિમે પ્રશાંત મહાસાગરમાં આવેલા ગાલાપાગોસના ટાપુ સમૂહમાં જે જોયું તેની થઇ. જુદાજુદા ટાપુઓ એકબીજાથી અને અમેરિકા ખંડથી વેગીલા દરિયાઇ પ્રવાહોના કારણે કુદરતી રીતે લાખો વરસથી કપાઇ ગયા છે. આ ટાપુઓમાં ડાર્વિને જોયું કે ફીન્ચ નામના એક જ પક્ષીના ૧૨-૧૩ જુદા જુદા પ્રકારો જોવા મળ્યા જે વાસ્તવમાં જુદી જુદી જાતિઓ (species) હતી. દરેક જાતિના ખોરાક જુદા, ખોરાક મેળવવાની રીત અને સાધનો જુદાં હતાં. વળી, જુદી જુદી જાતિઓ (species) હોવા છતાં દરેક ફીન્ચ જાતિ, ટાપુઓ ઉપરની બીજી ફીન્ચ જાતિઓ સાથે દુનિયાની બીજી કોઇપણ જાતિ કરતાં વધારે સરખામણી ધરાવતી હતી. ડાર્વિનનો નિષ્કર્ષ સ્પષ્ટ હતો કે દરેક ટાપુ ઉપર સહેજ જુદા પડતા દરેક ફીન્ચ પ્રકારના અલગ અલગ પૂર્વજ હતા તેવું ધારવું તેના કરતાં એમ ધારવું કે આ ટાપુઓ ઉપર મૂળે એક જ પ્રકારનું પૂર્વજ ફીન્ચ હશે એ વધુ સાચું લાગે છે. લાંબા સમય સુધી આ ટાપુઓ કપાયેલા રહ્યા હોવાથી એક જ પૂર્વજના થડિયામાંથી કાળક્રમે જુદા જુદા પ્રકારનાં ફીન્ચ ઊતરી આવ્યાં હશે. ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કરીને બીગલ પાંચ વરસે ૧૮૩૬માં ઇંગ્લેન્ડ પરત આવ્યું. ડાર્વિનમાં ઊંડું પરિવર્તન આવી ચૂક્યું હતું. તેને ખાતરી થઇ ચૂકી હતી કે જીવોની ઉત્ક્રાંતિ થઇ હતી. મૂળે એક જ જીવમાંથી આખી વૈવિધ્યપૂર્ણ જીવસૃષ્ટિનું અવતરણ થયું હતું. આ મહાન અવતરણની સાંકળ (great chain of descent)નું કારણ શું?

## મહાન અવતરણ (Great Chain of Descent)

ડાર્વિન પોતે એક ઊંડી બેચેનીનો અનુભવ કરી રહ્યો હતો. તેને ખબર હતી કે તે હવે પછીનું જે ડગ ભરવા જઇ રહ્યો હતો તેનાથી એક જબરજસ્ત વિવાદ સર્જાવાનો હતો. વાસ્તવમાં તો તેની થિયરીએ માનવીની દૃષ્ટિમાં ધરમૂળથી જ ફેરફાર કરી નાંખ્યો. ડાર્વિનીયન ક્રાંતિની અસરો હજી શમી નથી. હજી તો નવા નવા આયામો ખૂલતા જ જાય છે.

ઉત્ક્રાંતિનું કારણ શોધતા ડાર્વિનના હાથમાં ૧૮૩૮માં યોગાનુયોગ માલ્થુસનું On Population આવી ગયું. માલ્થુસના પુસ્તકમાં ડાર્વિનને ઉત્ક્રાંતિનું કારણ જડ્યું – જીવન માટેનો સંઘર્ષ. અને તેમાંથી કુદરતી પસંદગીનો (Natural Selection) જગપ્રસિદ્ધ સિદ્ધાંત નીકળ્યો છે. ૧૮૪૨માં તેની થીસીસની ૩૫ પાનાંની રૂપરેખા (પેન્સિલથી) લખાઇ ગઇ. ૧૮૪૪માં થિસીસનો તેણે ૨૩૦ પાનાંમાં વિસ્તાર કર્યો. આ થિસીસની નકલ તેણે લાયેલ, હુકર અને એક ત્રીજા મિત્રને મોકલી આપી. લાયેલ થિસીસને સત્વરે પ્રસિદ્ધ કરવાની ડાર્વિનને આગ્રહભરી વિનંતી કર્યા જ કરતો રહ્યો. ડાર્વિનને તેણે કહ્યું મોડું કરવું હિતાવહ નથી. બીજું કોઇ મેદાન મારી જશે તો?

ડાર્વિન માન્યો નહીં. તે જે થિયરી માંડી રહ્યો હતો તે કેટલી ક્રાંતિકારી હતી, રૂઢિભંજક હતી તેનો તેને પૂરો અંદાજ હતો. તેની અવલોકનમૂલક ફિલોસોફી પ્રમાણે તે હજી વધારે ને વધારે પુરાવાઓ ભેગા કરવા માંગતો હતો. બીજાં ૧૬ વરસ સુધી ડાર્વિન બેસી રહ્યો અને પુરાવાઓ ભેગા જ કરતો રહ્યો. તેની દલીલમાં ક્યાંય છિદ્ર કે પોલાણ રહી ના જાય તે માટે તેણે અર્પૂવ તૈયારીઓ કરી અને સામે વિરોધીઓ પણ કેટલા સજ્જ અને જબરજસ્ત ! પુરાવાઓના પ્રકાર તો જુઓ ! જુદાં જુદાં પ્રાણીઓની શરીર રચનાની સરખામણીઓ (comparitive anatomy), ભ્રૂણશાસ્ત્ર (embryology), પુરાતન અવશેષોના રેકોર્ડ (fossil records), જીવોનું ભૌગોલિક વિસ્તરણ અને છેલ્લે વનસ્પતિઓ અને પ્રાણીઓના સંવર્ધન (Breeding) પ્રયોગોનું સાહિત્ય.

## આલ્ફ્રેડ વોલેસ - ૧૮૫૮

છેવટે જે બનવાનું હતું જેનો લાયેલને ભય હતો તે જ બન્યું. ૧૮૫૮ની એક સવારે ટપાલમાં કોઇ આલ્ફ્રેડ વોલેસે મલાયાથી મોકલેલું મોટું પરબીડિયું આવીને પડ્યું. વોલેસ પણ એક પ્રકૃતિવિદ હતો જે મલાયાના (હવે મલેશિયા) અને ઇન્ડોનેશિયાનાં જંગલોમાં જીવસૃષ્ટિનો અભ્યાસ કરી રહ્યો હતો. ડાર્વિનની ઉત્ક્રાંતિની થિયરીના જેવી જ થિસીસ વાલેસે પણ તૈયાર કરી હતી, તેની નકલ ટપાલમાં આવીને પડી હતી. ડાર્વિને પોતાની થિસીસમાં જે મહત્ત્વના શબ્દો ઉપયોગમાં લીધેલા તે જ શબ્દો વોલેસ પણ વાપરી રહ્યો હતો! ડાર્વિને જોયું કે તેની જિંદગીભરની મહેનત ધૂળમાં મળી જઇ રહી હતી. પરંતુ લાયેલ અને હુકર જેઓ ડાર્વિનની થિસીસની નકલ ૧૬ વર્ષ પહેલાં મેળવી ચૂક્યા હતા તેઓ દરમિયાન થયા. વોલેસે પણ ખેલદિલીપૂર્વક તેઓની વાત તરત જ સ્વીકારી લીધી. ત્યાં સુધી કે ''કુદરતી પસંદગીના સિધ્ધાંતથી ઉત્ક્રાંતિના વિચાર''ને ડાર્વિનીઝમનું નામ તેણે જ એ નામના પુસ્તકથી આપ્યું. અગાઉથી નક્કી થયા મુજબ ડાર્વિન - વોલેસનું સંયુક્ત પેપર જગપ્રસિધ્ધ લીનીયન સોસાયટી સામે જુલાઇ ૧, ૧૮૫૮ની એક બપોરે વંચાયું. દિશાઓ ધ્રુજાવી મૂકી શકે તેવા આ પેપરનું સ્વાગત કેવું થયું ? હવાઇ ગયેલા ફટાકડા જેવું! ભાગ્યે જ કોઇએ તેની નોંધ પણ લીધી. થોમસ હક્સલી જે પાછળથી ડાર્વિન વિચારનો પ્રખર સમર્થક અને સમર્થ બચાવકાર (ડાર્વિનના બુલડોગ !) તરીકે બહાર આવવાનો હતો તેણે આ પેપરની નોંધ પણ ના લીધી! લીનીયન સોસાયટીના પ્રમુખે તેના વાર્ષિક અહેવાલમાં કહ્યું કે આ વરસે કોઇ ધ્યાનાકર્ષક ક્રાંતિકારી શોધ નોંધાઇ નથી. પણ આવી મહાન શોધો જે માનવજાત ઉપર અમર અસર મૂકી જાય તે વારંવાર થોડી થતી હોય છે?

## The Origin of Species 1859

ખેર! એક વરસ બાદ ૧૮૫૯માં ડાર્વિનનું પુસ્તક Origin Of Species પ્રસિદ્ધ થયું, જાણે કે બારે મેઘ તૂટી પડ્યા. પ્રસિધ્ધ થતાંમાં જ એક સનસનાટી મચી ગઇ. પહેલી આવૃત્તિની નકલો પહેલા જ દિવસે ઊપડી ગઇ, બીજી આવૃત્તિની નકલો પણ જોતજોતાંમાં ઊપડી ગઇ. તે દિવસોમાં ૧૫૦૦૦ નકલો તો આંખના પલકારામાં વેચાઇ ગઇ ! પુસ્તકમાં ઉત્ક્રાંતિના સમર્થનમાં જુદાં જુદાં ક્ષેત્રોમાંથી એકઠાં કરેલાં તથ્યોનો એવો તો મારો ચલાવ્યો કે ઉત્ક્રાંતિ વિચારના ઉગ્ર વિરોધીઓ સહિત લગભગ બધા જ અવાક્ બની ગયા, ચીત થઇ ગયા. પરિસ્થિતિ એવી ઊભી થઇ કે ૧૯ મી સદીના પૂર્વાર્ધમાં લગભગ કોઇ (જીવવિજ્ઞાની) ઉત્ક્રાંતિના વિચારને સ્વીકારવા તૈયાર ના હતો, તેના ઉત્તરાર્ધમાં કોઇપણ જીવવિજ્ઞાની ઉત્ક્રાંતિનો અસ્વીકાર કરવા તૈયાર ના હતો. ચમત્કાર ડાર્વિનના Originનો !

## Origin એક લાંબી દલીલ : એક જ પૂર્વજ

Originમાં ડાર્વિને કરેલી દલીલો ઉપર જઇએ. ડાર્વિનના પોતાના જ કહેવા પ્રમાણે Origin એક લાંબી દલીલ છે. તેને બે ભાગમાં વહેંચી

શકાય. પહેલો ભાગ તેનું બધું જ ધ્યાન કેંદ્રિત કરે છે એ પ્રશ્ન ઉપર કે જોવા મળતા જીવોનાં સ્વરૂપો એક જ જીવ ઉપરની ઉત્ક્રાંતિની પ્રક્રિયાનું પરિણામ છે કે જુદી જાતિઓના અલગ અલગ સર્જનનું પરિણામ છે. ડાર્વિન એક જ પૂર્વજમાંથી ઉત્ક્રાંતિ માટેનો તેનો કેસ રજૂ કરે છે.

દલીલનો બીજો ભાગ એ પ્રશ્ન ઉપર તેનું ધ્યાન કેંદ્રિત કરે છે કે ઉત્ક્રાંતિની પ્રક્રિયાનું કારણ શું છે ?

અલબત્ત, ડાર્વિને Originમાં ક્યાંય ''ઉત્ક્રાંતિ'' શબ્દ વાપર્યો નથી. તેની પસંદગીના શબ્દો છે ''રૂપાંતરિત થયેલું અવતરણ'' (Descent with Modifications). ''ઉત્ક્રાંતિ'' શબ્દ ત્યાર પછી તરત લોકજીભે ચઢ્યો. તેની થિયરી પ્રમાણે પૃથ્વી ઉપર જોવા મળતાં જીવોનાં જુદાં જુદાં સ્વરૂપો - વૃક્ષ, જંતુ કે પછી વ્હેલ માછલી બધાં જ એક જ પૂર્વજમાંથી અવતરણ પામ્યાં છે. દેખીતી રીતે અવતરણ પામેલાં છેલ્લાં સ્વરૂપો તેનાં પહેલાંનાં સ્વરૂપો કરતાં જુદાં જ હોય. ડાર્વિન એક ઊંડો પગદંડો નાંખીને બેઠેલી જીનેસીસની થિયરી સામે શીંગડાં ભેરવી રહ્યો હતો. આ વૈકલ્પિક થિયરી જુદાં જુદાં સ્વરૂપોનાં અલગ-અલગ સર્જનની, સર્જનવાદ (creationism)ની છે. આ થિયરી પ્રમાણે દરેક સ્વરૂપનું અલગ સર્જન ભૂતકાળમાં થયું હતું. આધુનિક જીવ સ્વરૂપોના વડવાઓ તેમના વંશજો જેવું જ સ્વરૂપ ધરાવતાં હતાં. ત્યારના જીવવિજ્ઞાનીઓ ઉપર અલગ અલગ સર્જનની થિયરીની ગજબની પકડ હતી. જીનેસીસમાં મુકાયેલ થિયરીમાં આ બધા જ જીવોનો સર્જક ઈશ્વર હતો. ડાર્વિને તેની દલીલમાં એક ખાસ સાવચેતી રાખી હતી. બાઇબલનું કે જીનેસીસનું ક્યાંય નામ પણ લીધા સિવાય, ચર્ચને કોઈપણ રીતે દુભવ્યા વગર તે અલગ સર્જનની જીનેસીસના હાર્દ સમી થિયરી ઉપર હુમલો લઈ જઈ રહ્યો હતો.

Originની દલીલનો બીજો ભાગ છે ઉત્ક્રાંતિનાં કારણોનો. અહીં ડાર્વિન દલીલ કરે છે કે કુદરતી પસંદગી (Natural Selection)ની તંત્ર પ્રક્રિયા (mechanism) ઉત્ક્રાંતિને આગળ ધપાવે છે.

### ઉત્ક્રાંતિ થઇ છે : અવતરણની સાંકળ - chain of descent

આના સમર્થનમાં ડાર્વિન બે પ્રકારની દલીલો કરે છે - અશ્મી આધારિત અને ભૌગોલિક વિસ્તરણ આધારિત. ડાર્વિન અહીં પુરાવાઓ અને હકીકતોનો ધોધ વહાવે છે. પરંતુ આજે ૧૫૦ વરસે પણ તેની આલોચનાત્મક દલીલોનો કૌશલ્યભર્યો ઉપયોગ તેને આનુષાંગિક તથ્યોની જમાવટ અને ગોઠવણી વાંચતાં આપણે આશ્ચર્યમાં ગરકાવ થઈ જઈએ છીએ. ડાર્વિનની બધી દલીલોમાં જવાય તેમ નથી. ડાર્વિનના ટીકાકારો તેની અશ્મીની થિયરીની આલોચના એવી કરે છે કે અશ્મીનો રેકોર્ડ અધૂરો છે. ડાર્વિન આનાથી પૂરો પરિચિત હતો. અધૂરા રેકોર્ડ ઉપરથી ડાર્વિન ઉત્ક્રાંતિની તરફેણમાં જે દલીલો કરે છે તે નમૂનારૂપ છે. ખડકોનાં જુદાં જુદાં સ્તરો એ કુદરતનું જુદા જુદા કાળનું તારીખિયું છે. ઉત્ક્રાંતિની થિયરી પ્રમાણે કરોડવાળાં પ્રાણીઓમાં સૌ પ્રથમ માછલી આવી, ૪૦થી ૫૦ કરોડ વર્ષ પહેલાં. ત્યાર પછી કોઈ એક કાળે દેડકા જેવાં ઉભયજીવી (amphibious) પ્રાણીઓ આવ્યાં અને આમાંથી નીકળ્યાં પેટ ઉપર ચાલતાં સરીસૃપ વંશનાં પ્રાણીઓ (Reptiles). ડાર્વિને પોતે રજૂ કરેલા પુરાવાઓમાં વારંવાર બતાવ્યું, બહુ વિગતવાર બતાવ્યું કે માછલી જેવાં કરોડ વાળાં સૌથી પુરાણાં પ્રાણીઓના અવશેષો હંમેશાં ખડકોના સૌથી નીચેના અને પુરાણાં સ્તરોમાં જોવાનાં મળ્યાં છે. ત્યાર પછીના તેની ઉપરનાં સ્તરોમાં વચગાળાના દેડકા જેવાં ઉભયજીવીના અવશેષો અને સૌથી ઉપરનાં અને છેલ્લા સ્તરોમાં છેલ્લે ઉદ્ભવેલા સાપ, કાંચીડા જેવાના અવશેષો જોવાના મળ્યા છે. આ ક્રમ ક્યારેય બદલાયો નથી, ઉપર તળે થયો નથી.

ત્યારબાદ આ જુદાં જુદાં પ્રાણીઓના હયાત વંશજોની શરીર રચનાની અંદરનાં અંગો અને તંત્રોની સામ્યતા અને તફાવતો જોતાં આપણે એ તારણ ઉપર પહોંચવું પડે કે અમુક રચના અને તંત્રો સૌથી જૂનાં છે, અમુક વચગાળાનાં છે અને અમુક પ્રમાણમાં આધુનિક છે. ડાર્વિન ફક્ત ત્રણ કે ચાર પ્રકારનાં પ્રાણીઓ ઉપર મદાર રાખતો નથી. તેણે જોતરેલા પુરાવાઓ બહુ જ જટિલ, સંકુલ અને ખીચોખીચ છે. એ વાંચવા સમય લેવો પડે. ધીરજ રાખવી પડે.

ડાર્વિનની બીજી દલીલ ભૌગોલિક વિતરણ ઉપર મંડાયેલી છે. ગલાપાગોસ ટાપુઓ ઉપરના ફીંચ પક્ષીઓનું એક વિવરણ આપણે જોઈ ગયા. તેવું જ હેરતપ્રેરક વિવરણ કાચબાઓનું છે. ફીંચ પક્ષીઓ તો એક સહુથી નાટકીય ઉદાહરણ છે, જેણે ડાર્વિનને ઉત્ક્રાંતિનો વિચાર કરવાની ફરજ પાડી. ઓછા નાટકીય પણ પ્રતીતિજનક અનેક ઉદાહરણો તેણે આપેલાં છે. આમાંથી એમ ચોક્કસ તારવી શકાય કે પૃથ્વીના અમુક ભાગોમાં સાથે ને સાથે રહેતી જાતિઓ (species) બીજા ભાગોમાં જોવા મળતી જાતિઓ કરતાં એકબીજા સાથે ઘણું વધારે સામ્ય ધરાવે છે. જો બધી જ જાતિઓનું સર્જન અલગ અલગ થયું હોત તો નજીક રહેલી જાતિઓ વચ્ચે દૂર રહેતી જાતિઓ કરતાં વધારે સામ્ય જોવા મળે છે તે જોવા મળતું ના હોત.

## ઉત્ક્રાંતિનું કારણ : કુદરતી પસંદગીનો સિદ્ધાંત - અનુકૂલન (adaptation) અને વૈવિધ્ય (Diversity)

ડાર્વિને ઉત્ક્રાંતિને સમજાવતા કુદરતી પસંદગીના સિધ્ધાંત માટે બે કસોટીઓ પ્રસ્તાવિત કરેલી. એક કસોટી એ મૂકી કે પસંદગીનો સિદ્ધાંત જીવોમાં જોવા મળતા સર્વવ્યાપી અનુકૂલનને સમજાવી શકે. અને બીજી એ કે જીવોના વૈવિધ્ય (Diversity of Life) ને તે સમજાવી શકે.

### અનુકૂલન (adaptation)

અનુકૂલન દેહના એ ભાગ કે વર્તન માટે કહી શકાય જે એવી ડિઝાઇન ધરાવતું હોય જેથી જીવન જીવવાના કોઇ પ્રશ્નને તે હલ કરે. અનુકૂલન આપોઆપ કોઇ યદ્દચ્છ (chance like random process) પ્રક્રિયાનું પરિણામ હોઇ ના શકે. તેના હોવાનું કારણ સમજવું જ પડે. ડાર્વિન પહેલાં આનું કારણ પરમાત્માના કૃત્યમાં જોવાતું. ડાર્વિનના કુદરતી પસંદગીના સિધ્ધાંતે આખી વાત બદલી નાંખી અને લૌકિક કાર્ય-કારણથી અનુકૂલન સમજાવ્યું.

ડાર્વિન-વોલેસે સૌ પ્રથમ ૧૮૫૮ની લીનીઅન સોસાયટી સમક્ષ ઉત્ક્રાંતિનું કારણ સમજાવતો કુદરતી પસંદગીનો સિદ્ધાંત મૂક્યો. પ્રાણીઓ વનસ્પતિમાં અંદર અંદર અનેક જાતનું વૈવિધ્ય જોવાનું મળે છે. આ પૈકીનાં અમુક વૈવિધ્યો વંશમાં ઊતરી આવે છે. દરેક પ્રાણી કે વનસ્પતિ તેની સંતતિમાં એટલો મોટો વધારો કરે છે કે પ્રાપ્ત ખોરાકના જથ્થા માટે તેમની અંદરો અંદર જ હરિફાઇ થાય છે. પરિણામે અલ્પસંખ્ય જીવો જ પુખ્ત ઉંમર સુધી પહોંચી શકે છે. જાતિની અંદરના જ અમુક પ્રકાર (variety)ના સભ્યો જીવન માટેના સંઘર્ષમાં બીજા સભ્યો કરતાં વધારે સફળ પુરવાર થાય છે. પસંદગીની પ્રક્રિયામાં પસંદ થયેલા - ટકી ગયેલા સભ્યો ભવિષ્ય માટે વધારે સંતતિ છોડતાં જાય છે. ઓછી કાર્યક્ષમતા ધરાવતા પ્રકારો ઓછી સંતતિ છોડતાં જાય છે. બીજા પ્રકારનાં પ્રાણીઓ ધીમે ધીમે સંખ્યામાં ઘસાતાં જાય છે. આમાં વધારે સારું અનુકૂલન જોવા તો મળ્યું પરંતુ તે ફક્ત પ્રજનનશક્તિ પૂરતું મર્યાદિત જ, જ્યારે કુદરતી પસંદગી એ તો દરેક જીવમાં જોવા મળતા બધા જ - સાર્વત્રિક અનુકૂલનોને અપવાદ વગર સમજાવવાનાં રહે છે.

ડાર્વિને સાર્વત્રિક અનુકૂલનોને કુદરતી પસંદગી દ્વારા સમજાવવાનો પ્રયાસ કર્યો, પર્યાવરણીય (ecological) દલીલ કરીને. ડાર્વિને આ શબ્દ વાપરેલો નહીં. તેના જર્મન અનુયાયી હેકલે સૌ પ્રથમ આ શબ્દ પ્રયોજયો. ઇકોલોજી વિજ્ઞાન એટલે જીવો વચ્ચેના અને તેમના વાતાવરણ સાથેના સંબંધોનું વિજ્ઞાન. ડાર્વિન પહેલાં આવા પ્રકારની દલીલ કોઇ વિજ્ઞાનીએ કરેલી નહીં. માલ્થુસનો મનુષ્યજાતિને માટેનો સિદ્ધાંત ડાર્વિને સમગ્ર જીવસૃષ્ટિ ઉપર લાગુ કર્યો. તે પ્રમાણે વસતિનો ગુણાકાર થાય છે, જ્યારે સંસાધનો (ખોરાકનાં સંસાધનો)નો સરવાળો જ થતો હોય છે. આના પરિણામે જોતજોતાંમાં વસતિનો વિસ્ફોટ થાય છે અને સંસાધનોની ખેંચ ઊભી થાય છે. વધારાની વસતિ રોગ, ભૂખમરા અને સંગ્રામ (યુધ્ધમાં) ખતમ થઇ જાય છે.

વસતીનો વિસ્ફોટ અને સંસાધનોની ખેંચનું પરિણામ છે જીવો વચ્ચે જીવવાની હરિફાઇ જેને ડાર્વિને કહ્યો જીવવા માટેનો સંઘર્ષ. જોકે ડાર્વિને એ સમજાવવાની ખાસ કાળજી લીધી કે ''સંઘર્ષ'' શબ્દ તો એક રૂપક (metaphor) છે. તેનો સામાન્ય રીતે કરાતો ભૌતિક લડાઇ કે ઝગડાનો અર્થ કરવાનો નથી.

સંઘર્ષના પરિણામે દરેક પેઢીમાં લઘુમતી સભ્યો જ બચી જાય છે. હરિફાઇમાં ટકી જવા માટે જીવને કેવી લાક્ષણિકતા જોઇએ તેનો આધાર તેની જીવનશૈલી ઉપર છે. આંતરડામાં જીવતાં બેક્ટેરીયા વચ્ચેની હરિફાઇનું સ્વરૂપ, પરવાળાનાં ટાપુઓમાં જીવતાં પરવાળાં વચ્ચેની હરિફાઇ અને જંગલોમાં જીવતાં વાનરો વચ્ચેની હરિફાઇનું સ્વરૂપ જુદું જુદું હોય છે. ''સંઘર્ષ'' શબ્દના અર્થની વધુ ચોખવટ કરતાં ડાવિન કહે છે કે કોઇ એક પ્રકારનાં બી પક્ષીઓ દ્વારા તેમનો ફેલાવો થાય તે માટે અંદર-અંદર તો ખરાં જ પણ બીજાં પ્રકારનાં બી સાથે પણ હરિફાઇમાં ઊતરે છે. અહીં કાંઇ બી વચ્ચે ભૌતિક લડાઇ થતી નથી. ડાર્વિન અનેક દાખલાઓ આપીને સમજાવે છે કે કેવી રીતે એકબાજુ જુદા જુદા પ્રકારના જીવો વચ્ચે અને બીજી બાજુ તેમની અને તેમને જરૂરી સંસાધનો વચ્ચે આંતરસંબંધો જન્મે છે અને તેમાંથી પરસ્પર અવલંબન ધરાવતાં જીવોનું જાળું (web of life) બને છે. આ રીતે રચાતાં જાળાંઓમાં જે જીવ તેઓને અનુરૂપ ડિઝાઇન ધરાવીને અનુકૂલન સાધે છે તે ટકી જાય છે. જીવન જીવવાનો સંઘર્ષ આમ કુદરતી પસંદગીના સિદ્ધાંત તરફ દોરી જાય છે અને તે જીવનમાં અનેક પ્રકારનું અનુકૂલન કેવી રીતે સધાય છે તે સમજાવે છે.

### પસંદગીની બીજી કસોટી

કુદરતી પસંદગી સામેની બીજી કસોટી જીવોમાં વૈવિધ્યથી બનતા ''ઉત્ક્રાંતિના વૃક્ષ'' ને સમજાવવાની હતી.

ડાર્વિનની ઇકોલોજી આધારિત અનુકૂલનની દલીલોથી અત્યારે તો ઘણા

જાણકાર છે. તેના જમાનામાં આ સાવ નવી જ દલીલ હતી. ઇકોલોજીના પરિપ્રેક્ષ્યમાં જીવોને જોવાની કોઇને સૂઝ ના હતી.

ઇકોલોજીની દલીલોથી ઘણા પરિચિત છે, પરંતુ તેણે કરેલી diversity (variations between species, genera et.) ની દલીલોથી ઓછા પરિચિત લાગે છે. તે સમજાવવા ડાર્વિને વૈવિધ્યનો સિધ્ધાંત - principle of divergence - આગળ કર્યો.

## Variations - Diversity શબ્દો

અહીં જીવવિજ્ઞાનમાં ટેકનિકલ અર્થમાં વપરાતા શબ્દો વિશે ચોખવટ કરવી જરૂરી છે કારણ કે આ શબ્દો ઉત્ક્રાંતિની ચર્ચામાં વારંવાર આવ્યા કરે છે.

જીવવિજ્ઞાનમાં એક જ જાતિ (species) ના સભ્યો વચ્ચેના તફાવતોને variations કહેવામાં આવે છે. મેં આ કારણે લગભગ બધે જ variations શબ્દોનો જ ઉપયોગ કર્યો છે અને વૈવિધ્ય શબ્દને ટાળ્યો છે.

બે જાતિઓ વચ્ચેના (different species) તફાવતોને diversity કહેવામાં આવે છે.

વધારામાં એક જ જાતિના સભ્યોમાં જોવા મળતા તફાવતોમાં પાછા બે ભાગ પડી જાય છે. એક પ્રકારના તફાવતો જીનેટકલી નિશ્ચિત થાય છે (genotypes) જેને ખરેખર variations કહેવાય છે. બીજા પ્રકારના તફાવતો વાતાવરણના ફેરફારોથી સર્જાય છે (phenotypes) જેને પ્રકટ ફેરફાર (modifications) કહેવાય છે.

## ઉત્ક્રાંતિનું વૃક્ષ

ડાર્વિન સામેની કસોટી હવે જાતિના સભ્યો વચ્ચેનાં variationsને સમજાવવાની નહીં પરંતુ બે જાતિઓ કે પ્રજાતિઓ (genera) વચ્ચેના તફાવતોને (diversity) સમજાવવાની છે. જેથી ઉત્ક્રાંતિનું વૃક્ષ સમજાવી શકાય. હવે બન્યું એવું લાગે છે કે ડાર્વિનને કુદરતી પસંદગીથી જીવમાં અનુકૂલન કેવી રીતે સધાય છે તે તો બહુ શરૂઆતમાં જ સ્પષ્ટ થઇ ગયું હતું. ૧૮૪૦ના વરસોમાં તેણે લખેલા બે નિબંધોમાં આ સ્પષ્ટ સમજાય છે. ખૂટતું પરિમાણ હતું જાતિઓ વચ્ચેના તફાવતોને સમજાવતા Diversityના સિધ્ધાંતનું. સવાલ એ હતો કે ઉત્ક્રાંતિમાં ફાંટા કેમ જોવાના મળે છે. જુદી જુદી ડાળીઓ સમયે સમયે કેમ એક બીજાથી છૂટી પડે છે? આ જ તો બનાવે છે ઉત્ક્રાંતિનું વૃક્ષ જે ૧૮મી સદીમાં લાયનેસે તેના જીવોના બહુસ્તરીય વર્ગીકરણ (hierarchical classification)માં બતાવેલું. ડાર્વિનના શબ્દોમાં જૂથોની અંદર જૂથો (groups within groups) સર્જતાં બળો કયાં છે ? Diversityનો સિધ્ધાંત એક પૂર્વધારણા ઉપર મુકાયેલો છે. જીવવા માટે દરેક વ્યક્તિગત જીવ હરિફાઇનો સામનો કરી રહ્યો છે. આ હરિફાઇમાં તેની જાતિના જ બીજા સભ્યો છે તો જાતિ બહારના બીજા જીવો પણ છે. મહત્વનો પ્રશ્ન એ છે કે જીવ વધારે તીવ્રતાથી કોની હરિફાઇનો સામનો કરી રહ્યો છે ?

દરેક જીવ માટે હરિફાઇની તીવ્રતા સાપેક્ષ છે. થિયરી પ્રમાણે દરેક જીવ તેની જાતિના જ સભ્યો સાથે જાતિબહારના બીજા જીવો કરતાં ઘણી વધારે તીવ્રતાથી હરિફાઇનો સામનો કરે છે. આનું કારણ એ કે એક જ જાતિના સભ્યોની શરીરરચના, પસંદગીઓ અને જરૂરિયાતોની સામ્યતા. આના કારણે જ પ્રાપ્ય સંસાધનો માટે તેમની વચ્ચે વધારે હરિફાઇ થાય છે. પક્ષીઓને વૃક્ષો સાથે કે વૃક્ષોને વાઘ, સિંહ કે કરોળીયાઓ જોડે મોટી હરિફાઇનું કારણ નથી.

પરિસ્થિતિ સાપેક્ષ વસતીની ગીચતામાં જે તે જીવ સમક્ષ હરિફાઇને ઓછી કરવાનો એક જ રસ્તો છે. ધીમે ધીમે તેની જાતિના બીજા સભ્યોથી પસંદગી ટેવો વિગેરેમાં જુદા પડવું. જાતિના જ સભ્યો, એકબીજાથી જુદા પડવા માંડે છે. કાળક્રમે જુદા પડેલાઓની અલગ જાતિ (species) જ બને છે. આવી જ પ્રક્રિયા જાતિઓ વચ્ચે સર્જાઈને તેમાંથી પ્રજાતિઓ (genera) સર્જાય છે.

હરિફાઇ વિશે ડાર્વિનનું ચિંતન સાવ જુદા જ પ્રકારનું છે. 'હરિફાઇ મુખ્યત્વે જાતિના સભ્યો વચ્ચે હોય છે'ની ડાર્વિનની અંતર્સૂઝ મૌલિક અને અસરકારક છે. ડાર્વિનના સમકાલીનો અને ત્યાર પછીના પણ હરિફાઇના મુખ્ય તત્ત્વને સમજવામાં ગોથું ખાઇ ગયા છે. જાતિઓ, પ્રજાતિઓ, વર્ગો કે પ્રજાઓ વચ્ચે કુદરતી હરિફાઇ અને સંઘર્ષ હોય તેવો સામૂહિક સંઘર્ષનો નિષ્કર્ષ વાત ચાતરી ગઇ છે. આમાંથી જ સોસીયલ ડાર્વિનીઝમ અને નાઝીઝમ જેવી ભયાનક શૈતાનિયતનો માનવજાતે અનુભવ કર્યો છે. તેમને મૂળ ડાર્વિન વિચાર સાથે કોઇ સંબંધ નથી. જીવવિજ્ઞાનને સ્પર્શતાં ઉત્ક્રાંતિનાં બીજાં પાસાંઓ ઉપર ડાર્વિને ઘણું લખ્યું છે. પરંતુ આપણી ચર્ચામાં તે પ્રસ્તુત નથી.

## ડાર્વિનની થિયરી અને તે સમયનો માહોલ

ડાર્વિનના સમયનો માહોલ સમજવો મહત્વનો છે. ડાર્વિનની મથામણો ચાલતી હતી ત્યારે અને તે પછી તેની સમક્ષ બે પડકારો હતા. એક

પડકાર હતો બાઇબલના જીનેસીસમાં અપાયેલા જીવવૈવિધ્યના વૃતાંતની પાછળ રહેલી પારલૌકિક થીઓલોજીનો.

બીજો પડકાર હતો લામાર્કની થિયરી સંબંધિત. લામાર્કની થિયરીને તો તેણે રદીયો આપ્યો છતાં લામાર્કની થિયરીના અમુક આયામો તેને મુંઝવતા હતા. લામાર્ક સંબંધિત તેની મુંઝવણોને પોપરે કલાસીકલ પ્રશ્ન કહ્યો છે. શી હતી આ મુંઝવણ? આ મુંઝવણનો પુરો કયાસ તો આપણે એલીસ્ટર હાર્ડીના જીવંત ઝરણાં (The Living Stream)ના આગળ વહેતા પ્રવાહમાં જોડાઇશું ત્યારે આવશે.

જીનેસીસની થિયરીને લોકપ્રિયતાની અને જનસમર્થનની ટોચે લઇ જનાર તો હતો બીશપ પાલી. ૧૮૦૨માં તેના પુસ્તક Natural Theologyમાં ઇશ્વર દ્વારા જીવસૃષ્ટિના સર્જન અને સંચાલનને સમર્થન આપતી જે જોરદાર દલીલો કરેલી તેનો સામનો કરવો અઘરો હતો. તેણે દલીલ કરી કે ઘાસના બીડમાંથી પસાર થતાં કેડીમાંથી ચાલુ હાલતની ઘડિયાળ મળી આવે અને તેની યાંત્રિક રચનાને તપાસવામાં આવે તો એક જ વિચાર આવે કે આ ચીજનો બનાવનાર કોઇ છે અને તેનો કોઇ ચોક્કસ હેતુ છે. આજ તર્ક સામાન્ય છરીને પણ લાગુ પાડી શકાય. જો સામાન્ય ઘડિયાળ કે છરીને જોઇને પણ એ જ વિચાર આવે કે આનો કોઇ બનાવનાર હોવો જોઇએ, તેનો હેતુ હોવો જોઇએ તો દરેક જીવમાં જોવા મળતી હેરતભરી સુક્ષ્મ રચના અને તેના હેતુને જોતાં એવો વિચાર કેમ ના આવે કે તેનો પણ ઘડનાર કોઇ હશે? આવી સુંદર હેતુપૂર્ણ રચના શું આપોઆપ અંધાધૂંધ યદ્દચ્છ (Random) બળોથી બની હશે? કોઇ ઇશ્વર જેવી મહાનશક્તિનું આ કામ નથી એમ કેમ મનાય? ઇશ્વરના અસ્તિત્વને સાબિત કરતી આ હતી ડિઝાઇનની દલીલ (Argument from Design). આ દલીલ ત્યારે તો અકાટય લાગતી હતી. કોઇપણ કુદરતી ચીજ કે રચનામાં ડિઝાઇન જોવાની મળે જેનાથી ચોક્કસ હેતુ સધાતો હોય તો તેવી રચનાને Teleological (હેતુલક્ષી) રચના કહેવામાં આવે છે. ડાર્વિનનો પડકાર આ હેતુસરની ડિઝાઇન – Teleologyને લૌકિક કાર્યકારણના સિધ્ધાંતોથી સમજાવવાનો હતો. આપણે જોયું કે ડાર્વિને આ પડકાર સફળતાપૂર્વક ઝીલી લીધો.

ડાર્વિન ત્યારે બહુ સરળતાથી અને સહજ રીતે જીવોમાં હેતુલક્ષિતાનો સ્વીકાર કરી શક્યો અને ડિઝાઇન સમજાવી શક્યો (બીજા ૫૦-૬૦ વર્ષ પછી તે આમ કરી શક્યો ના હોત). ખરેખર તો ડાર્વિનનું એક પ્રધાન પ્રદાન એ ગણાવું જોઇએ કે કુદરતી પસંદગીના તેના સિધ્ધાંતે બતાવી આપ્યું કે હેતુલક્ષિતા (teleonomy)ને સૈધ્ધાંતિક રીતે શુધ્ધ ભૌતિક કારણો (physical causations) આપીને સમજાવી શકાય તેમ છે. ડાર્વિન સમજાવી શક્યો કે કુદરતી પસંદગીનું કાર્ય સર્જનહારના કાર્યની તેની ડિઝાઇન અને હેતુની આબાદ નકલ (simulation) કરી શકે છે.

જે રીતે જીવપદાર્થોની ગતિવિધિઓ કુદરતી નિયમોથી સમજાવી શકાતી હતી તે જ રીતે જીવોની ઊત્પતિ અને તેની ઉત્ક્રાંતિની ગતિવિધિઓને પણ તે કુદરતી નિયમોથી સમજાવતો હતો. કોપરનિકસે અજાણ્યે આદરેલું સેકયુલર અભિયાન ધૂમધડાકા સાથે આગળ વધી રહ્યું હતું.

એક વિચાર મુજબ ધાર્મિક વર્તુળોમાં તેના વિરોધનું અને કટુતાનું ખરૂં કારણ જીવસૃષ્ટિમાંથી ઇશ્વરીય માર્ગદર્શન અને હસ્તક્ષેપને અપાતા જાકારાનું ન હતું, એ પણ નહીં કે સમાન પૂર્વજની થિયરીમાં અભિપ્રેત માનવ વાનરના સમાજ વંશજનું તારણ. આ તારણે સામાન્ય લોકમાં ખૂબ ઉશ્કેરાટ જન્માવેલો તે સાચું છે. હજી આજે પણ ડાર્વિનનું આ તારણ ઉશ્કેરાટ જન્માવે છે. ખરૂં કારણ તો ડાર્વિને ઉત્ક્રાંતિના કારણનું સફળ લૌકિકરણ- secularization સિદ્ધ કરી આપ્યું તે હતું.

## ડાર્વિન-લામાર્ક સામ્ય

એલીસ્ટર હાર્ડીના જીવંત ઝરણાની આગળની યાત્રામાં જોડાઇએ તે પહેલાં ડાર્વિન-લામાર્ક વિચારો વચ્ચેની રસપ્રદ સામ્યતાઓ જોઇએ અને તેમના લૌકિક ઉત્ક્રાંતિવાદે જન્માવેલ વિશિષ્ટ પ્રતિભાવો ઉપર એક ઝડપી નજર નાંખી લઇએ.

- ડાર્વિન અને લામાર્ક બંને લૌકિક ઉત્ક્રાંતિવિચારના સમર્થક હતા. બંનેને જીનેસીસની ઇશ્વરરચિત સૃષ્ટિનો વિરોધ હતો.

- લામાર્ક જીવના હેતુઓ, પ્રેરણાઓ અને ખાસ તો ટેવોને ઉત્ક્રાંતિનું કારણ ગણતો. જ્યારે ડાર્વિન બાહ્ય વાતાવરણ દ્વારા થતી કુદરતી પસંદગીને. પરંતુ ડાર્વિનને જીવના હેતુઓ, પ્રેરણાઓ (teleology)નો સ્વીકાર કરવામાં કોઇ મુશ્કેલી ના હતી.

- બંનેને જીવોમાં જોવા મળતી telecology નો સ્વીકાર હતો પરંતુ ઉત્ક્રાંતિની પાછળ કોઇ પારલૌકિક શક્તિ અને સર્વવ્યાપી હેતુ કામ કરી રહ્યા છે (cosmic teleology) તેનો ભારોભાર વિરોધ હતો.

- જીવન દરમિયાન પ્રાપ્ત કરેલી શારીરિક લાક્ષણિકતાઓ વારસામાં

ઉતરે છે ની લામાર્કની સૌથી વાંધાજનક અને ખોટી થિયરી સામે ડાર્વિનને સીધો વાંધો હતો નહીં. તેની વારસાઇની થિયરી પણ લામાર્કને ઘણી મળતી આવતી હતી.

- ડાર્વિનનો લામાર્કનો વિરોધ જ્ઞાનમીમાંસા આધારિત હતો. એટલે કે તેની પધ્ધતિ (method) સામે હતો. ફ્રેંચ લામાર્ક પોતાને દ્રવ્યવાદી (materialist) ગણાવતો હોવા છતાં ભાગ્યે જ કોઇ નક્કર ભૌતિક પુરાવાઓ આપતો હતો. લામાર્કની પુરાવા વગરની થિયરી ડાર્વિનને વધારે પડતો અટકળવાદ લાગે તેની કોઇ નવાઇ નથી (જ્યારે ડાવિને પોતે ૨૦ વર્ષ સુધી પુરાવાઓ એકઠાં કર્યા).

ડાર્વિન વિચાર-લામાર્ક વિચાર વચ્ચેનો ઝગડો અને અટપટી આંતરક્રિયા જીવવિજ્ઞાનના ઇતિહાસનું એક બહુ રસપ્રદ પ્રકરણ છે. એલીસ્ટર હાર્ડીના જીવંત ઝરણામાં આપણને થોડો રસાસ્વાદ થશે.

આ અટપટી આંતરક્રિયાને ઓર જટિલ કરતું બીજું આયામ છે પરિવર્તન પામતી જતી દ્રવ્યવાદી અવલોકનમૂલક જ્ઞાનમીમાંસાનું. વિસ્તાર કરીએ તો કૂણા અને લચીલા દ્રવ્યવાદે લાપ્લાસીયન ચુસ્ત ભૌતિક નિયતીવાદને અપનાવ્યો અને કાળક્રમે તેમાંથી પોઝિટીવીસ્ટ ભૌતિકવાદ (physicalism) તરફ ગતિ થઈ (જુઓ વિજ્ઞાન-અધ્યાત્મ ૪). તેની ડાર્વિનવાદ ઉપર પડેલી ગાઢ અસર બીજું મહત્વનું આયામ છે.

જીવંત ઝરણામાં આ જ્ઞાનમીમાંસાનું ભાગ્યે જ કોઇ વિશ્લેષણ છે પરંતુ ભૌતિક નિયતિવાદ જેને હાર્ડી યાંત્રિક દ્રવ્યવાદ (mechanicstic materialism) કહે છે, તેની નાગચૂડમાંથી છટકવાની તેની છટપટાહટ વારંવાર ખુલ્લી પડી જાય છે. તેની છટપટાહટ ૧૯૬૦ના દાયકાની છે તેમાં જોડાયેલા છે કવોન્ટમ મીકેનીક્સના મુખ્ય ઘડવૈયાઓ પૈકીના એક ઓસ્ટ્રીયન ભૌતિક વિજ્ઞાની શ્રોડીંગર. લામાર્ક વિચારના પુનરૂત્થાનમાં તેનો પણ અગત્યના ફાળો છે. આના ૩૦ વર્ષ પહેલાં અમેરિકન ભૌતિક વિજ્ઞાની કોમ્પટન પણ આ ભયાવહ નિયતિવાદની પકડમાંથી નીકળવાનો જોરદાર પ્રયાસ કરતા જોવા મળ્યા છે પરંતુ તેની વાત પોપરના ઉત્ક્રાંતિક્ષેત્રના પ્રવેશમાં લઇ જશે. હાલ તેની ચર્ચા નહીં કરીએ.

## કોસ્મિક ટેલીઓલોજી - ટીલહાર્ડ, લકોમ્ત દ નૂઈ

જીવવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન વચ્ચેના એટલે કે જીવ અને નિર્જીવ પદાર્થો (inorganic matters) વચ્ચેના સંબંધોની જીવંત ચર્ચા વિજ્ઞાનની ફિલોસોફીનો સદાકાળનો વિષય છે. જીવોની રચના જડ પદાર્થોની જેમ શું ફક્ત અણુ, પરમાણુઓની જ બનેલી છે? જે અણુઓ પરમાણુઓના જીવો બન્યા છે તેમના કુલ ગુણધર્મો સિવાય જીવ બીજા કોઇ ગુણધર્મો ધરાવે છે? [અહીં વિજ્ઞાનના બધાં જ ક્ષેત્રોનું લઘુકરણ (Reduction) છેવટે ભૌતિકક્ષેત્રમાં થાય છે તેવી Reductionist ફિલોસોફી અભિપ્રેત છે. આ થિયરીનો પોઝિટીવીસ્ટ ભૌતિકવાદી ફિલોસોફીની સાથે ઘનિષ્ઠ નાતો છે.]

આવી Reductionist ફિલોસોફીના પ્રત્યાઘાતમાં એક મહાબળૂકી માન્યતાએ જન્મ લીધો છે કે જીવ એ ફક્ત જડ દ્રવ્ય પદાર્થનો સમુહ જ નથી, તેનામાં ''કાંઇક બીજું વધારે પણ છે - something more''. વધારાનું એક અભૌતિક તત્વ પણ છે જેને જુદાં જુદાં નામો અપાયાં છે. જેમ કે entelechy, vital force, elan vital, radial energy ઇત્યાદિ. ભારતીય દર્શનમાં શ્રી અરવિંદ, વિનોબાજી જેવા પ્રખર ચિંતકોએ આ તત્વને જ કદાચ પ્રાણતત્વ તરીકે ઓળખાવ્યું છે.

આધુનિક યુરોપના વિચાર દર્શનમાં રેને દકાર્તેએ શરીર અને મન (ચેતના)વચ્ચેના મૂળભૂત ભેદને દૃઢ કર્યા અને કહ્યું કે મનુષ્યેતર પ્રાણીઓ માત્ર સંકુલ યંત્ર સિવાય બીજું કશું નથી. મન ફક્ત માનવી જ ધરાવે છે. ત્યારથી જડ અને ચેતન વચ્ચેની ચર્ચાએ પુનર્જન્મ લીધો છે. ૧૯મી - ૨૦મી સદીના સંધિકાળે જીવમાં ભૌતિક પદાર્થો હોવા ઉપરાંત ''કાંઇક બીજું વધારે something more''ની વાતે ઘણું જોર પકડ્યું. આ છે vitalism (પ્રાણતત્વ)ની થિયરી. તેના પ્રમાણે જીવોમાં રહેલું આ તત્વ ભૌતિક વિજ્ઞાનના નિયમોની આણમાં નથી એ તો ખરું જ, તે સિવાય તે આ નિયમોમાં હસ્તક્ષેપ કરીને તેને બદલી પણ શકે છે.

આ સંધિકાળમાં ડાર્વિનીઝમનો સિતારો ગર્દીશમાં ડૂબેલો હતો, લામાર્કીઝમ થોડું જોર કરી રહ્યું હતું. તે કાળે લગભગ બધા જ vitalists તેના સમર્થનમાં હતા. બર્ગસન પ્રાણતત્વવાદ (vitalism)નો સૌ પ્રથમ પ્રતિનિધિ હતો. બર્ગસનથી અલગ પડતો પરંતુ પ્રાણતત્વનો સ્વીકાર કરતો એક વિશિષ્ટ પ્રકારનો શબ્દાડંબરપૂર્ણ (Bombastic) ધૂંધળો ઉત્ક્રાંતિ વિચાર પણ ઊઠી રહ્યો હતો. આ ઉત્ક્રાંતિ જીવો પૂરતી મર્યાદિત ના હતી. પરંતુ સમગ્ર સૃષ્ટિને આવરી લેતી હતી. આને કોસ્મિક ટેલીઓલોજીનો ઉત્ક્રાંતિ વિચાર કહી શકાય. દિલ-દિમાગને ઉત્તેજિત કરી મુકતો, શબ્દચાતુર્યથી ભરપૂર આ વિચાર ગુજરાતમાં ઠીક ઠીક જાણીતો છે અને આવકાર પામ્યો છે. આમાં બે નામો ખાસ ઉલ્લેખનીય છે. ફ્રાંસનો ટીલહાર્ડ અને તેનું પુસ્તક The Phenomenon of Man (૧૯૫૯) ગુજરાતમાં બહોળો પ્રચાર અને આવકાર પામી ચુક્યું છે. બીજો આવો ઉત્ક્રાંતિવિદ પણ ફ્રાંસનો છે - લકોમ્ત દુ નુઇ. હજી હમણાં

જ તેના પુસ્તક Human Destiny (૧૯૪૭)નો સંક્ષિપ્ત ભાવાનુવાદ ''માનવ નિયતિ'' ના નામે પ્રકાશિત થયો છે. શ્રી અરવિંદનો વિચાર જેમાં ઉત્ક્રાંતિના ક્રમમાં જડમાંથી જીવ (પ્રાણ) અને તેમાંથી મનુષ્ય (ચેતના)ના ઉદ્ભવનો વિચાર તો ઘણો જાણીતો છે.

એકલી ક્રિશ્ચિયાનિટીમાં નહીં દુનિયાના અન્ય પ્રમુખ ધર્મોમાં પણ, કદાચ બુદ્ધ ધર્મ સિવાય, કોસ્મિક સ્વરૂપમાં Teleology- vitalism નો વિચાર જબરજસ્ત આકર્ષણ જમાવે છે. ડાર્વિન - લામાર્કના વિચારોમાં teleology છે પરંતુ કોસ્મિક teleologyની છાંટ પણ નથી. કોસ્મિક teleology તો જુદો અવતાર જ છે. આ ધાર્મિક teleology - vitalismનાં લક્ષણોમાં અમુક સમાનતા છે. સૃષ્ટિ આખી હેતુસગર્ભા છે. (Pregnant with purpose). કોઇ આખરી હેતુ તરફ સૃષ્ટિ આગળ વધી રહી છે. આખરી હેતુના નામો જુદાં જુદાં હોઇ શકે. ટીલહાર્ડ તેને ઓમેગા (Omega) કહે, લકોમ્ત દુ નુઇ તેને દુર નિશ્ચિતવાદ (Telefinalism) કહે પછી બીજું કોઇ નામ આપવામાં આવે. લગભગ દરેકમાં સૃષ્ટિનો સર્વશક્તિમાન સંચાલક માનવીને અને તેની ચેતનાને આખરી લક્ષ્યને પામવા શ્રેષ્ઠતમ ઓજાર તરીકે ઉપયોગમાં લઇ રહ્યો છે. આવી લોકોત્તર transcendental teleologyથી પ્રચૂર ઉત્ક્રાંતિની થિયરી ગજબનું આકર્ષણ અને પ્રાબલ્ય ધરાવે છે. શ્રી અરવિંદનો ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યમાં મનુષ્ય ચેતનાનો ઉદ્ભવ અને તેના આખરી આરોહણનો વિચાર ઘણો જાણીતો છે. જડમાંથી જીવ (પ્રાણ) અને તેમાંથી મનુષ્ય અને તેની ચેતનાનો સિલસિલો લગભગ દરેક કોસ્મિક ટેલીઓલોજીમાં ગુંથાયેલો છે. જે હયાત છે. દેખાય છે તે જ માત્ર વાસતવિકતા નથી. બીજી અપ્રગટ વાસ્તવિકતા પણ છે જે અંદર જ નિહિત છે, જે સંપૂર્ણ સંભાવના અને ગુંજાઇશો (Potential)નું વહન કરે છે. આ એક તત્વ છે જે મનુષ્ય ને અંદરથી ધક્કો મારે છે, ઉર્ધ્વગતિ તરફ ધકેલે છે અને તેના અંતિમ હેતુ તરફ લઇ જાય છે.

આ અધ્યાત્મિક ટેલીઓલોજિકલ ઉત્ક્રાંતિ વિચારના એક બીજા લક્ષણનો પણ ઉલ્લેખ કરી લઉં. તેના પ્રમાણે સમગ્ર સૃષ્ટિમાં મુખ્યત્વે બે પ્રકારની પ્રેરણાઓ નિહિત છે. એક છે ભૌતિક પ્રકારની પ્રેરણાઓ - ભુખ, તરસ, મૈથુન - પ્રજનન ઇત્યાદિ અને બીજી છે ઉર્ધ્વગામી ઉચ્ચ પ્રેરણાઓ, અંતિમ મુકામે લઇ જતી પ્રેરણાઓ. આ બંને પ્રકારની પ્રેરણાઓનાં વાહકો દેખીતી રીતે અલગ અલગ છે. એકનું વાહક છે શરીર દેહ અને બીજાનું વાહક છે (મનુષ્યસ્થિત) અધ્યાત્મ. મનુષ્યમાં આ બંને પ્રેરણાઓ જોવા મળે છે. તેથી આ બંનેનો સમન્વય સ્વાભાવિક અને અનિવાર્ય છે. આ સમન્વયમાં જ મનુષ્યની બધી ઉપાધિઓ, પીડાઓ, સમસ્યાઓનો ઉકેલ જોવાઇ રહ્યો છે.

દ્રવ્યવાદી ડાર્વિને આવાં ગૂઢવાદી અલૌકિક તત્વોને બાકાત કરીને કુદરતી પસંદગીની થિયરીનો ઉપયોગ કરીને સાવ લૌકિક કાર્યકારણના સિધ્ધાંતનો સુંદર ઉપયોગ કરીને જીવોમાં જોવા મળતી આશ્ચર્યજનક ડિઝાઇન અને તેના વૈવિધ્યને સમજાવવાની કોશિષ કરી જે મદહઅંશે સફળ રહી. આધ્યાત્મિકતાથી રસાયેલા ઉત્ક્રાંતિ વિચારોની સરખામણીમાં ડાર્વિનના ઉત્ક્રાંતિ વિચારનું એક માનવીય પાસું આંખે ઉડીને વળગે છે. તેના વિચારમાં સૃષ્ટિવ્યાપી કોઇ સાર્વત્રિક હેતુ કે શાશ્વત મૂલ્યોનો ઉલ્લેખ પણ નથી, કે નથી કોઇ ઉર્ધ્વ આરોહણ કે અંતિમ હેતુ તરફની ગતિ. ડાર્વિનની (અને લામાર્કની) teleology પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિ પૂરતી જ સીમિત છે. ડાર્વિને હંમેશા જીવોને કે તેમના હેતુઓને ઉર્ધ્વ-હીન કે ઊંચ-નીચ જેવી શ્રેણીમાં મુકવાનો ભારપૂર્વક ઇન્કાર કર્યો, જે અધ્યાત્મિક ઉત્ક્રાંતિનું અનિવાર્ય લક્ષણ છે.

## ઉત્ક્રાંતિનું જીવતું ઝરણું

ડાર્વિને લામાર્કની અને તેના દાદા ઇરેસ્મસની થિયરીને ફગાવતાં કહેલું કે અટકળનું પ્રમાણ અતિશય વધારે છે અને તથ્યો પાંખાં છે. ૧૮૪૪માં તેના મિત્ર હુકરને લખેલું, ''લામાર્કની આ અર્થહીન થિયરીથી ભગવાન મને બચાવે ''. તે કાળમાં જ લખાયેલા બીજા એક પત્રમાં લામાર્કના પુસ્તકની ટિપ્પણી કરતાં લખેલું, ''શબ્દચાતુર્યથી ભરપૂર પણ વાહિયાત'', આગળ જતાં ''એને માટે સાચું જ કહ્યું છે - કચરો છે.''

ડાર્વિનની થિયરીમાં એ સ્પષ્ટ હતું કે જીવોમાં જોવા મળતી વિવિધતા variations એ જીવની પોતાની પેદાશ છે. વાતાવરણ ક્યારેય સૂચના (instructions) આપીને કોઇ ધારેલાં variations પેદા કરી શકતું નથી. તેનું ક્ષેત્ર નિશ્ચિત છે- variationsમાંથી પસંદગી કરવાની. આથી ઊંધું લામાર્કની થિયરી એવું કાંઇક સૂચવતી લાગતી હતી કે વાતાવરણની સીધી જ અસર (સૂચના- instruction) નીચે જીવોમાં variations પેદા થાય છે. બંને વચ્ચેનો તફાવત નાટકીય હતો.

ડાર્વિન : વાતાવરણ દ્વારા પસંદગી (selection), અને

લામાર્ક : વાતાવરણ દ્વારા સૂચના (instruction).

લામાર્કની થિયરીના બે અલગ મુદાઓ છે તે સમજવું જોઇએ. પ્રથમ મુદો છે કે પરિસ્થિતિને અનુરૂપ બદલાતી પ્રાણીની જરૂરિયાતો જેનાથી બદલાતી તેની ટેવો (habits)ની ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં કોઇ ભૂમિકા છે?

બીજો મુદ્દો એ છે કે બદલાતી ટેવોથી તેના અંગોમાં થતા ફેરફારો વારસામાં ઉતરી શકે છે ? અને તે રીતે ઉત્ક્રાંતિને અસર કરી શકે છે ? બીજા શબ્દોમાં, જીવન દરમિયાન પ્રાપ્ત કરેલાં (acquired) લક્ષણો વારસામાં ઉતરી શકે ?

લામાર્કનો બીજો મુદ્દો ખોટો ઠર્યો છે પરંતુ પ્રથમ મુદ્દો મોકાનો બન્યો છે. લામાર્કે તો વારસાઇની થિયરીમાં ભૂલ કરી જ, પરંતુ ડાર્વિનનો દેખાવ પણ નબળો જ હતો. તે સમયે જનીન દ્રવ્ય (germ plasm)ની થિયરી શોધાયેલી નહીં. વારસાઇ વિશે બધા જ અંધારામાં હતા.

ડાર્વિનની થિયરી ઘણી રીતે લામાર્કને મળતી આવતી હતી, તેની થિયરી પ્રમાણે માતા-પિતા બંનેમાંથી સરખા પ્રમાણમાં શરીરના દરેક અંગનાં જુદાં જુદાં લક્ષણોનો વારસો સંતાનમાં ઉતરે છે. સંતાનમાં ઉતરી આવેલાં લક્ષણોની મેળવણી (blending) થાય છે.

મેળવણીની થિયરીના આધારે કાર્લ પીયરસન જેવા વિજ્ઞાનીઓએ કુદરતી પસંદગીને દર્શાવવા કાળજીપૂર્વકના ઘણા પ્રયોગો કર્યા પણ બધા જ પ્રયોગો પસંદગીનું નિદર્શન કરવામાં નિષ્ફળ ગયા. પસંદગીની થિયરી તૂટી પડતી દેખાઇ.

Origin પછીનાં આઠ વર્ષ બાદ ૧૮૬૭માં જેન્કીન્સ નામના એક ઇજનેરે ગાણીતિક તર્ક કર્યો. જો લક્ષણોની મેળવણી થતી હોય તો થોડી પેઢીઓ બાદ જ કોઇપણ નવા variationને વહન કરતા લક્ષણની માત્રા (concentration)માં ધરખમ ઘટાડો નોંધાય. મંદ પડી ગયેલું variations ભાગ્યે જ દેખાય. તો કુદરતી પસંદગી શેની ઉપર કાર્ય કરે?

કુદરતી પસંદગીના સિધ્ધાંત ઉપર ઘેરાયેલી કટોકટીનો ડાર્વિને સ્વીકાર કર્યો. Originની ૧૮૭૨ની છઠ્ઠી આવૃત્તિમાં ડાર્વિન મને કમને, આંશિક રીતે લામાર્કની થિયરીને સ્વીકારતા લખ્યું ‘‘. . . મહત્વની રીતે વપરાતાં-બિનવપરાતાં અંગોની અસરો પણ વારસામાં ઉતરે છે. . . બહારની સ્થિતિની સીધી અસર પણ થાય છે.’’ ડાર્વિનવાદીઓ આ મોટી પીછેહઠથી ઘેરા શોકમાં ડુબી ગયા. કુદરતી પસંદગીના સિધ્ધાંત ઉપર સંખ્યાબંધ પ્રશ્નો ઉઠ્યા. કુદરતી પસંદગીને પ્રાયોગિક ટેકો મળતો ના હતો.

### ગ્રેગર મેન્ડલ - ડાર્વિનની કુમકે (૧૯૦૨)

ડાર્વિનના વારસાઇના સિધ્ધાંતનો રકાસ થઇ ગયો, પસંદગીનો સિધ્ધાંત પડકારાયો તેની લગોલગ જ તેની થિયરીને આબાદ ઉગારી લે તેવો વારસાઇનો સિધ્ધાંત ૧૮૬૫માં એક ઓસ્ટ્રીયન પાદરી ગ્રેગર મેન્ડલ માંડી રહ્યો હતો.

આજે પણ જેને નમૂનારૂપ કહી શકાય તેવી ચુસ્ત વિજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરીને મેન્ડલ વટાણા ઉપર પ્રયોગો કરી રહ્યો હતો. પ્રયોગોનો નિષ્કર્ષ કાઢીને તેણે પ્રતિપાદિત કર્યું કે નર-માદા વચ્ચેના સંબંધોથી થતા પ્રજનનમાં દરેક જીવમાં વારસાઇનું કામ ફક્ત શરીરનાં વિશિષ્ટ અંગો - અંડાશય દ્વારા જ થાય છે. નર અંડાશયમાં નરબીજ અને માદા અંડાશયમાં માદાબીજ ઉત્પન્ન થાય છે. જીવનાં જુદાં જુદાં લક્ષણો પૈકીનાં દરેક લક્ષણને વારસાઇનાં ઘટકોની એક જોડ નક્કી કરે છે. દરેક જોડમાંનું એક ઘટક નરનું અને બીજું માદાનું હોય છે. જ્યારે નર કે માદા અંડાશયમાં પ્રજનનકોષો (gametes) બને છે ત્યારે દરેક જોડનાં ઘટકો બે ભાગમાં વહેંચાઇ જાય છે (segregation). દરેક પ્રજનન કોષમાં જોડના બેમાંથી એક ઘટકને સમાવાય છે. આ એકમ ઘટકો પાછળથી જનીન (genes) તરીકે ઓળખાયાં. વારસાઇનું વહન કરતું આ દરેક ઘટક જાણે કે કણ સ્વરૂપમાં રહે છે. (particulate nature of genes). અને પેઢી-દર પેઢીની વારસાઇ દરમિયાન તેનું સ્વરૂપ - રચના અકબંધ રાખે છે. પરિવર્તન પામ્યા વગર (મ્યુટેશનને બાદ કરતાં) તે દરેક પેઢીમાં જેમનું તેમ ઊતરે છે. નર અને માદા બીજ (અંડકોષો)નું જ્યારે સંયોજન થાય છે (ફલીકરણ) - નરનું એક અને માદાનું એક એમ બન્ને ઘટકો પાછાં ભેગાં થાય છે - જેમાંથી શરીરના કોષો બને છે. બીજી પેઢીમાં પાછાં એ જ જનીન અંડાશયોમાં પેદા થતા પ્રજનન કોષો (gametes) દ્વારા એવાંને એવાં કોઇ મેળવણી વગર ઊતરે છે. ડાર્વિન વિચારને ભોંય ભેગો કરતો જનીન મેળવણીનો મહાકોયડો મેન્ડલ ઉકેલતો હતો અને તેની સાથે લામાર્કની આખી થિયરી તૂટી પડતી હતી. પરંતુ મેન્ડલનું પેપર બીજાં ૩૫ વર્ષ સુધી કોઇ અજાણ્યા વિજ્ઞાન મેગેઝીનમાં ધરબાઇને ભુલાઇ ગયું. વિજ્ઞાનની થિયરીઓનો ઇતિહાસ આવા કેટલાય દાખલાઓથી ભરપૂર છે. ૧૯૦૦ની સાલમાં ત્રણ સાવ સ્વતંત્ર શોધકોએ પોતપોતાની મેળે આ છુપાઇને પડેલા લેખને શોધી કાઢ્યો. ૧૯૦૨માં મેન્ડલના નિયમોનો વિધિવત્ સ્વીકાર થયો. તેની સાથે જ ડાર્વિનની થિયરીને જીવનદાન મળ્યું. જનીન મેળવણીથી સર્જાયેલું સંકટ તો ટળ્યું પરંતુ કુદરતી પસંદગીને સાબિત કરવા માંગતા પ્રયોગોની નિષ્ફળતાનું શું?

### જોહાનસેન - variationના બે પ્રકાર (૧૯૦૯)

૧૯૦૯માં ડેનિશ વનસ્પતિશાસ્ત્રી જોહાનસેને પ્રશ્નનો ઉકેલ બતાવ્યો. તેણે કરેલા ચોકસાઇભર્યા, હેરતભર્યા પ્રયોગોની વિગતોમાં ગયા વગર જ તેના નિષ્કર્ષ ઉપર જઇશું. તેણે બતાવી આપ્યું કે હકીકતમાં

variations બે પ્રકારનાં હોય છે. એક છે જનીન નિયંત્રિત - genotypical અને બીજું છે વાતાવરણ નિયંત્રિત -phenotypical. આપણે જોયું કે જીવવિજ્ઞાનીઓ જનીન નિયંત્રિત વૈવિધ્યને variations કહે છે. વાતાવરણ નિર્મીત વૈવિધ્યને phenotype ને પ્રકટ સ્વરૂપ (modification) કહે છે. આ તથ્ય પ્રકાશમાં આવતાં જ કાર્લ પિયર્સનના પ્રયોગો કેમ નિષ્ફળ ગયા તે સમજાઇ ગયું. કારણ કે તેણે પસંદ કરેલા તફાવતો પ્રકટ સ્વરૂપના- phenotypical હતા.

કણ સ્વરૂપનાં વારસાઇનાં ઘટકો મેન્ડલની ૧૯૦૨માં પ્રકાશમાં આવેલી થિયરી અને બે પ્રકારનાં વૈવિધ્ય દર્શાવતી (genotypes, phenotypes) જોહનાસનની ૧૯૦૯ની થિયરીએ ડાર્વિન વિચારની સામેના બે અંતરાયો દૂર કરી દીધા.

પરંતુ બીજાં ૨૦ વર્ષ સુધી ડાર્વિન વિચાર મુખ્ય તખ્તા ઉપર આવ્યો જ નહીં. ડાર્વિનનો વિચાર ગર્દીશમાં ગયો તે વરસોમાં બીજા એક વિચારે જોર કર્યું હતું. તે પ્રમાણે ઉત્ક્રાંતિ હવે કૂદકા મારતી આગળ વધતી હતી. તેનું ચાલકબળ હતું મોટાં મ્યુટેશનો. નાનાં નાનાં variations ઉપર કામ કરતા કુદરતી પસંદગીના સિધ્ધાંતની તરફેણમાં હવે બહુ ઓછા હતા. આવા ધીમા, ક્રમિક ફેરફારોથી શું દહાડો વળે?

## જનીન સંકુલ -નાનાં variations નો જમાનો

૧૯૩૦ પછીનાં વરસોમાં લેબોરેટરીઓમાં થયેલા અનેક પ્રયોગોના અંતે જાણીતાં તથ્યોનાં અર્થઘટનોમાં ધીમો પણ ચોક્કસ ફેરફાર થયો છે. શરૂઆતમાં મેન્ડલની સમજણ સર્વમાન્ય હતી - એક લક્ષણ, એક જનીન. દાયકાઓના પ્રયોગોએ બતાવ્યું કે જીવમાં જોવા મળતી દરેક અસર (લક્ષણ) અનેક જનીનો વચ્ચેની આંતરક્રિયાનું પરિણામ છે. દરેક જનીન કોઇ એક ખાસ લક્ષણના પ્રાકટયમાં વધારે મહત્વનો ભાગ ભજવતું હશે પરંતુ તે શરીર રચના અને કાર્યની બીજી લાક્ષણિકતાઓને પ્રગટ કરવામાં પણ જોડાયેલું હોય છે. એક જ જનીન જુદા જુદા સ્થળે કામ કરે છે, જુદા જુદા સમયે કામ કરે છે; બીજાં જનીનો સાથે જોડાઇને કામ કરે છે. એક યા બીજા જનીનનું હોવું ના હોવું અસરોમાં તફાવતો ઊભા કરે છે. વાસ્તવમાં બધાં જ જનીનો ભેગાં થઇને સંયુક્ત જનીન અસરો ઊભી કરે છે. આવી અસરો ઊભી કરતા જનીન સમુહોને જનીન સંકુલ (gene complex) કહેવામાં આવે છે. કોઇપણ જીવનો દેખાવ હવે આવાં જનીન સંકુલોની વાતાવરણ સાથેની આંતરક્રિયાનું પરિણામ ગણવામાં આવે છે. કોઇપણ જનીનની અસર હવે જનીન સંકુલ ઉપર આધારિત છે. તેથી જનીન સંકુલના કોઇ જનીનમાં ફેરફારો થાય તેની સાથે જ જનીનની અસર પણ બદલાઇ જાય છે. એક જ જનીન જુદી જુદી અસરોમાં સહયોગી હોવાથી તે હવે કુદરતી પસંદગીનું જુદી જુદી રીતે નિશાન બની શકે છે.

જનીન સંકુલ અને બાહ્ય વાતાવરણ વચ્ચે એટલું નાજુક અને સુંદર સંતુલન છે કે ભાગ્યે જ કોઇ મ્યુટેશન આવી સંકુલ રચનામાં ફાયદાકારક હોવાનું ધારી શકાય. આ જ કારણસર એ પણ ધારવું પડે કે સમગ્ર સંકુલને ફાયદો કરાવી શકે તેવાં મ્યુટેશન જવલ્લે જ જોવાનાં મળે અને સાવ નાની અસરો જ ઊભી કરતાં હોવાં જોઇએ. જીન સંકુલ આ રીતે રૂઢિચુસ્ત રચના છે કોઇપણ મોટું મ્યુટેશન નિશ્ચિતપણે નુકસાનકારક જ સાબિત થાય.

ફરી ફરીને આપણે પાછા ડાર્વિન વિચાર ઉપર આવ્યા છીએ. કુદરતી પસંદગીનો સિધ્ધાંત નાનાં, નાનાં જનીન નિયંત્રિત variations ઉપર કામ કરે છે. પણ હવે ડાર્વિન વિચાર સજ્જ છે વારસાઇનું વહન કરતા મેન્ડલના જમીન કણોની થિયરીથી.

## કુદરતી પસંદગી ઉપર હજી પ્રશ્નાર્થો

હજી જીવવિજ્ઞાનીઓ મચક આપવા તૈયાર ના હતા. તેઓની દલીલ હતી કે લેબોરેટરીના પ્રયોગોનું ઠીક પરંતુ ખુલ્લી કુદરતમાં કુદરતી પસંદગીનું નિદર્શન કરતા પ્રયોગાત્મક પૂરાવાઓ જોવા મળતા નથી. ૧૯૩૬માં રોયલ સોસાયટીના એક હોદ્દેદારે વિધિવત્ વિધાન કર્યું કે કુદરતી પસંદગીથી જ અનુકૂલન સધાય છે તે સાબિત થયું નથી. કુદરતી પસંદગી બહુ બહુ તો બીજાં કારણોની સાથે જોડાતું એક કારણ હોઇ શકે. ડાર્વિન વિચાર હજી હાલમ્ડોલમ્ હતો. પરંતુ તે પછીનાં વરસોમાં જીવવિજ્ઞાનીઓએ ખુલ્લી કુદરતમાં અચરજમાં મુકી દે તેવા કલ્પનાશીલ ચુસ્ત પ્રયોગો કરીને કુદરતી પસંદગીના સિધ્ધાંતની કાર્યક્ષમતા સિદ્ધ કરી આપી.

## વોટસન - ક્રીકનો ડી.એન.એ. અણુ - ૧૯૫૩

લેબોરેટરી અને ખુલ્લી કુદરતમાં થયેલા સફળ પ્રયોગોએ ડાર્વિન વિચારને લગભગ અજેય બનાવી મુક્યો. તો વળી તેને સફળતાની સાવ નવી જ ટોચે પહોંચાડનાર વિચાર આવી પહોંચ્યો ૧૯૫૩માં.

૧૯૫૩માં વોટસન અને ક્રીકની મશહૂર વિજ્ઞાની જોડીએ થિયરી આગળ કરી કે મેન્ડલનું જીન એ બીજું કાંઇ જ નહીં પણ કાર્બનીય રસાયણોનો

મહાકાય અણુ (Organic macro molecule) છે. એક પેઢીમાંથી બીજી પેઢીમાં પસાર થતું અદીઠ, ગૂઢ જીન, જીવનના હાર્દ સમું જીન એ શુધ્ધ ભૌતિક રસાયણિક રચના છે અને તેના નિયમોને આધીન છે. આ બહાર આવ્યું તે સાથે જ સજીવ - નિર્જીવનો ભેદ કરતી હજારો વરસ જૂની દિવાલ જમીન ભેગી થઇ ગઇ. બધા જ ભેદ ભૂંસાઇ જતા દેખાયા.

ડાર્વિનના જમાનાના કૂણા દ્રવ્યવાદની તેના પછીના સમયમાં આમે ય ભૌતિક નિયતીવાદની અસર નીચે કાયાપલટ થઇ રહી હતી. જીવવિજ્ઞાનના નિયતીવાદી આક્રમણને ખાળવાનો રહ્યો સહ્યો આધાર પણ છિન્નભિન્ન થઇ ગયો. જળ સ્થળ એક જ બની ગયું, હવે બધું જ ભૌતિક દ્રવ્ય બની ગયું. ડી.એન.એ અણુના એક સર્જક ક્રીકે (મૂળે ભૌતિક વિજ્ઞાની) તો કહી દીધું ''દરેક દૃષ્ટિબિંદુએથી જોતાં જીવવિજ્ઞાન હવે અણુના સ્તરની નજીકને નજીક સરકતું જાય છે. વારસાઇના વિશ્વમાં હવે આપણે અણુઓની સાંકળ (polymer) સાથે પનારો પાડી રહ્યા છીએ, અને તેની સાથે જીવતી ગતિવિધિઓનું નિર્ણાયક નિયંત્રણ મોલેકયુલની સાંકળના મણકા (mono mers)ની ગોઠવણીમાં જોવાઇ રહ્યું છે.'' ડી.એન.એ.ની થિયરીએ તો molecular biologyની ક્રાંતિ સર્જી દીધી. થિયરી એટલી બળૂકી સાબિત થઇ કે જીવવિજ્ઞાનનાં અસંખ્ય રહસ્યો ખુલ્લી કિતાબ બની ગયાં. હવે કોઇ શંકાને સ્થાન ના રહ્યું કે કોષના કેંદ્રમાં રહેલા ડી.એન. એ. અણુમાં થતા ભૌતિક યદૃચ્છ ફેરફારો (Random Changes) ઉપર કુદરતી પસંદગી કાર્ય કરે છે. ઉત્ક્રાંતિમાં જોવાં મળતાં પરિવર્તનોની આ જ મુખ્ય ભૌતિક યાંત્રિક કાર્યરચના રહે છે. ઉત્ક્રાંતિની આધુનિક થિયરી તરીકે આ વિચાર સ્થપાઇ ગયો. vitalists એ ધારેલા vital (પ્રાણ) તત્વનો ખાત્મો બોલી ગયો.

જીવંત ઝરણાની યાત્રાના આ મુકામે પહોંચીને હાર્ડી પુછે છે કે બહુમતિ વિજ્ઞાનીઓએ ઉત્ક્રાંતિની આ યાંત્રિક કાર્યરચનાની થિયરીનો સ્વીકાર કરી લીધા પછી ઉત્ક્રાંતિને ચલાવતું બીજું કોઇ બળ છે જે આ યાંત્રિક કાર્યરચનાની બહારનું હોય ?

ઉત્ક્રાંતિની આધુનિક થિયરીના ઘણા આલોચકો કહે છે કે જનીન દ્રવ્યમાં જ થતા યદૃચ્છ ફેરફારો (Random mutation) અને અંડકોષ વિભાજન વખતે જનીન દ્રવ્યના સંમિશ્રણ (Recombination of genes) ઉપર કાર્ય કરતી કુદરતી પસંદગી કાંઇ સર્જનાત્મક ઉત્ક્રાંતિને (creative evolution) આધાર આપી શકે નહીં. હાર્ડીએ આ માન્યતાનું ખંડન કરવા એક આખું પ્રકરણ લખ્યું છે. જીવો કેવી રીતે રંગોની ભાતનો ગજબનાક ઉપયોગ કરીને છદ્મવેશ (camouflage) ધારણ કરે છે જેથી વાતાવરણમાં ભળી જાય અને શિકારીથી સંતાઇ જવાય. તેનાથી વધારે આશ્ચર્યજનક વિગતો તો જીવો દ્વારા કરાતી નકલો (minicry)ની છે. આ બધું અનુકૂલન કુદરતી પસંદગીના સિધ્ધાંતની જનીન દ્રવ્ય ઉપરના કાર્યથી જ થાય છે. (Neo-Darwinism ના માળખાની અંતર્ગત જ આ સધાય છે.)

## નવા ક્ષેત્રમાં પ્રવેશતું ઝરણું - બાલ્ડવીન-મોર્ગનની થિયરી - ઓર્ગેનિક પસંદગી

હવે જીવંત ઝરણું એ ક્ષેત્રમાં પ્રવેશે છે જ્યાં સ્વીકૃત, સ્થાપિત ડાર્વિન વિચારને નવો પડકાર અપાઇ રહ્યો છે. પોપરનો ઉત્ક્રાંતિ ક્ષેત્રે પ્રવેશ અહીંથી થાય છે. તેની ચર્ચા (૭ બ)માં કરીશું. સવાલ છે ઉત્ક્રાંતિની ચુસ્ત દ્રવ્યવાદી પ્રક્રિયા તો આપણે જોઇ, પણ આ સિવાયની કોઇ બિનભૌતિક પ્રક્રિયા છે ? બહુ જ શરૂઆતમાં હાર્ડી સ્પષ્ટતા કરે છે કે ભલે આ બિનભૌતિક પ્રક્રિયા હોય પરંતુ તે ભૌતિક પ્રક્રિયા સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલી હોવી જોઈએ. ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં જનીન સંકુલ અને કુદરતી પસંદગી સિવાયનું બીજું મહત્વનું પરિબળ કયું?

વનસ્પતિ કદાચ એક જ સ્થળે જડાયેલી છે એ કારણે પર્યાવરણ ઉપર તેનું સંપૂર્ણ અવલંબન રહે છે પરંતુ ગતિમાન પ્રાણીઓનું શું ? તેઓ ગતિમાન હોવાથી નવા વસવાટો (habitats) ને ખોળવાની - શોધવાની તક રહે છે. આમ આવાં પ્રાણીઓના કિસ્સામાં બે સામસામેની પસંદગીઓ કાર્ય કરી રહી છે. વાતાવરણ દ્વારા કરાતી પ્રાણીની પસંદગી અને તેનાથી જુદું, પ્રાણીઓ દ્વારા કરાતી વાતાવરણની પસંદગી. પ્રાણીઓના નવા વાતાવરણ - વસવાટોને શોધવા પાછળનું મુદ્દાનું કારણ છે તેની બદલાતી ટેવો (habits).

પ્રાણીઓની બદલાતી ટેવોનું બનેલું આંતરિક પરિબળ ઉત્ક્રાંતિનું એક મહત્વનું પરિબળ છે એ તો છે લામાર્કનું મોટું યોગદાન. હાર્ડી તેની ટેવ મુજબ એક સ્પષ્ટતા અહીં કરી જ દે છે. કહે છે લામાર્કીયન વિચારના સમર્થનનો અર્થ એ નથી જ કે સામાન્ય રીતે સ્વીકારાતા અર્થમાં તે લામાર્કીયન છે. લામાર્કના નામે ચડેલી ઉત્ક્રાંતિની એ થિયરી કે બદલાયેલી ટેવના કારણે પ્રાણીના શરીરમાં થયેલા ફેરફારો વારસામાં ઉતરે છે. લામાર્કની થિયરી સામેનો એક મોટો વાંધો આવા પ્રકારની વારસાઇની થિયરીના કારણે છે. હાર્ડી એક નવી વાત અહીં રજૂ કરે છે. લામાર્કના ૧૮૭૩માં પ્રસિધ્ધ થયેલા પુસ્તકના એક (ફ્રેંચ) ફકરાને ટાંકે છે અને તેનો સાર આપે છે. ''સંજોગો પ્રાણીના સ્વરૂપ ઉપર અસર કરે છે. પરંતુ મારા આ વાક્યનો માત્ર શબ્દાર્થ ના કરવો

જોઇએ. કારણ કે વાતાવરણ પ્રાણીઓની શરીર રચનામાં ફેરફાર કરવા સક્ષમ નથી.'' લામાર્કની આ સ્પષ્ટતા પછી હાર્ડી દલીલ કરે છે કે ખોટી રીતે આ થિયરી લામાર્કને નામે ચઢાવાઈ છે. હવે સવાલ એ છે કે ટેવોના ફેરફારોથી ઉત્ક્રાંતિનો પ્રવાહ બદલાય છે કેવી રીતે ? હાર્ડીનો જવાબ અસંદિગ્ધ છે : કોઈપણ સ્વરૂપની ડાર્વિનીયન પસંદગીથી જ.

લામાર્ક વિચારને આ (ડાર્વિનીયન) અર્થમાં પ્રકાશમાં લાવવાનો સૌ પ્રથમ પ્રયાસ અમેરીકન બાલ્ડવીન અને બ્રિટીશ લોઇડ મોર્ગને ૧૮૯૬માં કર્યો. નોંધવા જેવું છે કે ૧૮૯૬માં આ બે વિજ્ઞાનીઓની જોડી અને ત્રીજો વિજ્ઞાની ઓસબોર્ન જ્યારે તેમની નવી થિયરી રજૂ કરી રહ્યા હતા ત્યારે મેન્ડલની પુનર્વસન કરાયેલી થિયરી (૧૯૦૨) ૬ વર્ષ પછીના ભાવિના ગર્ભમાં હતી અને જોહનાસનની બે પ્રકારનાં વૈવિધ્ય (variations and modifications)ની થિયરી હજુ ૧૪ વર્ષ દૂરના ભાવિમાં હતી. નવી જ ભોં ભાંગતી આ બે થિયરીઓની ગેરહાજરીમાં બાલ્ડવીન - મોર્ગન જે કહી રહ્યા હતા જે અદ્‌ભુત હતું. તેમની થિયરી જૈવિક પસંદગી (Organic selection)ના નામે ઓળખાઇ છે. આ થિયરીને અડકવા પણ મોટાભાગના વિજ્ઞાનીઓ તૈયાર ના હતા. (લામાર્કને અંશતઃ પુનર્સ્થાપિત કરતી થિયરીને vitalist કહીને અવગણવામાં આવી) જુલિયન હકસલીએ તેના સ્વીકારની ભૂમિકા તૈયાર કરી આપી.

હકસલીએ સૌ પ્રથમ રજુઆત કરી કે organic selection પ્રમાણે જો બિન-જનીની ફેરફારો (modifications) નું પેઢીઓ સુધી પુનરાર્વન થયા કરે તો તે ઉત્ક્રાંતિનું પહેલું પગથીયું બની શકે. અલબત્ત આ ફેરફારો જનીન દ્રવ્યને અસર કરી શકતા નથી. પરંતુ પ્રાણીઓની ટેવના કારણે બદલાયેલું પ્રકટસ્વરૂપ એ જ વાતાવરણમાં ચાલુ જ રહે તો જ્યારે પણ જનીનમાં થતું મ્યુટેશન બદલાયેલા સ્વરુપને નાની માત્રામાં પણ ટેકો આપતું હોય તો તે પસંદગી પામે છે. આવું બદલાયેલું જનીન શરીરના જીનેટીક બંધારણમાં સ્થાન પામે છે. આ પ્રક્રિયા લામાર્કીઝમની નકલ કરે છે. (simulates Lamarckism) પરંતુ હકીકતમાં બિન-જનીની ફેરફારોને જનીનીક (genotype) માં ફેરવે છે.

૧૯૪૦ના દાયકામાં વાર્ડીગ્ટને બાલ્ડવીન-મોર્ગનની Organic selectionની થિયરીને પ્રયોગાત્મક સમર્થન આપ્યું. Organic Selectionની થિયરી Baldwin Effect તરીકે પણ જાણીતી બની છે. વાર્ડીગ્ટનની થિયરી genetic assimilationની થિયરી તરીકે જાણીતી બની છે. હાર્ડી બાલ્ડવીન - મોર્ગનની થિયરીનો સાર બે સ્થળે આપે છે. બંનેમાં એક જ વાત છે. પરંતુ મોર્ગનની અમેરિકન મેગેઝીન Science ૧૮૯૬માં પ્રસિધ્ધ થયેલો સાર વધુ સમજાય તેવો છે. તે નીચે આપ્યો છે.

- ધારી લઇએ કે લચીલી વર્તણુંક (plastic behaviour) ધરાવતાં પ્રાણીઓના એક સમુહને નવા વાતાવરણમાં મુકવામાં આવે છે.
- આ પૈકીનાં જે પ્રાણીઓ પરિસ્થિતિનો સામનો કરી શકે તેવી નવી વર્તણુંકને જન્માવી શકશે તેઓ ટકી જશે. બાકીના નાશ પામશે.
- આ વાતાવરણમાં બિન-જનીનીક ફેરફારો પામેલાં પ્રાણીઓ વર્તણુંકમાં ધીમે ધીમે વધારેને વધારે ફેરફારો કરતા જશે જેથી તેઓ વાતાવરણને વધારે અનુકૂળ થતાં જાય. આવા ફેરફારોની જનીન દ્રવ્ય (germ plasma) ઉપર કોઇ જ અસર નહીં થાય.
- પરંતુ હવે બિન-જનીનીક ફેરફારોની દિશામાં જતા જનીન દ્રવ્યના ફેરફારો (variations)ને દબાવી શકાતા નથી. તેમને વધારે મોકળાશ આપતી તક ખુલે છે.
- હવે જો કોઇ જનીનીક ફેરફારો બિન-જનીનીક ફેરફારોની ઊંધી દિશામાં જતા હશે તેઓ મુશ્કેલીમાં મુકાશે. જે પ્રાણીઓમાં આવા ઉલટા ફેરફારો થયા હશે તે નાશ પામી શકે છે. તેથી ઊંધું બિન-જનીનીક દિશામાં જતા જનીનીક ફેરફારો પસંદગી પામશે કારણ કે પ્રાણીઓને તે ફાયદાકારક છે.
- આમ આખી પ્રક્રિયામાં એક નિહીત રૂખ (built in tendency) જન્મે છે જે ફેરફારોને દ્દઢ કર્યે જાય છે. આ પ્રક્રિયા જેટલી લાંબી ચાલે તેટલા પ્રમાણમાં વર્તણુંકપ્રેરિત નવી દિશાના સતત વિકાસને ટેકો કરતા, અનુરૂપ જનીની ફેરફારોનું દ્દઢિકરણ થતું જશે.
- આમ લચીલી વર્તણુંક (plastic behaviour) દોરે છે અને જનીની ફેરફારો તેનાથી દોરવાય છે. પહેલું બીજાને માટે રસ્તો તૈયાર કરે છે.

બાહ્ય વાતાવરણ દ્વારા થતી પસંદગીનું ઘટક ઉત્ક્રાંતિનું એક મહત્વનું પરિબળ છે જ પરંતુ Organic Selection ને પણ મહત્વના પરિબળ

તરીકે સ્વીકારાય તો ઉત્ક્રાંતિ તરફની આપણી દૃષ્ટિ જ બદલાઈ જાય.

પરંતુ જોવા એવું મળ્યું કે Organic Selection - Baldwin Effect તરફ મોટાભાગના વિજ્ઞાનીઓ ઉદાસીન જ રહ્યા. હાર્ડી કારણો ચર્ચે છે પરંતુ વધારે પ્રતીતિજનક કારણ પોપર આપે છે. તેના માટે જવાબદાર છે સખત, અક્કડ બનેલી ભૌતિકવાદી જ્ઞાનમીમાંસાનો જીવવિજ્ઞાનીઓ દ્વારા સ્વીકાર. ડાર્વિન તેના સમયે બહુ સહેલાઇથી પ્રાણીઓમાં રહેલી હેતુલક્ષિતા (Teleonomy)નો સ્વીકાર કરી શક્યો. સજીવ- નિર્જીવ તફાવતના મુદ્દે પણ તેને કોઇ તકરાર હતી નહીં. ત્યાર બાદ ભૌતિક નિયતીવાદે જીવવિજ્ઞાનમાં કરેલી ઘુસપેઠ અને ખાસ કરીને ડી.એન. એ.ની થિયરીએ જીવના હાર્દસમા જનીનદ્રવ્યમાંથી ગૂઢ રહસ્ય (Mystery)ને કાઢી લીધું તેને ભૌતિક સ્વરૂપ આપી દીધું ત્યાર પછી તો તેની પકડ જડબેસલાક બની. ભૌતિકવાદ (physicalism) હવે જીવોમાં હેતુ, પ્રેરણાઓ, ખોજ જેવી બિનભૌતિક અવસ્થાને સ્વીકારવા તૈયાર નથી. તે બધા અને તેની સાથે પ્રાણીઓમાં જોવા મળતી teleology vitalism ગણાઈ જાય છે - એક પ્રકારનું મેટાફિઝીક્સ જ. Baldwin Effectને - લાર્માકીયન નકલ (simulation)ને vitalismનું લેબલ લગાવીને નકારવાનું સહેલું બની ગયું. પણ જે છે તે વાસ્તવિકતા (Real)ને નકારવાનું સહેલું કામ કરવું તે યોગ્ય છે ? આમ કરવાથી વિજ્ઞાન-જ્ઞાન આગળ વધે ? આવા સવાલ પૂછતો પોપર આ વિચાર (physicalism)ને પડકારે છે. Baldwin Effect ને આગળ લઈ જાય છે, હવે પછીના છેલ્લા લેખમાં. ■

## માનવ અને વાનર - સમાન પૂર્વજ

રૂઢિચુસ્ત (પાદરીઓ) ઉશ્કેરાયેલા જ હતા. કારણ કે ડાર્વિનની દલીલમાં અભિપ્રેત હતું કે મનુષ્ય પણ આખરે તો પ્રાણી જ છે, અને તેના અને વાનરોના પૂર્વજ સમાન હતા. ઓકસફર્ડમાં બ્રિટીશ એસોશિયેશનની ૧૮૬૦ની એક સભામાં સૌથી નાટ્યાત્મક સંઘર્ષ છેડાઇ ગયો. આ મિટીંગમાં બે સત્રો Origin of Species ઉપર હતાં. બીજું સત્ર સૌથી ઉશ્કેરાટપૂર્ણ તોફાની સત્ર બની ગયું. રૂઢિચુસ્ત ધર્મગુરૂઓનું પ્રતિનિધિત્વ કરતો ઓકસફર્ડનો બિશપ સેમ્યુઅલ વિલ્બરફોર્સ, પાદરીઓનો પોષાક - સફેદ ખુલ્લો હવામાં ફરફરતો ઝભ્ભો પહેરીને સભામાં આવ્યો હતો. બીગલની સમદ્રયાત્રા પછી નબળી તબિયતના કારણે ડાર્વિન કયારેય આવી મિટીંગોમાં જતો નહીં. તેના પક્ષે હાજર હતા હુકર અને થોમસ હક્સલી, જે બહુ ઝડપથી ડાર્વિનીઝમના સૌથી અગ્રગણ્ય, સમર્થ બચાવકાર તરીકે જાણીતો બની ચૂક્યો હતો.

સભાના પ્રમુખસ્થાને બીજું કોઇ નહીં, ડાર્વિનના પ્રેરણાગુરુ પ્રોફેસર હેનસ્લો (જેમણે ઝરણાને હૈયે જગવી હતી સિંધુ રટણા). સામસામેના વાક્યુદ્ધની પરાકાષ્ઠા ત્યારે આવી જ્યારે બિશપ વિલ્બરફોર્સ તેના વક્તવ્યને પુરૂં કરતાં પહેલાં હક્સલી તરફ વળ્યો. અવાજમાં ધાર આપી, તીખો કટાક્ષ કરતાં તેણે સવાલ કર્યો, ‘‘જો તારો દાવો હોય કે વાનર પૂર્વજ છે તો પછી એ બતાવ કે એ પૂર્વજ તારા પિતાપક્ષે છે કે માતાપક્ષે.’’ (એક નજરે જોનાર સાક્ષીના અહેવાલ પ્રમાણે) હક્સલીનો વારો આવ્યો. તેણે વળતો જવાબ આપ્યોઃ ‘મારો જો કોઇ એક પૂર્વજ હોય જેનું નામ આપતાં માથું શરમથી ઝુકી જાય તો તે હશે મનુષ્ય. એવો મનુષ્ય જેની અક્કલ સતત ચંચળ છે, બહુઆયામી છે, જેને પોતાના જ ક્ષેત્રમાં મળેલી સંદિગ્ધ (equivocal) સફળતાથી સંતોષ નથી, જે વિજ્ઞાનના એવા પ્રશ્નમાં આંધળૂકિયું કરીને કૂદી પડે છે જેની તેને કોઇ જ જાણકારી નથી અને જે આવા અજ્ઞાનને છુપાવવા સાવ અર્થવિહીન ફાંફા મારતા તુક્કાઓનો આશરો લે છે. જેથી સાંભળનારાઓનું ધ્યાન મૂળ પ્રશ્ન ઉપરથી ફરીને બીજે જાય. જે હેતુ સિદ્ધ કરવા તે નરી વાક્પટુતાનો આશરો લે છે, અને ધાર્મિક પૂર્વગ્રહોને સંકોરવાની યુક્તિઓ પ્રયોજે છે. ગરમીના દિવસો હતા. સભાખંડમાં હવાની અવરજવર અપૂરતી હતી, ઉકળાટ હતો અને સભાગૃહ શ્રોતાઓથી છલકાતું હતું. સૌને સન્માન્ય સફેદ પોષાકમાં સજ્જ બિશપને મોં ઉપર જ આવો સણગણતો જવાબ અપાતો સાંભળીને સભામાં એક મિનિટ તો સન્નાટો જ છવાઇ ગયો. પછી તો મચી ગયો હંગામો. એક મહિલા બેભાન થઇ ગઇ. તેને ઊંચકીને બહાર લઇ જવી પડી. પ્રોફેસર હેનસ્લો માંડ માંડ વ્યવસ્થા સ્થાપી શક્યા. ■

**ડાર્વિનના The Voyage of Beagleની Walter Sullivanની પ્રસ્તાવનામાંથી.**

# આતંકવાદ અને આમ મુસ્લિમ . . .

**- રાજેશ મિશ્રા**

એક વડીલ મિત્ર ૨૦૦૨ ગોધરા ટ્રેન બનાવ અને તે પછી ફેલાયેલા કોમી દાવાનળ, બન્નેથી ભારે પરેશાન હતા, બન્નેના ભોગ બનેલાં માટે સરખી સહાનુભૂતિ. વેપારમાં અને અન્ય રીતે નજદીકી મુસ્લિમ મિત્રો. ઘરનું વાતાવરણ પણ કોમી દ્વેષ કે કટુતા વિનાનું. તા. ૨૧/૯/૦૮એ એમને ત્યાં જવાનું થયું. દિલ્હી બ્લાસ્ટ બાદ, પોલીસ અધિકારી શ્રી શર્માના અગ્નિસંસ્કારનાં અને પાકિસ્તાનની હોટલ મેરીયટ્નાં દશ્યો ટીવી પર દેખાતાં હતાં. તેઓ ઘણા વિચલિત હતા. મારા વિચારો, લાગણીઓ જાણે. એટલે સીધી રીતે મને નહી પણ એક મિત્રને ઉદ્દેશીને કહ્યું, 'મારા શબ્દો લખી લો, હવે જે થશે તેમાં ૨૦૦૨ તો કંઇ ન હતું તેમ લાગશે, વીણી વીણીને મુસ્લિમોને સાફ કરવામાં આવશે. દિલ્હીમાં એન્કાઉંટર થયું. કોઇ માનવઅધિકાર વાળો બોલે છે, બધા મુસલમાનો તેવા નથી પણ અંદરખાને ટેકો તો ખરો જ !' સાથેના મિત્રે ટેકો કરતાં સાક્ષી પુરાવી; અમદાવાદ, જયપુર અને હવે દિલ્હી. પણ કોઇ કરતાં કોઇ મુસ્લિમ આને વખોડે છે જ ક્યાં? એ લોકો ભારે ઝનૂની ! ભારેખમ શબ્દો. સૂચિતાર્થો બિહામણા.

એ બિહામણા દિવસો આવીને જ રહેશે? અસંખ્ય લોકોની - એ બિહામણી સ્થિતિમાં મરનાર આ કોમનો કે તે કોમનો, હરકોઇની - જિંદગીઓ ફક્ત એક દિવાસળીએ ટીંગાયેલી છે તેવો નાજુક સવાલ. પણ તેની આસપાસ ગૂંથાયેલાં જાળાં કેવાં અટપટાં! કોઇ દિશા - રસ્તો પકડાય નહી અને તે વિષે એક હરફ ઉચ્ચારો તો પણ જીવ પડીકે બંધાયેલો રહે કે તેનાથી સ્થિતિ બગડશે તો નહી? આવો સંકુલ સવાલ અને છતાં તેની આસપાસ મંડાયેલું રાજકારણ, હજારો કિલો આરડીએક્સ કરતાં પણ ભારે સ્ફોટક, દિવસે દિવસે વળ પર વળ ચઢાવતા આ બોમ્બને કોણ ડીફ્યુઝ કરશે!

એ મિત્રનો આભાર. ભારેખમ શબ્દો બોલી મારી ભીતિ બહાર કાઢવામાં મદદ કરી. અન્યથા, દેશમાં કે વિદેશમાં થતા દરેક ધડાકે બેસ્ટ બેકરીઓ અને પાંડરવાડાની પૂર્વશરતો પૂર્ણ થવાની કમકમાટી અનુભવી છે. એ બિહામણા દિવસો આવીને જ રહેશે? આ સવાલ ઘુમરાયા જ કર્યો છે; કોઇ ઉપાય નહી દેખાવાની નિરાશા વધારે ને વધારે નીચે ખેંચે તેવા સમયે જે સૂઝે તે ખરું. મિત્રને ત્યાંથી પાછા વળતાં જેવું આવડે તેવું લખવું એવી ગાંઠ વાળી. સંજોગે, તે જ દિવસની ઈન્ડિયન એક્ષપ્રેસની પૂર્તિના પાન સાત પર ઠેકઠેકાણે મારી ભીતિઓ સંબોધાતી દેખાઇ.

તવલીનસીંઘ લખે છે : ' આતંકવાદ ઉચ્ચ રાજકીય ચિંતા બની છે તે સારી વાત છે. પણ તે દરમિયાન આપણી નજર બહાર એક નવી જ ભૂતાવળ આકાર લઇ રહી છે, જે જેહાદ જેટલી જ ભયંકર છે. મહાનગરો, નગરો અને છેક ગામડાં સુધી હિંદુ અને મુસ્લિમ વચ્ચેની કડીઓ કનેકશ્નો ખોરવાતાં જાય છે. આ કડીઓ દર એક નવા બ્લાસ્ટે / આતંકવાદી ઘટનાએ વધુ ને વધુ તૂટે છે... ..આવા ખતરનાક કોમી અવિશ્વાસ, શંકાકુશંકા અને તિરસ્કારના વાતાવરણને આ ન્યૂઝચેનલો ૨૪ કલાક તેના અપરિપકવ અને ખરાંખોટાં રિપોર્ટીંગથી બળતામાં પેટ્રોલ રેડવાનું કામ કરે છે.' તવલીનસીંઘનો પરિપ્રેક્ષ્ય, સ્થિતિનું પોસ્ટમોર્ટમ અને ઉપાયો કદાચ વિવાદાસ્પદ હોઇ શકે પણ હવે હિંદુ-મુસ્લિમ સવાલે, આને કે તેને ઉપાલંભીને તેમાં રાચ્યા રહેવાનું પાલવે તેમ નથી. તવલીનસીંઘે દિલ્હીમાં રહ્યે રહ્યે તળિયાનું સત્ય પારખ્યું છે અને ટાંકણે ધ્યાન ખેંચ્યું છે. પરિસ્થિતિ તો તેમણે લખી તે કરતાં કેટલીય ગણી ખરાબ બની ગઇ છે. બે કોમો વચ્ચેનો સંબંધ સાવ જ ઉપરછલ્લો રહી જવા પામ્યો છે. સ્થિતિ ધાર્યા કરતાં વધુ આશંકિત દુર્બળ fragile બની છે. છેલ્લા કેટલાય સમયથી બનતી ઘટનાઓ એવી પરિસ્થિતિ ઊભી કરે છે કે હિંદુ કટ્ટરવાદી સંગઠનોએ ખાસ કંઇ કરવાનું રહેતું નથી; આતંકવાદીઓ તેમની કામગીરી સારી રીતે પતાવી આપે છે. હવે હિંદુ કટ્ટરવાદીઓએ ફક્ત એક જ વાત કહેવાની રહે છે કે જો અમે નહોતા કહેતા કે આ લોકો તો એવું જ કરે. આમ મુસ્લિમ અને આતંકવાદી મુસ્લિમ વચ્ચેનો ભેદ ભુલાવી દેવા, બસ આ એક જ વાક્ય પૂરતું છે. અમારા એક માજીએ પોતાનું મકાન એક મુસ્લિમ શિક્ષિકાને ભાડે આપેલ છે. અમદાવાદ બ્લાસ્ટ બનાવોના થોડા દિવસો બાદ મળેલા. એક જ વાક્યમાં બે સામા છેડાની વાતો. 'અગાઉના ભાડુઆતો (જે હિન્દુ હતા) મકાનને નુકસાન ખાસ્સું કરી ગયેલા. આ બાપડી બે વરસથી ઘર સાચવે છે, ભાડું પણ નિયમિત આપી દે છે. પણ મારે ખાલી કરાવી દેવું પડશે; કોઇ વાર આવું કાંઇ લફરું (આતંકવાદી લીક!) નીકળી આવે તો.' કાળ ૨૦૦૨, વખતે આટલી ખરાબ સ્થિતિ ન હતી. તે છતાં કાળો કેર વર્તાયો. ૨૦૦૨ની ઘટનાઓની અસરો ધીરેધીરે ભુલાઇ રહી હતી તેવામાં આ આતંકવાદી પ્રવૃત્તિઓ સમાજના શરીરમાં કાતિલ ઝેર ફેલાવી રહી છે. સુધીન્દ્ર કુલકર્ણી લખે છે,' ભારત એક ખતરનાક સમયમાંથી પસાર થાય છે. દરેક નાગરિક અને દરેક સમુદાયની ફરજ છે કે ખતરાનો સામનો કરે અને (દેશના) નાવડાને સલામત અને શાંત પાણીમાં દોરી જાય...અન્ય

કરતાં, ભારતીય મુસ્લિમ સમુદાયે ઊંડું મનોમંથન કરવાની જરૂર છે. ઇન્ડિયન મુજાહિદીન નામનું ઝેર સમુદાયના લોહીમાં પ્રવેશી ચૂકેલું છે અને તેમાંથી તેણે છુટકારો મેળવવો જ પડશે.' સુધીન્દ્ર કુલકર્ણીના શબ્દોનો ઘણો જુદો અર્થ નીકળી શકે. જેમ કે, તેઓ એમ કહે છે કે મુસ્લિમ સમુદાયના દરેકની રગે રગમાં ઇન્ડિયન મુજાહિદીન નામનુ વિષ ફરે છે! પણ તેમના કહેવાનો એ મતલબ નથી. વાસ્તવમાં, હિંદુ- મુસ્લિમ સવાલ એટલો સંકુલ, જટિલ અને સંવેદનશીલ બની ગયો છે અને તેથી પણ વધારે આ સવાલ પર સઘળા પક્ષે લાગણીઓ એટલી આળી બનતી જાય છે કે એક હરફ પણ અનંત વિવાદો ઊભા કરી આપે. અર્થકારણ કે બીજા કોઇ સવાલે પ્રોફેશનલ એપ્રોચ ના લઇએ અને આવેગોથી ચલાવીએ તો તે કદાચ મોંઘું નહી પડે પણ આ સવાલે મહત્તમપણે પ્રોફેશનલ અભિગમ નહી અપનાવાય તો કમનસીબી સિવાય કશું હાથમાં રહેશે નહી. અગાઉ લખ્યું તેમ આ સવાલ પર હવે વિવાદ ખાતર વિવાદ કે ફક્ત બૌદ્ધિક કસરતો ભારે મોંઘી પડે એવી છે. તવલીનસીંઘ કે સુધીન્દ્ર બન્નેમાંથી કોઇ કાળ ૨૦૦૨નું પુનરાર્વતન ઇચ્છતા નથી. તે કારણે પણ અને હવે તો આ સવાલે, કોઇના પણ આકલનમાંથી કંઇ કરવાપાત્ર નીકળતું હોય તો તે લઇ આગળ વધવાની તાકીદ આવી ઊભી છે. ઇન્ડિયન મુજાહીદ્દીનની આતંકશાખાએ દિલ્હી બ્લાસ્ટની પાંચ મિનિટ પહેલાં જાહેર કરાયેલ ઈમેઇલમાં લખેલ કે ' અમે ભારતના હૃદયના ધબકારા બંધ કરી દઇશું'. સુધીન્દ્ર કુલકર્ણી કહે છે કે, 'આ ધમકીને થોડી પણ હળવાશથી લેવાનું જોખમી છે ... આ સીરીયલ બ્લાસ્ટ ખોફનાક તથ્યો બહાર આણે છે. એક તો એ કે ભારતની આતંકવાદી શાખાઓ દુનિયાના સ્તરે વ્યાપેલી આતંકવાદી જાળનો હિસ્સો છે. બીજું, આ તત્ત્વો એક ચોક્કસ ધ્યેયને વરેલાં છે એટલું જ નહી તેના માટે જાન કુરબાન કરવા તૈયાર છે. ત્રીજું, આ તત્ત્વો-પ્રવૃત્તિના દોરનારાં છે અને તે દોરવણીનો અક્ષરશઃ અમલ માટે ફના થઇ જવા, કંઇપણ કરવા તૈયાર સ્વયંસેવકો છે. ...એ દિવસ કદાચ દૂર નહી હોય કે કોઇ ને કોઇ શહેરમાં આત્મઘાતી હુમલા થાય અને પાકિસ્તાન, અફઘાનિસ્તાન કે ઇરાકમાં થાય છે તેવી રાજકીય હત્યાઓ થાય..'. સુધીન્દ્ર કુલકર્ણી કહે છે તેવી એકાદ પણ ઘટના બને કે જેમાં કોઇ રાજકીય નેતા પર હુમલો થાય કે કોઇ ધાર્મિક સ્થાન ઉડાવી દેવાય તો, લેખની શરૂઆતમાં લખ્યું તે 'હવે જે થશે તેમાં ૨૦૦૨ તો કંઇ ન હતું તેમ લાગશે.. ' તે બિહામણો દિવસ આવીને ઊભો જ સમજો!

૨૦૦૨ ધીરેધીરે ભુલાતો હતો, અને આ સંકુલ સવાલે ૨૦૦૨ પછીની જલદ વિચલિતતાએ આપણે સૌ, આડાઅવળાં પણ ફંટાયા હોઇશું. પણ આપણી કે કોઇની પણ ધારણા સમજથી સાવ જ અણધારી સિરીયલ બ્લાસ્ટની ઘટનાઓએ તાકીદ ઊભી કરી છે અને એવાં પરિમાણોનું ઉમેરણ કરેલ છે કે આ સવાલ પર ફોકસ્ડ ધ્યાન અપાય અને પ્રોફેશનલ કરતાં પણ વધારે તો ક્લીનીકલ નિદાનીય અભિગમ હાથ ધરાય. હવે ભારતીય સંસ્કૃતિની ધરોહર હિંદુ- મુસ્લિમ એકતા સૌહાર્દના એ દિવસોને પૌરાણિક બનાવી ભૂલ્યે જ છૂટકો છે, તેની હરેક યાદ કે હવાલો માત્ર ને માત્ર સ્મૃતિમોહ nostalgia કરાવે તેથી વિશેષ કોઇ મદદ કરી શકે તેમ નથી.

તવલીનસીંઘ લખે છે કે વાતચીતમાં અસંખ્ય મુસ્લિમ મિત્રોએ અમેરિકાની ૯/૧૧ ની ટ્વીન ટાવરની ઘટના મુસ્લિમ આતંકવાદીઓએ નહોતી કરી પણ કોઇ અંદરના- ઇઝરાયેલની મોસાદે - કરાવેલ હોવી જોઇએ કેમ કે તે દિવસે મોટાભાગના યહુદી -જયુ કર્મચારીઓ નોકરીએ નહોતા ગયા. તવલીનસીંઘની વાત સાચી છે. અમેરિકા માંગી જ રહેલું, તેના ધંધા જ એવા છે તેવા પ્રતિભાવો તો હિંદુ મધ્યમ વર્ગમાંથી પણ મોટાપાયે ઊઠેલા. તવલીનસીંઘ આગળ લખે છે, આતંકવાદી ઘટનાઓ વિષે તેમને ઘણા મુસ્લિમોના અભિપ્રાય મળેલ છે કે આ ઘટનાઓ, આતંકવાદી પ્રવૃત્તિઓના મૂળમાં ભારતીય રાજ્ય તરફથી મુસ્લિમ સમુદાયને થતો અન્યાય કારણભૂત છે, પોલીસ વહીવટીતંત્ર કાર્યવાહીમાં વેરોઆંતરો કરે છે અને તે કારણે થતા અન્યાય સામે આક્રોશરૂપે આ પ્રવૃત્તિઓ ચાલે છે. આ વાત સાચી માની લઇએ તો પણ આ વાત , આ બચાવ કે આ હકીકત સમજી લીધા માત્રાથી કોઇ રાહત કે મદદ મળતી દેખાતી નથી કે કોઇ દિશા કે કાર્યયોજના ઊભી થતી નથી. સુધીન્દ્ર કુલકર્ણી લખે છે કે કેટલાક સુશિક્ષિત અને વાચાળ મુસ્લિમો તો એ બાબત સ્વીકારવા જ તૈયાર નથી કે આ ઘટનાઓ પાછળ સીમી કે ઇન્ડિયન મુજાહિદ્દીનો કારણભૂત છે. તે તો મુસ્લિમ સમાજને બદનામ કરવાની ફક્ત ચાલ માત્ર છે. સુધીન્દ્ર કુલકર્ણી લખે છે કે આવી વાતો હકીકતનો નકાર છે. મારા મતે, હકીકતોનો માત્ર નકાર નથી પણ જોખમી આત્મઘાતી નકાર છે. મેઘનાદ દેસાઇ સરકાર અને રાજકીય પક્ષોને ઉદ્દેશીને લખે છે કે, પણ તે વાત મુસ્લિમોને અને ખાસ કરીને સમાજને કોઇ રસ્તો બતાવી શકે તેવા શિક્ષિત મુસ્લિમ માટે એટલી જ સાચી છે કે,' પ્રથમ પગલું તો એ છે કે આપણે સ્વીકારીએ કે ...બધાં જ મુસ્લિમો આતંકવાદી નથી તે વાત સાચી પણ કેટલાંક તો છે જ અને તેમની સાથે ગુનેગાર તરીકેની જ કાર્યવાહી કરવી પડે.'

કેવી સ્થિતિ સર્જાઇ છે તે કહેવું લખવું કપરું છે. પણ એક નક્કર હકીકત એ છે કે મુસ્લિમ અવાજ છે જ ક્યાં ? અને જે છે તે પણ તવલીનસીંઘ કે સુધીન્દ્ર કુલકર્ણી લખે છે તેમ સાવ જ બેપરવાહ કે ક્ષણિક આવેગ આક્રોશમય! આ અવાજ આ પ્રતિક્રિયાઓ કોઇ રીતે આમ મુસ્લિમ અવાજ ના ગણી શકાય પણ તે જ થતું આવેલ છે અને તે જ થયા કરશે. જામા મસ્જિદના ઈમામનો ફાલતુ આક્રોશ કે 'સબ લાલ હો જાયેગા' કે પછી ૨૦૦૨ની વિધાનસભા ચૂંટણીઓમાં લખનૌના કોઇ આલીયામાલીયા

મૌલવીનો ફતવો કે ગુજરાતના મુસ્લિમોએ કોંગ્રેસને જ મત આપવો તેવા અવાજો જ મુસ્લિમ અવાજ ગણાઇ જાય છે. આમ મુસ્લિમ સમુદાયનો એંસી ટકા વર્ગ તો કેળાં- કટલરીની લારીઓ હાંકતા કે પંચર રીપેરીંગ કરી દહાડિયું કમાતાનો છે. જો કે જે વખતે દાવાનળ સર્જાય છે તે વખતે તો કલામ સાહેબ સપડાઇ જાય તો તેમને પણ રહેંશી નંખાય તેવો હોય છે પણ ફરી મૂળ વાત પર આવીએ કે મુસ્લિમ અવાજ છે જ ક્યાં ? અને આ અવાજની ગેરહાજરીમાં સામાન્ય હિન્દુ એમ જ કહેવાનો કે આટલું બધું થાય છે પણ કોઇ મુસ્લિમ વખોડે છે? બિચારો કેળાની લારીએ બેસેલો મુસ્લિમ બકરી-ગાયથી કેળાં બચાવે કે વખોડવા નીકળે! પણ જે રીતનો જુગાર મંડાયો છે તેમાં આમ મુસ્લિમે કંઇ કર્યે જ છૂટકો. થોડા સમય પહેલાં અમદાવાદથી મિત્રે ફોન કરેલો, ખાસ માહિતી આપવા જ કે મુસ્લિમોએ આતંકવાદની સામે રેલી કાઢી, તેમનું પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યું અને અમદાવાદ બ્લાસ્ટના ગુનેગારો સામે પગલાં ભરવાની માંગણી કરી. આ ખબર આવેદન સ્વીકારતા મુખ્યમંત્રીના ફોટા સાથે છાપાંમાં છપાઇ. આ મિત્ર કે જેઓ હિંદુ છે (પણ કટ્ટરવાદી હિંદુત્વ કે ભાજપાથી સેંકડો જોજન દૂર છે.), તેમની વાતમાં એકદમ સ્વયંસ્ફુત ઉમળકો હતો. ના કોઇ શબ્દોની ગોઠવણી કે ના કોઇ આડીયોલોજીની છાંટ. તેમની લાગણી અને મત એક સામાન્ય જનઅવાજ હતો. ખૂબ ખુશ હતા કે આવું વધારે થાય અને વધારે સારી રીતે છાપાંઓમાં છપાય તો સારું અને કહ્યું પણ ખરું કે આપણે તો સમજીએ જ છીએ કે આવું કરવાની જરૂર જ ના હોય. પણ મુસ્લિમ તરીકે દેખાડા કરવા પડે તો દેખાડા પણ તે કરવા જરૂરી છે. આનાથી કોઇ ફાયદો થાય કે નહીં તે ખબર નથી પણ કરવું જ પડે!.

આજની સંકુલ સ્થિતિ કે જેમાં કોઇ રસ્તો દેખાતો નથી અને ભવિષ્ય ભૂતાવળ ભાખે છે તેવા સંજોગોમાં કંઇ ફાયદો થાય કે ના થાય પણ મુસ્લિમ સમાજે કંઇ દેખાડતા રહેવું પડે તે તાકીદ છે. આ મત સાથે સામાન્ય સંજોગોમાં કદાચ સંમત ના હોઇએ કે મુસ્લિમો ભારતીય છે અને સાબિતીઓ શેની આપ્યા કરવાની? પણ વાદવિવાદમાં પડવાની સ્થિતિ લક્ઝરી છે ખરી?. સમાજના સમીકરણે આતંકવાદી અને મુસ્લિમ એ બે વચ્ચે માંડ પાંચ સાત શબ્દોનું છેટું છે. એક આમ મુસ્લિમ તરીકે વિચારું તો આ સાચે જ માનહાનિ છે પણ બીજી બાજુ એક મુસ્લિમના મિત્ર તરીકે વિચારું છું તો દેખાય છે કે આવું કરીએ, કરતાં રહીએ અને આ રીતે કદાચ આજે નહી તો લાંબા ગાળે પણ આમ હિન્દુના મનમાં ઘેરાતા પૂર્વાગ્રહને છેદી શકાય અને તેમ કરતાં સાચી લાગણી જન્માવી શકાય. મોટામાં મોટી વિડંબના તો એ છે કે આતંકવાદી જાળ ભારે સંગઠિત છે, તેના ધ્યેયો-ઉદ્દેશો એકદમ સ્પષ્ટ છે અને તે માટે મરી ફીટવાની ફના થઇ જવાની તૈયારી સાથે તે બેસેલો છે. યારે બીજી બાજુ તેની પ્રવૃત્તિથી જેને શોષવાનું આવશે, જેને સહન કરવાનું આવશે તે આમ મુસ્લિમ તો સાવ જ અસંગઠિત છે. તેનો કોઇ જ અવાજ નથી. તેને ખબર પણ નથી કે મારે કશું કરવાનું છે અને કરવાનું હોય તો શું? પણ મને થાય છે તે ભિતી, મારા કરતાં અનેકગણી તે અનુભવતો હશે. માનવધર્મ સિવાય, કોઇ એક ધર્મવાળા ભેગાં થાવ તે સ્વપ્ને પણ વિચારી કહી ના શકું. પણ આજની સ્થિતિ જોતાં ચોક્કસ જ કહેવું પડે કે તાકીદે મુસ્લિમો સંગઠિત થાય અને કોઇ ને કોઇ સકારાત્મક કાર્યક્રમ ઘડે. અહી ચોખવટ કરવી જ પડે કે કેળાં વેચતો કે પંચર કરતો મુસ્લિમ કે અન્ય કામધંધામાં વ્યસ્ત, કંઇ જ નકારાત્મક કરતો નથી તથા મુસ્લિમો સંગઠિત થાય તેમ કહેવા પાછળનો એક ને માત્ર એક આશય છે કે ભેગાં થઇને આમ હિન્દુ અને આમ મુસ્લિમ વચ્ચે વધતી જતી ખાઇ પૂરવા કોઇ ને કોઇ સકારાત્મક એજન્ડા ઘડે. આ પક્ષના કે પેલા પક્ષના રાજકારણીઓ, બન્ને ધર્મના કટ્ટરવાદીઓ કોઇ રીતે આમ મુસ્લિમ અને આમ હિન્દુને સંપીને રહેતાં જોઇ શકે તેમ નથી. આ અને આવાં કારણો માત્રાથી જ મુસ્લિમોએ આ પહેલ કરવી જરૂરી છે. આતંકવાદી મુસ્લિમ અને આમ મુસ્લિમ વચ્ચેનો ભેદ, તેમના તરફની અપ્રીતી જાહેર માની શકાય તે રીતે બહાર કાઢતા રહેવાની, મુસ્લિમ આતંકવાદે તાકીદ ઊભી કરી છે. જે રીતે આતંકવાદની વાતો બહાર આવે છે અને જે રીતે છાપાં મીડિયા તેને દોહરાવે છે અને છેવટે હિંદુ કટ્ટરવાદીઓ યારે તેનો ઝેરીલો ઉપયોગ કરશે, તે બધું જોતાં આમ મુસ્લિમ, આતંકવાદી મુસ્લિમ સાથે તે નથી તે ભેદ નિર્ણાયક રીતે બહાર લાવવો પડશે. આ માટે આતંકવાદી ઘટનાઓ સામે આવેદનપત્રો આપવા કે સામૂહિક રીતે વખોડવી કે અમારા લત્તા મહોલ્લામાં કોઇ આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ નથી તે જાહેરાત કરવી, સામે ચાલીને ફળિયા-લત્તાની પોલીસ ચકાસણી માંગવી જેવા અનેક કાર્યક્રમો સભાનપણે વિચારવા પડે. અત્યારે તો તેનાથી ઊંધી સ્થિતિ ઊભી થાય છે. રેડ પાડવા કે ગુનેગારને પકડવા ગયેલ પોલીસ પર જે તે વિસ્તારના રહીશોનો સામૂહિક હલ્લો વગેરે ઘટનાઓ અવારનવાર છાપે ચઢે છે અને તે મુસ્લિમ સમાજ એટલે ભારે આક્રમક, ભારે જબરો, ભારે ઝનૂની એ આમ સમજને ઘટ્ટ કરતો જાય છે. આ બનાવો પાછળની લાગણીઓ પણ સમજી શકાય તેવી છે કેમ કે ફળિયાના જુવાનિયા રહીશોને પોલીસ લઇ જાય અને બીજા દિવસે તેમના એન્કાઉન્ટરના ખબર છાપાંમાં નહી જોવા મળે તેની શી ખાતરી ? આમ, દેશના અને ખાસ કરીને ગુજરાત જેવાં સ્થળોના મુસ્લિમોની હાલત આગળ આગ અને પાછળ ખાઇ જેવી છે.

આવી કે આનાથી પણ બદત્તર હાલતમાંથી રસ્તાઓ કાઢવાની કસોટી છે. તેથી આડાઅવળા તર્કો-વિતર્કો તો ટાળવા જ પડે એટલું જ નહી, ક્લાસીકલ અર્થમાં જે માનવઅધિકાર કે બંધારણીય હક્કો કહેવાય તેવી ભાવનાઓને પણ ક્યાંક સમાધાને થતી જોવી પડે. જે બાબતો હિંદુ કટ્ટરવાદીઓ એળેબેળે

કબુલાવવા માંગતા હતા અને જેનો જાનના ભોગે પણ વિરોધ જ કરાય તે જ બાબતો મુસ્લિમ આતંકવાદીઓથી અલગ તરી આવવાના સર્વાંગી ઉપાયોના ભાગરૂપે વિચારવી પડે તો તેમાં કંઇ વાંધાજનક દેખાતું નથી. તે જ રીતે, મુસ્લિમ આતંકવાદથી પ્રમુખપણે અલગ પડી જવા અમુક ધાર્મિક આયામો પ્રતીકો છોડવા સ્વીકારવાની બાંધછોડ કરવી પડે, તો કરવી પડે.

દરેક સમાજ, દરેક સભ્યતા તેની સામે આવી પડેલ આપદાઓ-મુશ્કેલીઓની સામે માર્ગ કાઢતી રહેતી હોય છે અને જો કોઇ શકવર્તી ક્રાંતદર્શી નેતૃત્વ મળી જાય તો આવી પડેલ આપદાઓને પણ ફાયદામાં ફેરવી કાઢે છે. મુસ્લિમ ધર્મના ઇતિહાસથી હું ખાસ વાકેફ નથી અને જો ભૂલ થતી હોય તો અત્યારથી માફી માગું પણ મારી ધારણા છે કે જે વિપરીત સ્થિતિઓમાં હઝરત સાહેબે મુસ્લિમ ધર્મનું સર્જન કર્યું તે પછી અને ખાસ કરીને નજીકના ભૂતકાળમાં ભાગ્યે જ કોઇ એવા સંજોગો ઊભા થયા અને એવા કોઇ મસીહા અવતર્યા કે જે મુસ્લિમ ધર્મ સમુદાયને એવું નેતૃત્વ આપી આફતને અવસરમાં ફેરવવાનો માર્ગ બતાવી આપે. જે થયું તે મારી સમજ મુજબ તો માત્ર વળતા પ્રત્યાઘાતો. ભારતના મુસ્લિમોના ભાગે પણ આવું જ કંઇ થયું. ભાગલા પછી મુસ્લિમોનું પોતાનું કોઇ નેતૃત્વ હતું નહી અને જે કંઇ પણ હતું તે ખલાસ થઇ ગયું. જાણતાં-અજાણતાં મુસ્લિમ હિત જાણે કે શાસન-માત્રાની જવાબદારી-કોન્ટ્રાકટ બની ગયાં. અહી તેની વિગતે ચર્ચા કરવાનો આશય નથી પણ ચોખવટ કરવી રહી કે તે તદ્દન અસ્થાને અને બિનજરૂરી પણ ન હતું. પણ તેનું એક પરિણામ એ આવ્યું કે સમુદાયોની પરસ્પર આપલે ખેંચતાણમાંથી સર્જાતું તુલનાત્મક સમતુલન competitive equvilibrium છેટે ને છેટે જતું ગયું. અને બદલાતી પરિસ્થતિ, બદલાતાં પરિમાણોની પ્રતિક્રિયાએ ઊભા થવા પાત્ર ગતિશીલ સમતુલનો શક્ય જ ન બન્યાં અને જે ગયું તે ગયું, નવું કંઇ ઊભું ના થયું. કોમી સંવાદિતામાં ક્રમશઃ આભાસીપણું વધારે અને વાસ્તવિકતા ઓછી થતી ગઇ. બીજી બાજુ, મુસ્લિમ સમાજ પોતાની સામાજિક આર્થિક અવદશાના સવાલે પણ સરકાર તરફ મીટ માંડી બેસી રહ્યો અને પોતાના કહી શકાય તેવા રચનાત્મક અભિક્રમ નહીવત્ માત્રામાં, અમુક સ્થળ સંજોગો પૂરતા અને તે પણ મદ્રેસા-કેન્દ્રિત વિકસ્યા.

આજની આ ખરાબ પરિસ્થિતિમાં, આ બાબતોને સાંકળતું મનોમંથન થાય અને કોઇ પગલાં આધારિત કાર્યક્રમ ઊભો કરી ગામેગામના આમ મુસ્લિમને તેમાં ભાગીદાર કરવાની જરૂર છે. દૂર ઊંડાણનાં ગામોમાં અહીં તહીં ઠરીઠામ થયેલા સમુદાયો પોતાની રીતે પરિસ્થિતિજન્ય વલણો-અભિગમો વિકસાવી ટકી રહ્યાં છે પણ બૃહદ્ ભારતીય મુસ્લિમ સમાજ આકાર લે અને કોઇ દિશા-નિર્દેશ કરે તે આજની ઘડીની માંગ છે.

(આ નાજુક પ્રશ્ને ચર્ચા આગળ વધે એ ઉદ્દેશથી જ આ વ્યક્તિગત મનોવ્યથા અહીં રજૂ કરી છે, એને છેવટના વિચાર તરીકે નહીં માની લેવા આગ્રહભરી વિનંતી છે. - લે.) ■


**'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે**

**ડો દક્ષાબેન /રશ્મિભાઈ** : આર્ચ દવાખાનું, નગરિયા, ધરમપુર. ફોનઃ ૦૨૬૩૩-૨૯૩૨૩૨.

**શ્રી રાહુલ દવે** : ૫૮, સહજધામ રો હાઉસ, હની પાર્ક રોડ, અડાજણ, સુરત. ફોન ૯૮૨૫૧૩૨૬૧૫.

**બરોડા બુક કોર્પોરેશન** : ૨૦ સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬.

**ડો. મહેન્દ્ર ચોટલિયા** : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯.

**શ્રી પ્રશાંત ચાવડા** : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨.

**ડૉ. મહેબુબ દેસાઈ** : સુકૂન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર. ફોન (૦૨૭૮) ૨૪૩૯૨૨૬

**સૌરભ પુસ્તક ભંડાર** : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦.

**નવકાર મેગેઝિન એજન્સી** : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭.

**પીયૂષ મેગેઝિન વર્લ્ડ** : એફ-૮, પ્રથમ માળ, મુલ્કી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની પાસે, મહેસાણા ફોન (૦૨૭૬૨) ૨૨૦૩૫૦.


*I have often said that from the amoeba to Einstein there is only one step. Both work with the method of trial and error. The amoeba must hate error, for it dies when it errs. But Einstein knows that we can learn only from our mistakes, and he spares no effort to make new trials in order to detect new errors, and to eliminate them from our theories. The step that the amoeba cannot take, but Einstein can, is to achieve a critical, a self-critical attitude, a critical approach. It is the greatest of the virtues that the invention of the human language puts within our grasp. I believe that it will make peace possible.*

*Karl Popper (1990)*

*But I shall let the little I have learnt go forth into the day in order that someone better than I may guess the truth, and in his work may prove and rebuke my error. At this I shall rejoice that I was yet the means whereby this truth has come to light.*

*Albrecht Durer, quoted by Karl Popper*

RNI No. GUJMUL/2007/21517



Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj July-October 2008 Volume 2 Issue 4-5
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara